દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 31 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 February 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૬ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કૉંગ્રેસ ક્યારેય મારી કબર ખોદી નહીં શકે: મોદી

## રાજ્યસભામાં વિપક્ષો અને રાહુલ ગાંધીને બરાબરના ઝાટક્યા વડા પ્રધાને

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના સંયુક્ત સત્રને રાષ્ટ્રપ્રમુખે કરેલા સંબોધન બદલ તેમનો રાજ્યસભામાં આભાર માનતા ગુરુવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસ ક્યારેય મારી કબર ખોદી નહિ શકે. વિપક્ષ તાજેતરની ચૂંટણીમાંનો પોતાનો પરાજય પચાવી નથી શક્યો. વિપક્ષે મારી વિરુદ્ધ દ્વેષભાવ ફેલાવવા બહુ પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં તેઓને નિષ્ફળતા જ મળી છે. કૉંગ્રેસ સહિતના વિપક્ષે રાષ્ટ્રપ્રમુખનું અને રાહુલ ગાંધીએ આખી શીખ કોમનું અપમાન કર્યું છે. દુનિયા નવી વૈશ્વિક વ્યવસ્થાની દિશામાં આગળ વધી રહી છે. ભારતે યુરોપિયન યુનિયન (ઇયુ) અને અમેરિકા સાથે કરેલા વેપાર-કરારને લીધે વિશ્વમાં સ્થિરતા માટે વિશ્વાસ આવ્યો છે. તૃણમૂલ કૉંગ્રેસ ‘ઘૂસણખોરો’ને રક્ષણ પૂરું પાડે છે.

મોદીએ જણાવ્યું હતું કે લોકસભાની કાર્યવાહીમાં વિપક્ષના સાંસદોએ રાષ્ટ્રપ્રમુખનો આભાર માનતી દરખાસ્ત પરની ચર્ચા વખતે શોરબકોર કરીને દેશનાં ગરીબ આદિવાસી

(જુઓ પાનું ૨) ▸▸



### શું બોલ્યા પીએમ?

- ▸ વિપક્ષે રાષ્ટ્રપ્રમુખનું અને રાહુલે આખી શીખ કોમનું અપમાન કર્યું છે
- ▸ દુનિયા નવી વૈશ્વિક વ્યવસ્થાની દિશામાં આગળ વધી રહી છે
- ▸ ભારતના ઇયુ, અમેરિકા સાથેના વેપાર કરારથી વિશ્વમાં સ્થિરતાનો વિશ્વાસ વધ્યો છે
- ▸ તૃણમૂલ કૉંગ્રેસ ઘૂસણખોરોને રક્ષણ પૂરું પાડે છે

## ચાઈનિઝ માંજાથી થનાર મોતને હત્યા ગણાશે: યોગી આદિત્યનાથ

લખનઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે ચાઇનિઝ માંજાથી થતા મૃત્યુને હત્યાની શ્રેણીમાં ગણવાનો અને દોષિતો સામે શક્ય તેટલી કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.બુધવારે લખનઊના બજારખાલા વિસ્તારમાં પતંગની દોરીથી ગળું કપાતા મોટરસાઇકલ સવાર બિહારના રહેવાસી ૩૪ વર્ષીય સૈયદ શોએબનું મૃત્યુ થયા બાદ અને રાજ્યની રાજધાનીમાં સમાન ઘટનાઓમાં તીવ્ર વધારો થયા બાદ આ નિર્દેશ આપવામાં આવ્યો છે.એક્સ પરની એક પોસ્ટમાં, મુખ્ય પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે આદિત્યનાથે ચાઇનિઝ માંજા સાથે સંકળાયેલા મૃત્યુની ગંભીર નોંધ લીધી છે.

## ‘રોજ બે કિલો ગાળ ખાઉં છું’

નવી દિલ્હી: વિપક્ષના વૉકઆઉટ અને સૂત્રોચ્ચાર વચ્ચે રાજ્યસભામાં બોલતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વિનોદવૃત્તિ સાથે આકરી રાજકીય ટીકા કરી પોતાનાં આરોગ્યનું રહસ્ય ખોલતાં કહ્યું હતું કે હું દરરોજ બે કિલો ગાળ ખાઉં છું .

કૉંગ્રેસ પર દાયકાઓના ગેરવહીવટનો આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે છેલ્લાં એક દાયકા દરમિયાન એનડીએનો મોટાભાગનો સમય ભૂતકાળમાં કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ભૂલોને સુધારવામાં જ ગયો હતો.

તેમણે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ ઘૂસણખોરોનું રક્ષણ કરે છે અને કહ્યું હતું કે કૉંગ્રેસ માને છે કે વડા પ્રધાનનો હોદ્દો ‘શાહી પરિવાર’નો જ છે.

કૉંગ્રેસે દેશના નાગરિકોને હંમેશા સમસ્યા જ સમજ્યા છે. એકવાર ઈંદિરા ગાંધી ઈરાન ગયા હતાં અને ત્યાં તેમણે પિતા નહેરુ સાથેનો સંવાદ ટાંક્યો હતો. જ્યારે કોઈએ નહેરુજીને પ્રશ્ન કર્યો હતો કે તમને કેટલી સમસ્યા છે ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે ૩૫ કરોડ. એ સમયે દેશની વસતિ ૩૫ કરોડ હતી.■



પ્રયાગરાજમાં ગુરુવારે ગંગા નદીના તટ પર કતારબંધ બેઠેલું મૈનાનું ટોળું. (એજન્સી)

## ‘યુવરાજનો અહંકાર ચરમસીમા પર’

નવી દિલ્હી: ચર્ચા દરમિયાન કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને કૉંગ્રેસના ‘યુવરાજ’ તરીકે ઉલ્લેખ કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગઈ કાલે શું થયું- ચાલાક મગજ ધરાવતા કૉંગ્રેસના યુવરાજે ગૃહના એક સાંસદને ગદ્દાર લેખાવ્યા હતા.

રાહુલ ગાંધીનો અહંકાર ચરમસીમા પર છે. કૉંગ્રેસ છોડી જનાર અન્ય કોઈને પણ રાહુલે ગદ્દાર નથી કહ્યા, પરંતુ સાંસદને તેમણે ગદ્દાર કહ્યા હતા કેમ કે તે શીખ છે. આ શીખ લોકોનું અને શીખ ગુરુઓનું અપમાન છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આ બાબત કૉંગ્રેસમાં રહેલી શીખો પરત્વેની ધિક્કારની લાગણી વ્યક્ત કરે છે. સાંસદ એ પરિવારના સભ્ય છે જેમણે દેશ માટે બલિદાન આપ્યું છે. માત્ર તેમણે રાજકીય વિચારધારા બદલી હોવાને કારણે જ તે ગદ્દાર બની ગયા? આ નાનો શબ્દ નથી. દેશના એક નાગરિકને ગદ્દાર કહેવો એ નાગરિકો કઈ રીતે સહન કરી શકે? આ ખરેખર કમનસીબ બાબત છે. આવા લોકો જ કૉંગ્રેસને ડૂબાડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## અમદાવાદના આસારામ આશ્રમની ₹૫૦૦ કરોડની જમીન પાછી લેવાની હાઇ કોર્ટની હા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા વિવાદાસ્પદ આસારામ આશ્રમ સામે કડક વલણ અપનાવી એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કોર્ટે રાજ્ય સરકારને આશ્રમ હસ્તકની અંદાજે ૪૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીનનો કબજો પરત લેવાની મંજૂરી આપી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નજીક આવેલી આ કિંમતી જમીનની બજાર કિંમત

(જુઓ પાનું ૨) ▸▸

## ચાંદીમાં ૨૮,૧૨૩ રૂપિયાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ગઈકાલે તમામ કૉમૉડિટીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, જેમાં સોના અને ચાંદી સહિતની અન્ય કિંમતી ધાતુઓ પણ બાકાત નહોતી. ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ત્રણ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૧૭ ટકાનો ઘટાડો આવ્યા બાદ આજે લંડન ખાતે સોનાના ભાવમાં વધુ ૨.૨૬ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧૧.૨૫ ટકાનો ઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ ૨૮,૧૨૩ રૂપિયાનો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૪૧૦૭ રૂપિયાથી ૪૧૨૩ રૂપિયા ઘટી

(જુઓ પાનું ૨) ▸▸

## કૉંગ્રેસી સાંસદો મોદી સામે ‘અણધાર્યું કરતૂત’ કરવાના હતા: સ્પીકર બિરલા

### ▸ મેં જ પીએમને લોકસભામાં નહીં આવવાનું કહ્યું હતું એવો સ્પીકરનો ઘટસ્ફોટ ▸ લોકસભામાં વડા પ્રધાનના સંબોધન વિના રાષ્ટ્રપ્રમુખનો આભાર માનતી દરખાસ્ત પસાર

નવી દિલ્હી: લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગુરુવારે જણાવ્યું હતું કે મારી પાસે પાકી માહિતી હતી કે કૉંગ્રેસના સાંસદો લોકસભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બેઠકને ઘેરીને ‘અણધાર્યું કૃત્ય’ કરવાના હતા અને તેથી મેં જ તેમને ગૃહમાં વક્તવ્ય આપવા નહિ આવવાની સલાહ આપી હતી. દરમિયાન, લોકસભામાં રાષ્ટ્રપ્રમુખનો સંસદના સંયુક્ત સત્રને સંબોધવા બદલ આભાર માનતી દરખાસ્ત મોદીના પ્રવચન વિના જ પસાર કરાઇ હતી.

કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વડ્રાએ આક્ષેપ કર્યો હતો કે મોદી સ્પીકરની ‘પાછળ

(જુઓ પાનું ૨) ▸▸

## ઝારખંડમાં હાથીના ઝૂંડે ત્રણ જણને મોતને ઘાટ ઉતાર્યા

બોકારો: ઝારખંડના બોકારોમાં પાંચ હાથીના ઝૂંડે એક જ પરિવારના ત્રણ વયસ્ક સભ્યને મોતને ઘાટ ઉતાર્યા હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું. મૃતકોને ગંગા કરમાલી (૬૫), તેની પત્ની કામલી દેવી (૬૨) અને ભાગ્યદેવી (૬૫) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. માહુઆતાન્ડ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવતા બારકીપુન્નુ ગામમાં વહેલી સવારે ત્રણ વાગે આ ઘટના બની હોવાનું તેમણે કહ્યું હતું.

હાથીના ઝૂંડે તેમના ઘર પર હુમલો કરી તેનાં અમુક હિસ્સાને નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે આ ત્રણે જણે ત્યાંથી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો ત્યારે હાથીઓએ તેમને તેમના ઘરની સામે જ મોતને ઘાટ ઉતારી દીધા હતા, એમ બોકારોના વિભાગીય જંગલ અધિકારી સંદીપ શિંદેએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

## હવે છ આરબ દેશ સાથે મુક્ત વેપાર કરાર કરશે ભારત

નવી દિલ્હી: ભારતે પહેલા યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા અને પછી અમેરિકા સાથે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપ્યું. હવે વધુ એક સારા સમાચાર મળી રહ્યા છે. ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના છ આરબ સભ્ય દેશો વેપાર કરારની વાટાઘાટો માટેની શરતો પર સહમત થયા છે. ભવિષ્યમાં ભારત બીજા આર્થિક પાવરહાઉસ સાથે મુક્ત વેપાર કરાર કરે તેવી શક્યતા વધી ગઈ છે.

ભારત અને છ દેશોની ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલએ ગુરુવારે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (એફટીએ) માટે ઔપચારિક રીતે વાટાઘાટો શરૂ કરવા માટે ટર્મ્સ ઓફ રેફરન્સ (ટીઓઆર) પર હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રસ્તાવિક વેપાર કરારની પદ્ધતિઓની રૂપરેખા જણાવવામાં આવી છે. એક રિપોર્ટ અનુસાર, વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે જીસીસી બ્લોક સાથે ટીઓઆર પર હસ્તાક્ષર સમારોહની અધ્યક્ષતા કરી હતી. જીસીસીમાં સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત, ઓમાન અને બાહરિનનો સમાવેશ થાય છે. ■



વિરોધ પ્રદર્શન: અમૃતસરમાં ગુરુવારે તેમની વિવિધ માગણીઓને લઈ કરેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સૂત્રોચ્ચાર કરી રહેલા ખેડૂતો. (એજન્સી)

## ચાર-પાંચ દિવસમાં ભારત, અમેરિકા ટ્રેડ ડીલ ફાઇનલ થશે

### કાનૂની કરાર પર સહીસિક્કા માર્ચના મધ્યમાં થવાની શક્યતા

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા અંગેનું સંયુક્ત નિવેદન ચારથી પાંચ દિવસમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને તેના પર હસ્તાક્ષર કરવામાં આવે તેવી સંભાવના છે. સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કર્યા પછી અમેરિકા ભારત પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવાનો એક્ઝિક્યુટિવ ઓર્ડર જાહેર કરશે. ભારતીય માલસામાન પર હાલમાં ૨૫ ટકા કાઉન્ટર ચાર્જ અને રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી પર વધારાની પચીસ ટકા ડ્યૂટી લાગે છે. કરારના પ્રથમ તબક્કા માટે કાનૂની કરાર માર્ચના મધ્ય સુધીમાં હસ્તાક્ષર કરવામાં આવી શકે છે. ■

## ભારતને અમારાથી સારી અમેરિકી ટ્રેડ ડીલ શું કામ?: પાકિસ્તાન ભડક્યું

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં જ થયેલા વધુ સારા વેપારી કરાર અને ઓછા ટૅરિફને કારણે પાકિસ્તાન રોષે ભરાયું છે.

અમેરિકા સાથેના વેપારી કરારમાં પાકિસ્તાને પીછેહઠ કરવી પડી હોવાનો અનુભવ કરી રહ્યું છે.

ભારતની અમેરિકા નિકાસ થતી વસ્તુઓ પરનો ટૅરિફ ૧૮ ટકા કરી નાખવામાં આવ્યો છે જ્યારે તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાનના લશ્કરી વડા આસિમ મુનિરે વ્હાઈટ હાઉસમાં ડિનર લઈને તેમ જ નોબેલ શાંતિ પારિતોષિક માટે ડૉનલ્ડ ટ્રમ્પનું નામાંકન કરી અમેરિકા સાથે ઉષ્માભર્યા સંબંધો જાળવી રાખ્યા હોવા છતાં તેણે ૧૯ ટકા ટૅરિફ ચુકવવો પડી રહ્યો છે.

## ટ્રેનની આરએસી ટિકિટવાળાને થોડું રિફંડ આપો: સંસદીય સમિતિ

નવી દિલ્હી: એક સંસદીય સમિતિએ જણાવ્યું હતું કે ટ્રેનની રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન (આરએસી) ટિકિટવાળાએ પૂરી બર્થ વિના પ્રવાસ કરવો પડે છે અને તેથી તેઓને થોડું રિફંડ આપવું જોઇએ. આ ઉપરાંત, સુપરફાસ્ટ ટ્રેનની સરેરાશ ઝડપ કલાક દીઠ ૫૫ કિલોમીટરથી લગભગ બમણી એટલે કે એકંદર ૧૦૦ કિલોમીટર કરવી જોઇએ તેમ જ તેનાથી ઓછી ઝડપી ટ્રેનોને સુપરફાસ્ટના વર્ગમાંથી કાઢી નાખવી જોઇએ.

જાહેર હિસાબ સમિતિએ ‘ભારતીય રેલવેના ટ્રેન વ્યવહારમાં ચોક્કસતા અને પ્રવાસનો સમય’ મથાળા હેઠળના સંસદમાં રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે ટ્રેનનો આખરી ચાર્ટ તૈયાર થઇ જાય તે પછી પણ આરએસી રહેલી ટિકિટના ધારકે આખી બર્થ વિના પોતાનો પ્રવાસ પૂરો કરવો પડે છે. તેથી રેલવેએ આરએસી ટિકિટવાળાને થોડું રિફંડ આપવા માટેની ગોઠવણ કરવી જ જોઇએ. રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન (આરએસી) ટિકિટવાળાને હાલમાં જો પોતાની ટ્રેનનો ચાર્ટ તૈયાર થયા બાદ ટિકિટ પૂરા રિઝર્વેશન સાથે કન્ફર્મ ન થાય અને આખી સીટ ન મળે તો પોતાની બર્થ અન્ય આરએસી ટિકિટધારકની સાથે શૅર કરવી પડે છે. આ બન્ને આરએસી ટિકિટધારક પાસેથી રેલવે પૂરું ભાડું જ

(જુઓ પાનું ૨) ▸▸



અટકાયત: પશ્ચિમ બંગાળના માન્યતા પ્રાપ્ત મદરેસા ટિચર્સ અસોસિયેસનના સભ્યો ગુરુવારે કોલકાતામાં પશ્ચિમ બંગાળ સચિવાલય ‘નબાના’ તરફ કૂચ કરી ગયા તે દરમિયાન પ્રદર્શનકર્તાઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. (એજન્સી)

## છેતરપિંડી અને જાતીય સતામણી: અમેરિકામાં પટેલની ધરપકડ કરાઈ

વોશિંગ્ટન: અમેરિકામાં માનવ તસ્કરી, બળાત્કાર અને છેતરપિંડીના આરોપસર ગુજરાતના પાટીદાર યુવકની ધરપકડ કરવામાં આવી હતી. કેન્ટકી સ્ટેટમાં બે મહિલાઓની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

કેન્ટુકીના પડુકાહ પોલીસના જણાવ્યા અનુસાર, વ્યવસાયે ટ્રાવેલ એજન્ટ વિકાસ પટેલની સોમવારે બપોરે ધરપકડ કરવામાં આવી હતી અને તેને મેકક્રેકન કાઉન્ટી જેલમાં મોકલી દેવાયો હતો. આ ધરપકડ ડિસેમ્બર, ૨૦૨૫માં શરૂ થયેલી એક તપાસ બાદ કરવામાં આવી હતી. એક મહિલાએ પટેલ સાથે તેની નોકરી અને રહેવાની વ્યવસ્થા અંગે પોલીસમાં ફરિયાદ કર્યા બાદ આ કાર્યવાહી થઈ હતી.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું કે તે અગાઉ પટેલને ત્યાં કામ કરતી હતી અને નોકરી દરમિયાન તેની પાસેથી અપાર્ટમેન્ટ ભાડે લેવા માટે કરાર કર્યો હતો. અપાર્ટમેન્ટમાં રહેવા ગયા પછી, પટેલે કથિત રીતે તેનો આખો પગાર રોકવાનું શરૂ કર્યું હતું, જે તેમના ભાડાં કરારનો ભાગ નહોતો. મહિલાનો પગાર પટેલના બેંક ખાતામાં જમા કરવામાં આવતો હતો.

મહિલાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે નોકરી દરમિયાન પટેલે વારંવાર તેની મરજી વિરુદ્ધ જાતીય માગણીઓ કરી હતી અને તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. આ આરોપોના આધારે ડિટેક્ટિવ્સે તપાસનો વ્યાપ વધાર્યો હતો, જેના કારણે બીજી એક મહિલા પણ વધારાની માહિતી સાથે સામે આવી હતી.

બીજી ફરિયાદકર્તાએ પોલીસને જણાવ્યું કે જ્યારે તે સગીર હતી ત્યારે તે પટેલને ત્યાં કામ કરતી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે તે સમયગાળા દરમિયાન પટેલે તેને અન્ય એક પુરુષ સાથે વ્યવસાયિક જાતીય પ્રવૃત્તિમાં ધકેલી હતી.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આસારામ આશ્રમ પર બુલડોઝર, આ ગુજરાત મોડલ પ્રશંસનીય

**એક** ૧૬ વર્ષની હિંદુ દીકરી પર બળાત્કાર બદલ દોષિત ઠરેલા આસારામને વધુ એક મોટો ફટકો પડી ગયો. આસારામનો અસલી ચહેરો બહાર નહોતો આવ્યો ને લોકો તેમને સંત માનતા હતા ત્યારે ગુજરાત સરકારે અમદાવાદ પાસેના મોટેરામાં સાબરમતી નદીના કાંઠે ધાર્મિક ઉપયોગ માટે જમીન આપી હતી. આસારામે ધર્મના નામે શું ધંધા કર્યા એ આખી દુનિયાની નજર સામે છે. આસારામનાં કરતૂતોનો ભાંડો ફૂટ્યો પછી ગુજરાત સરકારે આ જમીન પાછી લેવા માટે નોટિસ ફટકારેલી પણ આસારામ આશ્રમે જમીન પાછી આપવાની ઘસીને ના પાડી દીધેલી ને ગુજરાત હાઈ કોર્ટમાં ગયેલા.

હાઈ કોર્ટે આસારામ આશ્રમની અરજીનો ડૂચો કરીને કચરાટોપલી ભેગો કરી દીધો છે અને મોટેરામાં આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીન પાછી લેવા રાજ્ય સરકારને લીલી ઝંડી આપી દીધી છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે આવેલી આ જમીન અત્યારના બજાર ભાવે ૫૦૦ કરોડ રૂપિયાથી વધારેની છે.

આસારામના ચેલકાઓનો ડોળો સોનાની લગડી જેવી જમીન પર છે તેથી હાઈ કોર્ટના ચુકાદા સામે એ લોકો સુપ્રીમ કોર્ટમાં જાય એવી પૂરી શક્યતા છે પણ ગુજરાત સરકારે પાકુ હોમવર્ક કરીને જમીન પાછી લેવા માટેની કાર્યવાહી કરી છે એ જોતાં આસારામના ચેલકાઓની જમીન પાછી લેવાની મેલી મુરાદ બર આવે એવી શક્યતા નહિવત છે. ગુજરાત સરકારે કરેલી તૈયારી જોતાં આ ઓપન એન્ડ શટ કેસ છે એ જોતાં સુપ્રીમ કોર્ટમાં ચુકાદાને પડકારાય તો પણ ચાર-પાંચ સુનાવણીમાં તો ખેલ ખતમ થઈ જશે ને આસારામ આશ્રમના હાથમાંથી આ જમીન જશે એ લગભગ નક્કી છે.

આસારામ આશ્રમ સૌથી વાંકમાં એ રીતે છે કે, દાયકાઓ પહેલાં આ જમીન માત્ર મર્યાદિત ધાર્મિક ઉપયોગ માટે આપવામાં આવી હતી અને તેના પર કોઈ ગેરકાયદેસર બાંધકામ નહીં કરવાની શરત હતી પણ આ શરતોનું ચૂરણ બનાવીને આસારામ ચાટી ગયેલા. આસારામે આ જમીનનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ પૂરતો મર્યાદિત રાખવાના બદલે જાત જાતના ધંધા શરૂ કરીને નોટો છાપવા માંડી. આસારામ આશ્રમમાં પુસ્તક પ્રકાશનથી માંડીને આયુર્વેદિક દવાઓ બનાવવા સુધીનાં ધંધા ચાલતા હતા. શિક્ષણ સંસ્થાઓ પણ ચલાવાતી ને હોસ્ટેલો પણ બનાવી દેવાઈ હતી.

આસારામનો એ વખતે દબદબો હતો ને શાસકો તેમની આગળપાછળ ફરતા તેનો લાભ લઈને નિયમોની ઐસીતૈસી કરીને આશ્રમમાં થોકબંધ ગેરકાયદેસર બાંધકામો ઊભાં કરી દેવાયાં હતાં. આશ્રમમાં ઝનૂની ચેલકાઓનાં ઝૂંડેઝૂંડ ચોવીસ કલાક હાજર રહેતાં તેથી ગમે તેવા મરદ અધિકારીની પણ અંદર જઈને ગેરકાયદેસર થતાં બાંધકામોને રોકવાની હિંમત જ નહોતી ચાલતી. હિંમત કરીને નોટિસ અપાય તો તેને તો આસારામ બિલકુલ ઘોળીને પી જતા. આસારામે કેવી લુખ્ખાગીરી કરી તેનો પુરાવો એ છે કે, આસારામ આશ્રમમાં ૩૨ ગેરકાયદેસર બાંધકામ તાણી બાંધવામાં આવેલાં છે.

આસારામ જેલભેગા થયા પછી આ બાંધકામો દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ આપી પછી આશ્રમે ઈમ્પેક્ટ ફી ચૂકવવાની તૈયારી બતાવીને બાંધકામોને કાયદેસર કરાવવા અરજી આપી હતી. પંદર દાડા પહેલાં એટલે કે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬એ કોર્પોરેશને આશ્રમની ઇમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી દેતાં તેનો કેસ નબળો પડી જ ગયેલો. રાજ્ય સરકારે લોહા ગરમ હૈ તો માર દો હથોડા કરીને હાઈ કોર્ટમાં રજૂઆત કરીને કેસનો નિકાલ કરાવી દીધો તેમાં આસારામ આશ્રમનો ગરાસ લૂંટાઈ ગયો.

આસારામ આશ્રમ પાસેથી જમીન પાછી લઈને ભાજપ સરકારે ખરેખર સારું કામ કર્યું છે કેમ કે આસારામે ધર્મના નામે ધંધો માંડી દીધેલો. દેશભરની રાજ્ય સરકારોએ આ ગુજરાત મોડલને અનુસરવા જેવું છે કેમ કે ભારતમાં ઠેર ઠેર આ રીતે સસ્તા ભાવની સરકારી જમીનો લઈને ધર્મના નામે ખોલી દેવાયેલી હાટડીઓ ચાલે છે. ધર્મની આડમાં ખોટા ધંધા કરતાં લોકો પાસેથી સરકારી જમીન પાછી લેવી એ સાચો ધર્મ છે. ગુજરાતની ભાજપ સરકારે સાચો ધર્મ બજાવ્યો, હવે બીજી સરકારો પણ એ ધર્મ બજાવે તો સારું છે.

પોતાની જાતને સંત કહેવડાવતા બાબા ને બાવા ધર્મના નામે કેવા ગંદા ધંધા કરે છે તેનાં એક કરતાં વધારે ઉદાહરણો આપણી નજર સામે છે. રામ રહીમ ગુરમીતથી માંડીને રામપાલ સુધીના ઘણા કહેવાતા ધર્મગુરુઓ તો બળાત્કાર, હત્યા સહિતના ગંભીર અપરાધોમાં દોષિત પણ ઠરી ચૂક્યા છે અને લાંબા સમયથી કાયદાકીય રીતે જેલની હવા ખાય છે. નેતાઓની મહેરબાનીથી એ લોકો પેરોલ કે ફર્લો મેળવીને છાસવારે જેલની બહાર વધારે રહે છે એ અલગ વાત છે પણ આપણે ત્યાં આવા બાવાઓની સંખ્યા ઓછી નથી. રામ રહીમ કે રામપાલ તો છીંડે ચડેલા ચોર છે પણ છીંડે નથી ચડ્યા એવા ચોરોની સંખ્યા બહુ વધારે છે.

દરેક રાજ્ય સરકારે પોતાના રાજ્યમાં ધર્મના કાર્ય માટે ઉપયોગમાં લેવાયેલી જમીનોનો ખરેખર શું ઉપયોગ થાય છે તેનો સર્વે કરાવવો જોઈએ. જ્યાં પણ ધર્મની આડમાં જાકુબીના ધંધા ચાલતા હોય એ આશ્રમોમાંથી આ કહેવાતા સંતોના ચેલકા ને ચેલકીઓને તગેડી મૂકીને આશ્રમો ખાલી કરાવી દેવા જોઈએ. આશ્રમમાં કરાયેલાં બાંધકામોને તોડીને સરકાર જમીન હસ્તક લઈને તેનો સદુપયોગ કરવો જોઈએ.

ગુજરાતમાં સરકાર મોટેરા આશ્રમની જમીનનો ઉપયોગ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા કરે એવી શક્યતા છે. અમદાવાદમાં ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. તેના માટેનાં સ્ટેડિયમ આ જમીન પર બનશે. ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાન બનશે એ દરેક ભારતીય માટે ગર્વની વાત છે. આસારામે પચાવી પાડેલી જમીનનો ઉપયોગ ગેમ્સ માટે થાય એ સારી જ વાત છે. કોમનવેલ્થ ગેમ્સ પતે પછી આ સ્ટેડિયમોનો ઉપયોગ પ્રજા જ કરવાની છે. ભારત ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સનું યજમાન બનવાની તૈયારી કરી રહ્યું છે. ભારતને ઓલિમ્પિક ગેમ્સ યોજવાની તક મળે તો આ સ્ટેડિયમનો ઉપયોગ ઓલિમ્પિક ગેમ્સ માટે પણ થશે ને દેશનું ગૌરવ વધશે એ જોતાં આ જમીનનો શ્રેષ્ઠ રીતે સદુપયોગ થશે.

બીજાં રાજ્યો બાબા ને બાવાઓ પાસેથી પાછી લીધેલી જમીનનો ઉપયોગ પોતપોતાની રીતે કરી શકે. તેના પર જરૂરિયાતમંદો માટે ઘર પણ બનાવી શકાય ને છોકરાંને રમવા માટેનાં પ્લેગ્રાઉન્ડ પણ બનાવી શકાય. લોકોને સારી સ્વાસ્થ્ય સેવા માટે હોસ્પિટલો પણ બનાવી શકાય ને ધંધો માંડીને ના બેઠી હોય એવી શૈક્ષણિક સંસ્થાઓને પણ આ જમીન આપી શકાય. સારી દાનત રાખો તો સારાં કામ તો સત્તર સૂઝે. જરૂર રાજકીય ઈચ્છાશક્તિની છે ને આશા રાખીએ કે, દેશભરની રાજ્ય સરકારો આવી ઈચ્છાશક્તિ બતાવે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૬-૨-૨૦૨૬,
શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ર ભોજન મહોત્સવ

- ભારતીય દિનાંક ૧૭, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૨૩ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૨ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૫, રાત્રે ક. ૨૦-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ- પંચમી. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ર ભોજન મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ), સૂર્ય ઘનિષ્ઠામાં બપોરે ક. ૧૪-૦૫

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સૂર્ય-ચંદ્ર પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન,શ્રીસુક્ત પાઠ, પરદેશનું પસ્તાનું, દુકાન-નવા વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, હજામત, વિદ્યારંભ, અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન.
- આચમનઃચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ કુટુંબમાં ઉપાધિ આવે, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ જાહેર જીવનમાં સફળતા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ૧.૪ અબજ જનતાના હિત મુજબ જ ઈંધણ ખરીદાશેઃ ભારતનો ટ્રમ્પને જવાબ

નવી દિલ્હીઃ ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે સ્પષ્ટતા કરી હતી કે ભારત સરકાર દેશની ૧.૪ અબજની જનતાની ઈંધણની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ખનિજ તેલની ખરીદી અંગે યોગ્ય નિર્ણય લેશે. અમે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઑઇલની ખરીદીનો વિકલ્પ ખુલ્લો જ રાખ્યો છે. અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું બંધ કરવા માટે સહમત થયું હોવાથી અમેરિકાએ ભારતીય માલસામાનની આયાત પરની ટૅરિફ પચાસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત મૉસ્કો પાસેથી ક્રૂડ ઑઇલ ખરીદવાનું બંધ કરીને હવે તેના વિકલ્પરૂપે અમેરિકા અને વેનેઝુએલા ખાતેથી તેલ ખરીદશે. નવી દિલ્હી રશિયા પાસેથી ઑઇલ ખરીદવાનું બંધ કરવા સહમત થયું હોવાથી યુક્રેન સાથેનું રશિયાનું યુદ્ધ બંધ કરાવવામાં મદદ મળશે. (એજન્સી)

# અમેરિકા અને રશિયા લશ્કરી મંત્રણા માટે સંમત

કિવઃ રશિયા, યુક્રેન અને અમેરિકાના સિનિયર અધિકારીઓની અબુ ધાબીમાં થયેલી બેઠકને પગલે બન્ને દેશ લશ્કરની ઉચ્ચ સ્તરે મંત્રણા ફરી શરૂ કરવા સંમત થયા હતા એવી માહિતી યુનાઈટેડ સ્ટેટ્સ યુરોપિયન કમાન્ડે નિવેદનમાં આપી હતી. નિવેદન વધુમાં કહે છે કે યુએસ યુરોપિયન કમાન્ડના સેનાપતિ એલેક્સિસ ગ્રિનકેવિચ (જેઓ નાટોના સુપર એલાઈડ કમાન્ડર- યુરોપ પણ છે)ની યુક્રેન અને રશિયાના લશ્કરના સિનિયર અધિકારીઓ સાથેની બેઠકમાં આ સમજૂતી કરવામાં આવી છે. નિવેદન જણાવે છે કે આ ચેનલથી લશ્કર-લશ્કરના સંપર્ક સ્થપાશે અને પક્ષો કાયમી શાંતિ માટે કામ કરી રહ્યા છે. ૨૦૨૧માં રશિયાના યુક્રેનના આક્રમણ પહેલાં જ આ ઉચ્ચ સ્તરીય લશ્કરી સંદેશવ્યવહાર સ્થગિત કરવામા આવ્યો છે. (એજન્સી)

# અમિત શાહે લૉન્ચ કરી 'ભારત ટેક્સી'

નવી દિલ્હીઃ બે મહિનાની સફળ કામગીરી બાદ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે ગુરુવારે કો-ઓપરેટિવ વડપણ હેઠળનું પ્રથમ 'ભારત ટેક્સી' પ્લેટફોર્મ લૉન્ચ કર્યું હતું.

આ પ્લેટફોર્મ મારફતે ગ્રાહકો કાર, થ્રી વ્હીલર અને ટૂ વ્હીલર ભાડાં પર લઈ શકશે.

આ સેવા આરંભમાં દિલ્હી-એનસીઆર અને ગુજરાતમાં શરૂ કરવામાં આવી હતી. બે વર્ષમાં આ સેવાનો વ્યાપ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સુધી વધારવામાં આવશે. ત્રણ વર્ષમાં ભારત ટેક્સી સમગ્ર ભારતમાં એટલે કે કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી ઉપલબ્ધ બનશે. આ મારફતે થનારો નફો ટેક્સી સાથે સંકળાયેલા ડ્રાઈવરોમાં વહેંચવામાં આવશે.ની હિસ્સેદારી હશે. હાલ આ ક્ષેત્ર પર ઓલા, ઉબેર અને કેપિડો જેવી કંપનીઓનું પ્રભુત્વ છે. (એજન્સી)

# મેઘાલયમાં ગેરકાયદે ખાણમાં ધડાકોઃ ૧૮ મજૂરના જીવ ગયા

શિલોંગઃ મેઘાલયના પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લાના થાંગસ્કુ વિસ્તારમાં ગુરુવારે એક ગેરકાયદે કોલસા ખાણમાં થયેલા વિસ્ફોટમાં ૧૮ મજૂરનાં મોત થયા હતા અને અનેક મજૂરો ફસાયા હોવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

વિસ્ફોટ સમયે ખાણમાં કેટલા કામદારો હાજર હતા તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી.

એસપી વિકાસ કુમારે જણાવ્યું હતું કે ઘાયલ વ્યક્તિને પહેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી હતી અને બાદમાં વધુ સારવાર માટે શિલોંગ મોકલવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વિસ્ફોટ કોલસા ખનન કામગીરી દરમિયાન થયો હોવાની સંભાવના છે અને ખાણ ગેરકાયદે રીતે ચલાવવામાં આવી રહી હોવાની આશંકા છે.

બચાવ કામગીરી માટે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ની મદદ માગવામાં આવી હતી.

વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી અને તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

આ ઘટના મેઘાલયમાં ગેરકાયદે ગેરકાયદે કોલસા ખનનની સતત સમસ્યાને ફરી સપાટી પર લાવે છે.

પર્યાવરણીય નુકસાન અને સુરક્ષા જોખમોને કારણે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલએ ૨૦૧૪માં આવા ખનન પર પ્રતિબંધ મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે પણ આ પ્રતિબંધને યથાવત્ રાખ્યો છે અને માત્ર વૈજ્ઞાનિક તથા નિયમિત પદ્ધતિથી ખનન કરવાની મંજૂરી આપી છે, છતાં ગેરકાયદે કામગીરી ગંભીર જોખમો ઉભા કરી રહી છે.

# અનુરાગ ઠાકુર બીસીસીઆઈની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકેઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૭માં આપેલા ચુકાદામાં સુધારો કરતાં બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ અનુરાગ ઠાકુરને રાહત થઈ છે અને હવે તેઓ બીસીસીઆઈની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સ્વતંત્ર છે.

જાન્યુઆરી ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ઠાકુરને બીસીસીઆઈની પ્રવૃત્તિઓમાંથી ખસી જવાનું જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોય માલ્યા બાગચીની બનેલી ખંડપીઠે વર્ષ ૨૦૧૭ના ચુકાદામાં સુધારો કરવાની માગણી કરતી અરજીને મામલે ઉપરોક્ત આદેશ આપ્યો હતો.

બીસીસીઆઈની સ્વાયતતાને મુદ્દે ઠાકુરે આઈસીસીના તત્કાલીન અધ્યક્ષ શશાંક મનોહરને ખોટું સોગંદનામું આપ્યું હોવાને મામલે ૨ જાન્યુઆરી ૨૦૧૭ના કોર્ટે ઠાકુર વિરુદ્ધ કોર્ટના અનાદર અને પ્રિજ્યુરીની કાર્યવાહી આરંભી હતી. ઠાકુરે વ્યક્તિગત રીતે બિનશરતી માફી માગી લેતાં ૧૪ જુલાઈ ૨૦૧૭ના કોર્ટે ઠાકુરને રાહત આપી હતી અને તેમની વિરુદ્ધના કોર્ટના અનાદર અને પ્રિજ્યુરી કાર્યવાહી પડતી મૂકી હતી. (એજન્સી)

# રાજપાલ યાદવનું તિહાર જેલમાં આત્મસમર્પણ

નવી દિલ્હીઃ જાણીતા કોમેડિયન રાજપાલ યાદવની મુશ્કેલીઓ વધી છે. મળતી જાણકારી દિલ્હી હાઈ કોર્ટના આદેશ પછી ચેક બાઉન્સ કેસમાં તિહાર જેલમાં આત્મસમર્પણ કર્યું હતું. તિહાર જેલના અધિક્ષક સામે આત્મસમર્પણ કર્યું છે અને એક અરજી કરીને રાજપાલ યાદવે થોડી મુદ્દત માગી હતી, પરંતુ ૪ ફેબ્રુઆરીએ રાજપાલની અરજી પર સુનાવણી કરતા દિલ્હી હાઈ કોર્ટે મુદત આપવાની ના પાડી દીધી હતી, જેથી આત્મસમર્પણ કરવાની નોબત આવી છે.

રાજપાલ યાદવ ફરી દિલ્હી હાઈ કોર્ટમાં રાહત મેળવવા માટે રૂબરૂ હાજર રહ્યો હતો અને કોર્ટને જાણ કરી કે તેઓ પચીસ લાખ રૂપિયાનો ચેક લાવ્યા છે અને બાકીની રકમ તેઓ ચૂકવશે. પરંતુ કોર્ટે કહ્યું કે, પહેલા તમે આત્મસમર્પણ કરો પછી યોગ્યતાના આધારે કોર્ટ વિચાર કરશે કે તમને રાહત આપવી જોઈએ કે નહીં.

કોર્ટે આત્મસમર્પણ કરવાનું કહેતા રાજપાલ તિહાર જેલમાં હાજર થયાં હતાં.

# ઉત્તર ભારતીયો અહીં પાણીપુરી વેચવા આવે છેઃ તમિળનાડુના પ્રધાને વિવાદ છેડ્યો

ચેન્નઈઃ તમિળનાડુના કૃષિપ્રધાન એમઆરકે પનીરસેલવમે ઉત્તર ભારતના પરપ્રાંતી કામદારોને હલકાં કામો સાથે સાંકળીને વિવાદનો મધપુડો સજર્યો હતો અને રાજ્યની બે ભાષાની નીતિનો બચાવ કરીને વિધાનસભાની ચૂંટણી પહેલાં હિન્દી વિરુદ્ધ પ્રાદેશિક ભાષાની ચર્ચા ફરી જીવંત બનશે.

જાહેર ઈવેન્ટમાં બોલતા પનીરસેલવમે કહ્યું હતું કે ઉત્તરના લોકો ફક્ત હિન્દી શીખ્યા છે અને તેમને તમિળનાડુના મર્યાદિત રોજગાર તક મળે છે. આ લોકોને ઓછાં નાણાં મળે એવાં કામો કરતા હોય છે, જ્યારે રાજ્યના વિદ્યાર્થીઓને તમિળ અને અંગ્રેજી બન્ને શીખવાનો ફાયદો મળે છે. પ્રધાને વધુમાં કહ્યું હતું કે ઉત્તર ભારતનાં રાજ્યો તમિળનાડુથી ટેબલ સાફ કરવા આવે છે. તેઓ બાંધકામના મજૂરો તરીકે કામ કરે છે. તેઓ પાણીપુરી વેચે છે, કારણ કે તેઓ ફક્ત હિન્દી ભાષા જાણે છે. આનાથી વિપરીત આપણાં બાળકો વિદેશમાં ગયાં છે.

તેમની ટિપ્પણીની વિરોધ પક્ષના નેતાઓ અને રાજ્ય બહારના પક્ષોએ ટીકા કરી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### કૉંગ્રેસ

મહિલા રાષ્ટ્રપ્રમુખનું જ નહિ, પરંતુ દેશના બંધારણમાં સર્વોચ્ચ હોદ્દે બિરાજતી વ્યક્તિનું પણ અપમાન કર્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે વિશ્વમાં હવે ભારતની પ્રતિષ્ઠા ઘણી જ વધી ગઇ છે. કોવિડ-૧૯ના રોગચાળાને અંતે દુનિયામાં અનેક ફેરફાર થયા છે અને તે ચાલુ જ છે. બીજા વિશ્વયુદ્ધ પછી વૈશ્વિક વ્યવસ્થામાં જે રીતે ફેરફાર થયા હતા, તે રીતે અત્યારે પરિવર્તનનો યુગ ચાલી રહ્યો છે અને ભારતનો વૈશ્વિક સ્તરે પ્રભાવ વધી રહ્યો છે. ભારતે અનેક દેશ સાથે તાજેતરમાં વેપાર-કરાર કર્યા છે. અગાઉની કૉંગ્રેસની સરકારોએ દેશની છબિને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. વેપાર-કરારથી દેશની જનતા, ખાસ કરીને યુવાનોને ખાસ લાભ થશે.

દરમિયાન, વિપક્ષના સાંસદોએ 'વિપક્ષના નેતાને સંસદમાં બોલવા દો' કહેતા નારા લગાવ્યા હતા. મોદીએ રાજ્યસભામાંના વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને બેઠાં બેઠાં જ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખવા વિનંતિ કરી હતી અને ગૃહની બેઠક છોડીને જતાં વિપક્ષના સાંસદોના સંબંધે ટિપ્પણી કરી હતી કે વિપક્ષના સાંસદો થાકીને ગૃહની બેઠક છોડી રહ્યા છે. કૉંગ્રેસના શાસન વખતે બહુ ઓછા દેશો ભારત સાથે વેપાર-કરાર કરવા તૈયાર હતા, પરંતુ આજે અનેક મોટા દેશો ભારત સાથે વેપાર-કરાર કરવા આતુર છે.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીએ કેન્દ્રીય પ્રધાન રવનીત સિંહ બિટ્ટુને 'દેશદ્રોહી' કહીને આખી શીખ કોમનું અપમાન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળનો શાસક તૃણમૂલ કૉંગ્રેસ ઘૂસણખોરોનું રક્ષણ કરે છે. આ જ ઘૂસણખોરો રાજ્યના યુવાનોની નોકરી અને અધિકાર છીનવે છે તેમ જ આદિવાસીઓની જમીન હડપ કરી લે છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે કૉંગ્રેસે ચૂંટણી વખતે 'મોદી તેરી કબર ખુદેગી'ના નારા લગાવ્યા હતા, પરંતુ ચૂંટણીમાંના પરાજયથી વિપક્ષ હતાશ થઇ ગયો છે. કૉંગ્રેસ ક્યારેય મારી કબર ખોદી નહિ શકે. વિપક્ષના નેતાઓ મારા જેવી ગરીબ વ્યક્તિ દેશના ઉચ્ચ હોદ્દા પર હોય, તે સહન કરી નથી શકતા. પરિવારવાદમાં માનનારો કૉંગ્રેસ પોતાના પરિવારની વ્યક્તિને જ વડા પ્રધાન બનાવવા માગે છે.

તેમણે જણાવ્યું હતું કે અમારી એનડીએ સરકારના શાસનકાળમાં દેશે અનેક સિદ્ધિ મેળવી છે. ભારત વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતું રાષ્ટ્ર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. અમારી સરકારની 'રિફૉર્મ એક્સપ્રેસ' દેશને ઝડપથી વિકસિત બનાવી દેશે. (એજન્સી)

### અમદાવાદના

સત્તાવાર રીતે આશરે રૂ. ૫૦૦ કરોડ હોવાનો અંદાજ છે. સરકારના આ નિર્ણયને પડકારતી આશ્રમની અરજીઓ પર સુનાવણી બાદ કોર્ટે આ આદેશ કર્યો હતો.

સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે દલીલ કરી હતી કે દાયકાઓ પહેલા આ જમીન માત્ર મર્યાદિત ધાર્મિક હેતુઓ માટે જ ફાળવવામાં આવી હતી. આ ફાળવણીમાં સ્પષ્ટ શરતો હતી કે ત્યાં કોઈ વ્યાવસાયિક પ્રવૃત્તિ, અનધિકૃત બાંધકામ કે ફાળવેલી જગ્યાથી વધુ વિસ્તારમાં વિસ્તરણ કરી શકાશે નહીં.

જોકે, આશ્રમ દ્વારા સમય જતાં આ તમામ શરતોનો ભંગ કરવામાં આવ્યો હતો અને મૂળ ફાળવણી કરતા ઘણી વધારે જમીન પર ગેરકાયદે બાંધકામ ખડકી દેવામાં આવ્યું હતું.

સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે જમીન પરત લેવાની પ્રક્રિયા રાતોરાત નથી થઈ, પરંતુ તે લાંબી વહીવટી પ્રક્રિયાનું પરિણામ છે. આ માટે આશ્રમને અનેકવાર નોટિસો આપવામાં આવી હતી અને રજૂઆત કરવાની પૂરતી તક પણ મળી હતી.

મહત્વની વાત એ છે કે, આશ્રમે પોતે જ ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે અરજીઓ કરી હતી, જે એક પ્રકારે નિયમોના ભંગની કબૂલાત સમાન છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ તપાસમાં ૩૦ થી વધુ બાંધકામો ગેરકાયદે હોવાનું શોધી કાઢ્યું હતું અને ગત ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી ફગાવી દીધી હતી.

### ચાંદીમાં

આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૨૮,૧૨૩ રૂપિયાના ગાબડાં સાથે ૨,૫૪,૩૩૯ રૂપિયાની સપાટીએ રહ્યા હતા. તાજેતરમાં ચાંદીના ભાવમાં ભારે અફરાતફરીનું વલણ રહેતું હોવાથી સ્ટોકિસ્ટો તેમ જ રોકાણકારો નવી લેવાલીથી દૂર રહે છે તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી જ રહે છે. વધુમાં આજે સોનાના ભાવમાં પણ ઘટાડાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૪૧૦૭ રૂપિયાના ઘટાડા સાથે ૧,૫૧,૮૯૧ રૂપિયા અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૪૧૨૩ રૂપિયા ઘટીને ૧,૫૨,૫૦૨ રૂપિયાના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદ સાથે સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં અનુક્રમે ત્રણ ટકાનો અને ૧૭ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવઘટાડો આગળ ધપતા હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૨૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮૫૦.૦૬ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ૧.૨ ટકા ઘટીને ૪૮૯૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૭૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

### ટ્રેનને આરએસી

વસૂલ કરે છે.

જાહેર હિસાબ સમિતિએ રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન ટિકિટવાળાને થોડું રિફંડ આપીને તેની જાણ તેઓને (સંબંધિત મુસાફરોને) કરવા રેલવેને ભલામણ કરી હતી.

અહેવાલમાં સુપરફાસ્ટ ટ્રેનની વ્યાખ્યા અને તેને લગતા માપદંડ અંગે જણાવાયું હતું કે રેલવેએ ૨૦૦૭ના મેમાં નક્કી કર્યું હતું કે અપ અને ડાઉન દિશામાં બ્રૉડ ગેજની ટ્રેનની સરેરાશ ઝડપ જો કલાક દીઠ ૫૫ કિલોમીટર હોય અને મીટર ગેજમાં કલાક દીઠ ૪૫ કિલોમીટર હોય તો તેને સુપરફાસ્ટ ટ્રેન ગણવી.

જાહેર હિસાબ સમિતિએ જણાવ્યું હતું કે રેલવેની ૪૭૮ સુપરફાસ્ટ ટ્રેનમાંની ૧૨૩ ટ્રેનની ઝડપ કલાક દીઠ ૫૫ કિલોમીટરથી ઓછી છે.

અહેવાલમાં જણાવાયું હતું કે સુપરફાસ્ટ ટ્રેનની ઝડપ કલાક દીઠ ૫૫ કિલોમીટર કે તેનાથી ઓછી હોવા અંગે રેલવે મંત્રાલયે પણ નારાજગી વ્યક્ત કરી છે. ઓછી ઝડપવાળી ટ્રેનોને સુપરફાસ્ટ ગણવાનું બંધ કરવું જોઇએ.

તેણે જણાવ્યું હતું કે સુપરફાસ્ટ ટ્રેનની ઝડપ કલાક દીઠ ૫૫ કિલોમીટર બહુ જ ધીમી ગણાય. ચીન અને જાપાન, જેવા પૂર્વ એશિયાના દેશોની ટ્રેનોની ઝડપની સરખામણીમાં ભારતીય રેલવેની સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ ઘણી જ ઓછી ગણાય. સુપરફાસ્ટ ટ્રેનની સરેરાશ ઝડપ કલાક દીઠ ૫૫ કિલોમીટરથી લગભગ બમણી એટલે કે ૧૦૦ કિલોમીટર કરવી જોઇએ. (એજન્સી)

### કૉંગ્રેસી સાંસદો

છુપાયા' છે. કૉંગ્રેસના સાંસદો વડા પ્રધાનને મારવાની યોજના ધરાવતા હોવાનો આક્ષેપ ખોટો છે.

સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું હતું કે વિપક્ષના અમુક સાંસદોનું વર્તન બુધવારે મારી ઑફિસમાં અયોગ્ય હતું. મારે ખેદ સાથે જણાવવું પડે છે કે અમુક સાંસદની લોકસભામાંની બુધવારની વર્તણૂક અભૂતપૂર્વ ખરાબ હતી.

લોકસભામાં બુધવારે વિપક્ષની અમુક મહિલા સાંસદોએ વડા પ્રધાન મોદીની બેઠકને ઘેરી લીધી હતી. તેઓના હાથમાં બેનર પણ હતાં.

સ્પીકરે જણાવ્યું હતું કે મારી પાસે પાકી માહિતી હતી કે કૉંગ્રેસના અમુક સાંસદો લોકસભામાં મોદીને ઘેરીને 'અણધાર્યું કૃત્ય' કરવાના હતા. જો આવું કંઇ થયું હોત, તો લોકતાંત્રિક પરંપરાને કલંક લાગત. મેં મોદીજીને ગૃહમાં ગેરહાજર રહેવા વિનંતિ કરી હતી. ગૃહનું સન્માન અને ગૌરવ જાળવવાની મારી જવાબદારી છે. લોકસભાના સ્પીકરનું માન જાળવવા બંધારણમાં જોગવાઇ છે.

પ્રિયંકા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે મોદીની લોકસભામાં બુધવારે આવવાની હિંમત જ નહોતી. મહિલા સાંસદો તેમની બેઠક પાસે ઊભા હોવાથી વડા પ્રધાન લોકસભામાં નહોતા આવ્યા, એ માત્ર બહાનું જ છે. જો શાસક પક્ષના સાંસદોને ભવિષ્યમાં પુસ્તકોને ટાંકીને વક્તવ્ય આપવાની પરવાનગી અપાશે, તો અમે તેનો જોરદાર વિરોધ કરીશું. (એજન્સી)

## સાણંદના ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ માણતા ૩૮ મહિલાઓ સહિત ૮૧ નબીરા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાણંદના ગોરજ ગામની સીમમાં આવેલા ‘સફલ નિર્વાણા ગ્રીન્સ’ વિકેન્ડ હોમમાં બુધવારે મોડી રાત્રે પોલીસે દરોડો પાડીને એક હાઈપ્રોફાઈલ દારૂની મહેફિલનો પર્દાફાશ કર્યો હતો. મુંબઈના ઉદ્યોગપતિ અમિત ગોપીલાલ પચેરીવાલે પોતાના સાઢુ આદર્શ અગ્રવાલની ૨૫મી લગ્નતિથિની ઉજવણી માટે આ ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. બાતમીના આધારે બોપલ અને સાણંદ પોલીસની ટીમે સંયુક્ત રીતે કરેલી આ કાર્યવાહીમાં ૩૮ મહિલાઓ અને ૪૩ પુરુષો સહિત કુલ ૮૧ લોકોને નશાની હાલતમાં ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ફાર્મહાઉસમાં ફૂડ કાઉન્ટર્સની સાથે ૧૧ જેટલા અલગ-અલગ ટેબલ પર વિદેશી દારૂ, હુક્કા અને કેક પીરસવામાં આવી રહ્યા હતા.

પોલીસની અચાનક એન્ટ્રી થતા જ પાર્ટીમાં હાજર યુવક-યુવતીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી અનેક બ્રાન્ડેડ લક્ઝરી કાર અને દારૂની બોટલો સહિત કુલ ૨ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ આરોપીઓની ધરપકડ કરી સાણંદની સરકારી હૉસ્પિટલ ખાતે મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે આયોજક અમિત પચેરીવાલ સહિત તમામ મહેમાનો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બીજી તરફ, આ ઘટનાને પગલે રાજકીય ગરમાવો પણ જોવા મળ્યો હતો. કૉંગ્રેસના મુખ્ય પ્રવક્તા મનીષ દોશીએ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં નશાબંધી માત્ર કાગળ પર જ છે. તેમણે આક્ષેપ કર્યો કે પોલીસ માત્ર આવી મહેફિલો પકડીને સંતોષ માને છે, પરંતુ દારૂના મોટા સપ્લાયરો અને તેની પાછળ રહેલા ‘મોટા માથા’ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી છે.

આ અંગે અમદાવાદ ગ્રામ્યના એસપી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે, ‘રાત્રે ગોરજ ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં ૮૧ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડો નિર્વાણ ગ્રીન ફાર્મહાઉસ નામની સ્કીમમાં આવેલા એક ફાર્મહાઉસ પર પાડવામાં આવ્યો હતો, જ્યાં પાર્ટી ચાલી રહી હતી. આ ફાર્મહાઉસ રવિ નામના વ્યક્તિનું હતું અને આ પાર્ટીનું આયોજન આદર્શ જગદીશ અગ્રવાલ અને અમિત ગોપીલાલ નામના બે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું હતું.’

## ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની ૧૬ ફેબ્રુઆરીથી શરૂઆતઃ ૧૮મીએ અંદાજપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા કામકાજનું કામચલાઉ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. આ બજેટ સત્રનો પ્રારંભ સોમવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રાજ્યપાલના સંબોધન પરના આભાર પ્રસ્તાવ સાથે થશે. ત્યારબાદ શોકદર્શક ઉલ્લેખો અને સરકારી કામકાજ હાથ ધરવામાં આવશે. રાજ્યપાલના સંબોધન પર ત્રણ દિવસ સુધી વિગતવાર ચર્ચા ચાલશે, જેમાં ૧૯, ૨૦ અને ૨૩ ફેબ્રુઆરીનો સમાવેશ થાય છે.

આ સત્રમાં નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ દ્વારા ૧૮ ફેબ્રુઆરીના રોજ બજેટને રજૂ કરવામાં આવશે. તે જ દિવસે વર્ષ ૨૦૨૫-૨૬ના પૂરક ખર્ચની માગણીઓ તેમજ અગાઉના વર્ષો ૨૦૧૧-૧૨ અને ૨૦૧૮-૧૯ના વધારાના ખર્ચના નિવેદનો પણ રજૂ કરવામાં આવશે. બજેટ પરની સામાન્ય ચર્ચા ૨૫ ફેબ્રુઆરીથી શરૂ થઈને ૨૫ માર્ચ સુધી ચાલશે.

માર્ચ મહિનાનું સમયપત્રક અત્યંત વ્યસ્ત રહેવાની ધારણા છે, જેમાં ૬ માર્ચથી ૨૩ માર્ચ સુધીના ૧૨ દિવસો દરમિયાન વિવિધ વિભાગોની અનુદાનની માગણીઓ પર ચર્ચા અને મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. આ સત્ર દરમિયાન ૪ માર્ચે ધુળેટી અને ૧૯ માર્ચે ચેટીચાંદની રજા રહેશે. આ ઉપરાંત શનિવાર અને રવિવારની નિયમિત રજાઓ બાદ કરતાં સત્રની કાર્યવાહી ૨૫ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થવાની શક્યતા છે.

## અમદાવાદમાં નવું કતલખાનું બનાવવાની દરખાસ્ત અંતે ભાજપી શાસકોએ પાછી ખેંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બુધવારે ૨૦૨૬-૨૭નું ડ્રાફ્ટ બજેટ રજૂ થયું હતું. જેમાં રૂ. ૩૨ કરોડના ખર્ચે જૂનું કતલખાનું બંધ કરીને નવું બનાવવાની યોજના હતી. જોકે એલિસબ્રિજના ધારાસભ્ય અને શહેરના પૂર્વ મેયર અમિત શાહ સહિત ભાજપના સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. કતલખાનાને લઈ ધીમે ધીમે વિરોધ થઈ રહ્યો હતો. જેને લઈ આખરે તંત્રએ નવું કતલખાનું બનાવવાની દરખાસ્ત પાછી ખેંચી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડ્રાફ્ટ બજેટની વિગત મુજબ શહેરના દક્ષિણ ઝોનમાં શાહવાડી-બહેરામપુરામાં ટીપી ૩૨ ખાતે કતલખાનું બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જેના માટે ૩૨ કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. આ માટે ૧૫૮૮૨.૧૩ સ્કવેર મીટરની જમીનની ફાળવણી કરવામાં આવી હતી. સ્લોટર હાઉસમાં પશુઓને રાખવા માટે સુવિધાયુક્ત વાડા ઉપરાંત કૂલિંગ તથા ચીલિંગ ફેસેલિટી, રેન્ડરિંગ પ્લાન્ટ સહિતની ફેસિલિટી ઉભી કરવાની પણ યોજના હતી. જોકે બજેટમાં આ જાહેરાત થતાં જ વિરોધનો સૂર ઊઠયો હતો.

શાહે આક્ષેપ કર્યો હતો કે આ દરખાસ્ત મ્યુનિસિપલ કાઉન્સિલર ઇમરાન ખેડાવાલાના દબાણ હેઠળ લાવવામાં આવી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપનું નેતૃત્વ પક્ષની વિચારધારા વિરુદ્ધ કામ પાર પાડવા દેશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે ભૂતકાળમાં મેયર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન આ સુવિધાને પીપલાજ ગામમાં ખસેડવા જેવી સમાન દરખાસ્તોને પણ નકારી કાઢવામાં આવી હતી.

## રાજકોટ સિવિલ વિવાદમાંઃ કરોડોના ટેન્ડરમાં સરકારી નિયમોમાં ગેરરીતિના આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. ગત ૨૩ જાન્યુઆરીના રોજ સિવિલ હોસ્પિટલ દ્વારા દવાઓના સપ્લાય માટે અંદાજે ૨ કરોડ રૂપિયાનું ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જોકે, આ ટેન્ડર પ્રક્રિયામાં સરકારના પ્રવર્તમાન નિયમોને નેવે મૂકીને હોસ્પિટલ તંત્ર દ્વારા પોતાના અલગ જ નિયમો થોપવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ ટેન્ડર કોઈ ખાસ ‘લાગતા-વળગતા’ લોકોને જ મળે તે રીતે તેની શરતો નક્કી કરવામાં આવી હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સરકારી નિયમ મુજબ ટેન્ડરની રકમના ૩ ટકા ડિપોઝિટ ભરવાની હોય છે, જે ૨ કરોડના ટેન્ડર મુજબ ૬ લાખ રૂપિયા થાય. તેની સામે રાજકોટ સિવિલ હોસ્પિટલે ૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ માંગી હોવાનો આક્ષેપ થયો છે. આ ઉપરાંત, નિયમ મુજબ ડિપોઝિટ તરીકે બેંક ગેરેન્ટીનો ટેન્ડરમાં ઉલ્લેખ નહિ કરાયાનો પણ આક્ષેપ છે. ટેન્ડરમાં ૧૮૦૦ થી ૨૦૦૦ જેટલી દવાઓની સપ્લાય કરવાનો ઉલ્લેખ છે, કોઈ એક કંપની આટલી મોટી સંખ્યામાં દવાઓ આપી શકે નહીં, તેથી અલગ-અલગ સેક્શન પાડવામાં આવ્યા છે. છતાં, જો કોઈ વેપારી માત્ર ૩૦-૪૦ લાખના એક સેક્શનનું ટેન્ડર ભરે તો પણ તેણે પૂરેપૂરી ૧૦ લાખની ડિપોઝિટ ભરવી પડે તેવી શરત મુકાતા દવાનો ભાવ ઊંચો જવાની શક્યતા વર્તાઈ રહી છે.

એવો પણ આક્ષેપ છે કે સિવિલ હોસ્પિટલ દ્વારા એમએસએમઇના નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે તેમજ ગાઈડલાઈન મુજબ આઈટી રિટર્ન રજૂ કરવાના હોતા નથી, તેમ છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા ત્રણ વર્ષના આઈટી રિટર્ન માંગવામાં આવ્યા છે. સાથે જ, ૨૫૦ બેડની હોસ્પિટલમાં સપ્લાયનો અનુભવ હોવો જોઈએ તેવી નવી શરત પણ ઉમેરવામાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલની ટેન્ડર પ્રક્રિયામાં પણ તંત્રની મનમાની અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળતું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે કે મુંબઈ સમાચારની આ અંગેની તપાસના વાવડથી સિવિલ હોસ્પિટલે તાત્કાલિક ટેન્ડરમાં શરતોમાં ફેરફાર કર્યો છે, જો કે તેમ છતાં હજુ પણ સંપૂર્ણરીતે સરકારીની ગાઈડલાઈન પ્રમાણે ટેન્ડર થયું નથી તેવું જાણકારોનું કહેવું છે.

## વિસાવદરમાં ચીફ ઓફિસર અને ઉપપ્રમુખ વચ્ચે ઉગ્ર બોલાચાલીનો વીડિયો વાયરલ

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાની વિસાવદર નગરપાલિકામાં ચૂંટાયેલા જનપ્રતિનિધિ અને સરકારી અધિકારી વચ્ચેનો ગજગ્રાહ ઉગ્ર બન્યો હતો. પાલિકાના ઉપપ્રમુખ અને ચીફ ઓફિસર વચ્ચે થયેલી આક્રમક બોલાચાલીનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાએ ફરી એકવાર વહીવટી અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેના સંઘર્ષને સપાટી પર લાવી દીધો હતો, જેમાં બંને પક્ષો એકબીજા પર ગંભીર અને સનસનીખેજ આક્ષેપો કરતા જોવા મળ્યા હતા.

વાઇરલ વીડિયોમાં ઉપપ્રમુખ રમેશભાઈ માંગરોળિયા અને ચીફ ઓફિસર પ્રકાશ વઘાસિયા વચ્ચે ઉગ્ર માથાકૂટ થતી જોવા મળી હતી. ઉપપ્રમુખનો આરોપ હતો કે શહેરના વિકાસકામોના અનેક ટેન્ડરો લાંબા સમયથી અટકેલા હોવાથી તેઓ રજૂઆત કરવા પહોંચ્યા હતા, પરંતુ ચીફ ઓફિસરે ઉશ્કેરાઈને તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી. રમેશભાઈએ એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે ચીફ ઓફિસરે વાતચીત દરમિયાન છરી વડે કથિત હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બીજી તરફ, ચીફ ઓફિસર પ્રકાશ વઘાસિયાએ આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવતા વળતો પ્રહાર કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે ઉપપ્રમુખ દ્વારા એન્જિનિયરોના કામમાં બિનજરૂરી દખલગીરી કરવામાં આવે છે અને ખોટા બિલો મંજૂર કરાવવા માટે તેમના પર સતત દબાણ કરવામાં આવતું હતું.

## પશ્ચિમ રેલવે દ્વારા ઉધના અને ચાર્લાપલ્લી વચ્ચે સ્પેશ્યલ ટ્રેનનો આજથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઉધના અને ચાર્લાપલ્લી વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ટ્રેન નંબર ૦૭૫૦૯ ઉધના-ચાર્લાપલ્લી સ્પેશિયલ ૬ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દર શુક્રવારે રાત્રે ૨૨:૪૫ કલાકે ઉધનાથી ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૯:૦૦ કલાકે ચાર્લાપલ્લી પહોંચશે. તેવી જ રીતે, પરતમાં ટ્રેન નંબર ૦૭૫૦૮ ચાર્લાપલ્લી-ઉધના સ્પેશિયલ ૫ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરી સુધી દર ગુરુવારે રાત્રે ૨૩:૩૦ કલાકે ઉપડીને બીજા દિવસે રાત્રે ૨૦:૩૦ કલાકે ઉધના પહોંચશે.

આ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, અકોલા, પૂર્ણા, નાંદેડ અને નિઝામાબાદ જેવા મહત્વના સ્ટેશનો પર ઉભી રહેશે. મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ટ્રેન શરૂ થવાથી દક્ષિણ ભારત તરફ જતા મુસાફરોને મોટી રાહત મળશે.

## સુરત પાલિકાએ લિંબાયત ઝોનમાં વેરો ન ભરનારી ૧૦૭ દુકાનો સીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન દ્વારા મિલકત વેરા વસૂલાતની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો. આકારણી વિભાગે ધ પેલેસ માર્કેટ, રાજહંસ માર્કેટ અને આશીર્વાદ માર્કેટ સહિતના વિવિધ કોમર્શિયલ વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી હતી. લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરનારા કરદાતાઓ સામે આકરી કાર્યવાહી કરતા તંત્રએ કુલ ૧૦૭ દુકાનો સીલ કરી દીધી હતી. આ કડક વલણને કારણે ઘણા કરદાતાઓએ સ્થળ પર જ વેરો ભરવાની તૈયારી બતાવી હતી, જેનાથી ઝોન દ્વારા કુલ રૂ. ૮૭.૫૦ લાખની વસૂલાત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પાલિકા દ્વારા આ કામગીરી વધુ તેજ બનાવવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. લિંબાયત ઝોન હવે માત્ર કોમર્શિયલ જ નહીં, પરંતુ તમામ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં પણ સીલિંગની કાર્યવાહી કરશે. વધુમાં, રહેણાક વિસ્તારોમાં જે કરદાતાઓનો વેરો બાકી છે, તેમના નળ અને ડ્રેનેજ કનેક્શન કાપી નાખવાની ઝુંબેશ પણ શરૂ કરવામાં આવશે. અત્યાર સુધીમાં ઝોને કુલ ડિમાન્ડના ૬૧.૭૯ ટકા એટલે કે રૂ. ૨૦૮.૩૭ કરોડની વસૂલાત કરી લીધી છે.

## ગૌવંશને કતલખાને લઈ જતી કારનો પાલડીમાં અકસ્માત સર્જાતા ભાંડો ફૂટ્યોઃ પશુઓનો બચાવ

અમદાવાદઃ શહેરના પાલડી વિસ્તારમાં વહેલી સવારે એક કારે દાણીલીમડા આંબેડકર બ્રિજથી અંજલી સુધીના બી.આર.ટી.એસ. રૂટની રેલિંગ અને સીસીટીવી કેમેરાઓને જોરદાર ટક્કર મારી તોડી પાડ્યા હતા. આ અકસ્માત બાદ કારના બોનેટ અને કાચ તૂટી ગયા હતા, જેના કારણે કાર ત્યાં જ અટકી ગઈ હતી. આ અકસ્માત જોતા જ સ્થાનિક રહીશે પોલીસને જાણ કરી હતી. પોલીસની પી.સી.આર. વાન ઘટનાસ્થળે પહોંચતા કારમાં તપાસ કરતા ચોંકાવનારું દ્રશ્ય સામે આવ્યું હતું. કારની પાછળના ભાગે ત્રણ ગાયો અને એક વાછરડાને બાંધીને કતલના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી મકબુલ સત્તારભાઈ મન્સુરી નામના શખસની ધરપકડ કરી હતી, જ્યારે તેની સાથે રહેલા અન્ય બે સાગરીતો ઇમરાન ઉર્ફે મની સિપાઈ અને એઝાઝ ઉર્ફે ગટ્ટુ કસાઈ લોકોના ટોળાને જોઈને નાસી છૂટ્યા હતા. પકડાયેલા શખ્સની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, દાણીલીમડાના નાસીર ઉર્ફે ડગરા નામના શખ્સે બારેજાથી આ પશુઓ કતલ કરવાના ઈરાદે ગાડીમાં ભરાવ્યા હતા. આરોપીઓ પાસે પશુઓના પરિવહન માટેની કોઈ પણ પાસ કે પરમીટ નહોતી.

પોલીસે ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ચારેય પશુઓને સુરક્ષિત રીતે મુક્ત કરાવી, સારસંભાળ માટે વિરાટ પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા. પોલીસે પકડાયેલા અને ફરાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## નળ સરોવરમાં પક્ષીઓની સંખ્યામાં ૨૧ ટકાનો વધારો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પર્યટનની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવામાં આવતા નળ સરોવરમાં પક્ષીઓની સંખ્યા વધી હોવાનું અહેવાલો જણાવે છે. રામસર સાઇટ એવા નળ સરોવરની તાજેતરની ગણતરીમાં ૨૦૦ પ્રજાતિઓના પાંચ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે, જે ૨૦૨૪ માં ૪.૧૨ લાખથી ૨૧ % વધુ છે. નિષ્ણાતોના મતે આનું મુખ્ય કારણ છેલ્લા બે વર્ષથી બંધ થઈ ગયેલું બોટિંગ, પ્રવાસીઓની અવરજવરમાં ઘટાડો અને ઘટી ગયેલું ધ્વનિ પ્રદૂષણ છે.

જાન્યુઆરી ૨૦૨૪ માં વડોદરામાં થયેલી હરણી દુર્ઘટના પછી સલામતીના કારણોસર બોટિંગ પ્રવૃત્તિ સ્થગિત કરવામાં આવી તે પહેલાં તળાવમાં લગભગ ૨૫૦ હોડી ચાલકો કામ કરતા હતા. નિષ્ણાતો કહે છે કે પક્ષીઓની વધેલી સંખ્યા દર્શાવે છે કે સંવેદનશીલ વેટલેન્ડ્માં ઓછામાં ઓછી માનવ પ્રવૃત્તિઓ પક્ષીઓના જીવનને સીધી અસર કરી શકે છે. શાંતિવાળું વાતાવરણ પક્ષીઓને લાંબો મુકામ કરવા આકર્ષે છે. વન વિભાગ દ્વારા અંતિમ આંકડો હજુ જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ એકંદર ગણતરી પહેલાથી જ પાંચ લાખના આંકને વટાવી ગઈ છે, જે અભયારણ્ય માટે સૌથી સફળ ઋતુઓમાંની એક હોવાનું સાબિત કરે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓએ પક્ષીઓની વધેલી સંખ્યા માટે રહેવાની અનુકૂળ સ્થિતિ સાથે યોગ્ય વોટર મેનેજમેન્ટને શ્રેય આપ્યો છે.

અભયારણ્યમાં પાણીનું સ્તર હાલમાં ૩.૫ ફૂટની આસપાસ છે, જે નિષ્ણાતો અને અહીં કાર્યરત રહેતા કર્મચારીઓના મતે રહેવા અને ખોરાક માટે અનુકૂળ છે. વન વિભાગના સતત પ્રયાસોને પગલે નર્મદાના પાણીના નિયંત્રિત પ્રવાહે સમગ્ર મોસમ દરમિયાન સ્થિર ભીનાશવાળી સ્થિતિ જાળવી શકાય છે, જેનાથી પક્ષીઓની હાજરીમાં વધારો થયો છે. પક્ષીઓની ગણતરી દરમિયાન અમુક લુપ્ત થતી પ્રજાતિઓના પક્ષીઓ પણ જોવા મળ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

## સુરતમાં વ્યાજખોરોએ સિક્યોરિટી પેટે રાખેલી કરોડોની જમીન માલિકની જાણ બહાર વેચી મારતા ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વ્યાજખોરોના આતંકનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, જેમાં વ્યાજે લીધેલા પૈસાના બદલામાં વ્યાજખોરોએ સિક્યુરિટી પેટે લખાવી લીધેલી ૫ વીઘા જમીન માલિકની જાણ બહાર રૂ. ૧.૫૦ કરોડથી વધુમાં વેચી મારી હોવાના આરોપ સાથે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, સુરતના કતારગામમાં રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા રજનીભાઇ જાસોલીયાએ આઠેક વર્ષ પહેલા રઘુભાઇ રબારી અને તેના સાથીદારો ભુપતભાઇ, ગોકુળભાઇ તથા વાઘજીભાઇ કરમટીયા પાસેથી નાણાં ઉછીના લીધા હતા. આ રકમના બદલામાં આરોપીઓએ અધેવાડા ગામની ૫ વીઘા જમીન સિક્યુરિટી તરીકે પોતાના નામે દસ્તાવેજ કરાવી લીધી હતી. બાદમાં ૩ ટકા વ્યાજની ઉઘરાણી શરૂ કરી હતી. ફરિયાદીએ વ્યાજ પેટે રૂ. ૧૦ લાખ રોકડા ચૂકવ્યા હોવા છતાં, આરોપીઓએ જમીન પરત આપવાના બદલે વર્ષ ૨૦૨૧માં ત્રીજી વ્યક્તિને બારોબાર વેચી મારી વિશ્વાસઘાત કર્યો હતો.

ત્યારબાદ, જ્યારે રજનીભાઇએ જમીન વેચાણના નાણાંનો હિસાબ માંગ્યો, ત્યારે ગોકુળભાઇ કરમટીયાએ પોતે અમદાવાદ સાયબર ક્રાઇમમાં પીએસઆઇ હોવાની ખોટી ઓળખ આપી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. એક બેઠકમાં આરોપીઓએ ૪ ટકા ચક્રવૃદ્ધિ વ્યાજનો ખોટો હિસાબ બતાવી વધુ અઢી લાખની માંગણી કરી હતી.

## પંચમહાલમાં મંડપ બાંધતી વખતે જીવંત વાયર અડી જતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બાહી ગામના વતની ૨૯ વર્ષીય આશાસ્પદ યુવાન વિરપાલસિંહ ઠાકોરનું ગોધરાના સાપા રોડ પર આવેલી ગાયત્રી નગર-૩ સોસાયટીમાં મંડપ બાંધતી વખતે મોત નિપજ્યું હતું. વિરપાલસિંહ જ્યારે મંડપની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે ઉપરથી પસાર થઈ રહેલો જીવંત વીજ વાયર તેના માથાના ભાગે અડી જતાં જોરદાર કરંટ લાગ્યો હતો. વીજ આંચકાને કારણે તે નીચે પટકાયો હતો અને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. દુર્ઘટના બાદ સાથી કામદારો દ્વારા વિરપાલસિંહને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારના મોભી સમાન યુવાનના આકસ્મિક અવસાનથી ગામ અને પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે હૉસ્પિટલ પહોંચી મૃતદેહનો કબજો લઈને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વિદેશી દારૂના કેસમાં વડોદરાના પોલીસ અધિકારી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાઘોડિયામાં વિદેશી દારૂની દાણચોરી અને સ્થાનિક પોલીસની કથિત બેદરકારી સાથે જોડાયેલા એક કેસમાં, વાઘોડિયા પોલીસ સ્ટેશનના તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર પૃથ્વીરાજસિંહ જાડેજાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૯ જાન્યુઆરીની રાત્રે, એક ગુપ્ત માહિતીના આધારે, સ્ટેટ મોનિટરિંગ સેલએ વાઘોડિયા બસ સ્ટેન્ડ પાછળ સ્થિત એક વિદેશી દારૂના કટિંગ અને વિતરણ સ્થળ પર દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન, અધિકારીઓએ આશરે રૂ. ૧૭ લાખની કિંમતની ૬,૧૨૯ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો હતો અને દારૂના કન્સાઇનમેન્ટના સપ્લાયર સહિત નવ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. એજન્સીએ આ કેસમાં મહત્ત્વપૂર્ણ પુરાવા ગણાતી નવ ડાયરીઓ પણ કબજે કરી. ડાયરીઓની પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારોના રેકોર્ડ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. નોંધપાત્ર વાત એ છે કે, દસ્તાવેજોમાં ઘણા પોલીસ કર્મચારીઓના ફોન નંબર અને સંપર્ક વિગતો પણ હતી, જેનાથી સંભવિત મિલીભગતની શંકા તપાસ કરતી એજન્સીઓએ વ્યક્ત કરી હતી.

આ મામલો રાજ્ય પોલીસ વડા સુધી પહોંચ્યો હતો, જેના પગલે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પીઆઈ પૃથ્વીરાજસિંહ જાડેજાને પહેલા વાઘોડિયા પોલીસ સ્ટેશનથી સિનોર પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

## દીકરીની ડોલીને બદલે પિતાની અર્થી ઊઠી, અંગદાન થાય તે પહેલા સુરતના બિલ્ડરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માણસ શું ધારે અને કુદરત શું કરે તે કોઈ જાણી શકતું નથી, આ વાતને સાબિત કરતી ઘટના સુરતમાં બની હતી. અહીંના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીની દીકરીના પાંચમી ફેબ્રુઆરીએ લગ્ન નિર્ધારિત કરવામાં આવ્યા હતા, પરંતુ આ દિવસે પિતાને અંતિમ વિદાય આપવાની સ્થિતિ સર્જાઈ હતી. તુષાર ઘેલાણીએ ગયા રવિવારની મોડી રાત્રે પોતાની લાઇસન્સવાળી બંદૂકથી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ચાર દિવસ તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. મંગળવારે તબીબોએ તેમને બ્રેઈડ ડેડ જાહેર કર્યા હતા. આવા સંકટના સમયે પણ પરિવારે સામાજિક ફરજના ભાગરૂપે તેમના અંગદાનનો નિર્ણય કર્યો હતો. ગુરુવારે અંગ દાનની પ્રક્રિયા શરૂ થવાની તૈયારીમાં હતી, ત્યારે જ અચાનક તુષાર ઘેલાણીને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. હાર્ટ બેસી જવાને કારણે શરીરનાં મહત્ત્વના અંગો ફેઈલ થવા લાગ્યા હતા, જેનાં પરિણામે કિડની, લિવર કે હૃદય જેવા અન્ય અંગોનું દાન કરી શકાયું નહોતું. અંતે, માત્ર તેમના ચક્ષુઓનું દાન સ્વીકારવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

ગુરવારે જે પરિવારે ધામધૂમથી દીકરીને પરણાવવાની હતી, જે પરિવારે ઘરના મોભીને અંતિમ વિદાય આપી હતી.

## વડા પ્રધાન ૨૩મી ફેબ્રુઆરીએ ગુજરાતની મુલાકાતે આવે તેવી સંભાવના

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં, ૨૩ ફેબ્રુઆરીએ ગુજરાતની મુલાકાત લે તેવી શક્યતા છે. આ દરમિયાન તેઓ સાણંદની પણ મુલાકાત લેશે. સાણંદમાં ચિપ બનાવતી કંપની માઈક્રોન ટેકનોલોજી તેના સેમિકન્ડકર યુનિટમાં કર્મશિયલ પ્રોડક્શનની શરૂઆત કરવાની તૈયારી કરી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. કેન્દ્રીય આઇટી અને ઇલેક્ટ્રોનિક્સ પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગયા મહિને દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં માઇક્રોનના સંચાલનની શરૂઆતની જાહેરાત કરી હતી. તેથી, પ્લાન્ટના સંચાલનના શુભારંભનો કાર્યક્રમ વડા પ્રધાનની અધ્યક્ષતામાં થાય, તેવી શક્યતા છે. મોદી જાન્યુઆરી મહિનામાં ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાતે આવ્યા હતા. તે સમયે તેમણે સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લીધો હતો. વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ સમિટનું રાજકોટ ખાતે ઉદ્ઘાટન કરાવ્યું હતું અને જર્મન ચાન્સેલર સાથે અમદાવાદ ખાતે પતંગોત્સવમાં પણ હાજરી આપી હતી. આ સાથે અન્ય વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતની મુંબઈ, નવી મુંબઈ અને નોએડાની વધુ ફ્લાઈટ્સ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને મુંબઈ તેમ જ તાજેતરમાં શરૂ થયેલા નવી મુંબઈ એરપોર્ટ વચ્ચે તેમ જ નોએડા સાથે એર કનેક્ટિવિટી વધારવાના આશયથી સુરત એરપોર્ટથી વધુ ત્રણ ફ્લાઈટ્સ શરૂ થશે. ૩૦ માર્ચથી આ ફ્લાઈટ્સ શરૂ થવાની સંભાવના છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર ઇન્ડિગો એરલાઇન નોએડાની ફ્લાઈટ્ શરૂ કરશે. ફ્લાઇટ રાત્રે ૧૦ વાગ્યે સુરત પહોંચશે અને મુસાફરોને ઉતાર્યા પછી રાત્રે ૧૦:૩૦ વાગ્યે નોએડા (જેવર) માટે રવાના થશે.

સ્ટાર એર દ્વારા નવી મુંબઈ માટે ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. જે અઠવાડિયામાં પાંચ દિવસ - પહેલા, ત્રીજા, પાંચમા, છઠ્ઠા અને સાતમા દિવસે ચલાવવાની યોજના છે. આ ફ્લાઇટ સવારે ૧૦:૪૫ વાગ્યે સુરતમાં ઉતરશે અને બપોરે ૧:૧૦ વાગ્યે નવી મુંબઈ માટે રવાના થશે, તેવી માહિતી મળી હતી.

આ સાથે સૂત્રોના જણાવ્યા અનુસાર સુરતથી મુંબઈ એરપોર્ટને જોડતી ત્રીજી સેવા વહેલી સવારે ઉપડવાની શક્યતા છે, પરંતુ હજુ સુધી ફ્લાઈટ્સનો સમય નક્કી થયો નથી.

લગભગ ચાર વર્ષ પછી સુરત-મુંબઈ વચ્ચે સીધી કનેક્ટિવિટીમાં સુધારો થવાની શક્યેતાથી નિયમિત મુસાફરોને રાહત થશે. સસ્પેન્શન પહેલા ૨૦૨૩-૨૪માં આ રૂટ પર મુસાફરોની સંખ્યા ઘટીને માત્ર ૩૮૨ થઈ ગઈ હતી,

# મહારાષ્ટ્રના પ્રધાને વન રેસ્ટ હાઉસમાં નોન-વેજ ખોરાકનો પ્રસ્તાવ મૂક્યો: વિભાગે પ્રતિસાદ માગ્યો

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન આશિષ જયસ્વાલે વન વિભાગને વિનંતી કરી હતી કે આરક્ષિત જંગલો, અભયારણ્યો અને ટાઈગર રિઝર્વમાં આવેલા રેસ્ટ હાઉસમાં નોન-વેજ ખોરાકની મંજૂરી આપવામાં આવે. તેમણે દલીલ કરી હતી કે આ પ્રતિબંધને કારણે પ્રવાસીઓ ખાનગી હોટલો તરફ વળી રહ્યા છે, જેની અસર વન વિભાગની આવક પર પડી રહી છે.

વધારાના મુખ્ય સંરક્ષક ઋષિકેશ રંજને ૨૭ જાન્યુઆરીએ વન વિભાગ અને ટાઈગર પ્રોજેક્ટ્સની વિવિધ પ્રાદેશિક કચેરીઓને લખેલા પત્રમાં આ મુદ્દા પર તેમનાં મતવ્યો માગ્યાં હતાં. જોકે, કેટલાક વન અધિકારીઓએ આ પગલાનો વિરોધ કરતા જણાવ્યું છે કે, આવી સુવિધાઓ પરિસ્થિતિકીય રીતે સંવેદનશીલ વિસ્તારોમાં આવેલી છે અને ત્યાં નોન-વેજ ખોરાકની મંજૂરી આપવાથી વન્યજીવન સંરક્ષણને નુકસાન પહોંચશે. તેમણે સુરક્ષિત વન ક્ષેત્રોમાં હાલના નિયમોમાં કોઈપણ પ્રકારની છૂટછાટ આપવા સામે આશંકા વ્યક્ત કરી હતી.

એક દાયકા પહેલા લેવાયેલા નીતિગત નિર્ણય મુજબ, વન વિસ્તારોમાં આવેલા રેસ્ટ હાઉસમાં નોન-વેજ ખોરાક અને દારૂના સેવન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને ત્યારબાદ આ નિર્ણયને સરકારી આદેશમાં સામેલ કરવામાં આવ્યો હતો.

જયસ્વાલે દાવો કર્યો હતો કે આ પ્રતિબંધ ''પ્રવાસીઓને ખાનગી હોટલોમાં ધકેલી રહ્યો છે, જેના કારણે વન રેસ્ટ હાઉસના રહેઠાણ અને આવક પર અસર પડી રહી છે.''

આ દરખાસ્તનો વિરોધ કરતા, એક નિવૃત્ત વિભાગીય વન અધિકારીએ જણાવ્યું હતું કે માંસાહારી ખોરાક ફરી શરૂ કરવો એ વન્યજીવન સંરક્ષણ અને સંરક્ષણની અવગણના કરવા સમાન હશે. ■

# થાણેમાં ઝઘડા બાદ સફાઇ કર્મચારીની હત્યા: બે પકડાયા

થાણે: થાણેમાં નજીવી બાબતે ઝઘડો થયા બાદ બે જણે ૨૬ વર્ષના કર્મચારી પર શસ્ત્રના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી, જ્યારે સફાઇ કર્મચારીને બચાવવા માટે વચ્ચે પડેલા તેનો મિત્ર ઘાયલ થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. થાણેમાં ગામદેવી મૈદાન ખાતે બુધવારે સાંજના આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા સફાઇ કર્મચારીની ઓળખ રાહુલ મોરે તરીકે થઇ હતી. બંને આરોપીનો બુધવારે સાંજે રાહુલ સાથે નજીવી બાબતે ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતાં બંનેએ રાહુલ પર શસ્ત્રના ઘા ઝીંકી દીધા હતા, જેમાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. રાહુલને બચાવવા માટે વચ્ચે પડેલો અમિત એમ. (૨૭) હુમલામાં ઘવાયો હતો.

# અપહરણ અને ખંડણીના કેસમાં પાંચ જણ નિર્દોષ

થાણે: થાણેની સેશન્સ કોર્ટે અપહરણ અને ખંડણીના કેસમાં ચાર મહિલા સહિત પાંચને નિર્દોષ જાહેર કર્યાં હતાં. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદી પક્ષ પાંચેય સામે લગાવાયેલા આરોપ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો. એડિશનલ સેશન્સ જજ જી.ટી. પવારે ૩૦ જાન્યુઆરીએ આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે રેકોર્ડ પરના પુરાવા આરોપીઓના દોષને સ્થાપિત કરવા માટે અપૂરતા છે. આરોપીઓની ઓળખ નિશા નાગેશ ગાયકવાડ, સોનાલી ઉર્ફે પિંકી મહેન્દ્ર મહાલે, દર્શના નાગેશ ગાયકવાડ, દીપા રોહિત પ્રજાપતિ અને ઓસામા ઝૈદ ફક્કી તરીકે થઇ હોઇ ૨૧ મે, ૨૦૨૪ના રોજ તેમણે શખસ અને તેના મિત્રનું અપહરણ કર્યું હતું. બંનેને બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી પણ આપી હતી.

નવમા પાનાનું ચાલુ

## જંગલ વિકસાવવા

ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી ખંડપીઠને વિનંતી કરતાં બીએમસી તેમ જ અન્ય ઑથોરિટીએ કહ્યું હતું કે વનીકરણ માટે સંજય ગાંધી નેશનલ પાર્કની અંદરની ૨૭.૫ એકર જમીનમાંથી તેઓ માત્ર ત્રણ એકર જમીન જ ફાળવી શકે એમ છે.

પનવેલની આસપાસના વિસ્તારમાં બાકીની ૨૪ એકર જમીન શોધી કાઢવા બીએમસીએ મુદત લંબાવી આપવાની કોર્ટને વિનંતી કરી હતી. આ બાબતની નોંધ લઈને કોર્ટે બીએમસીના કમિશનરને બે અઠવાડિયાની અંદર સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો હતો.

## મુખ્ય સૂત્રધાર

છે. અગાઉ આ કેસમાં સ્વપ્નીલ બંડુ સકટ, સમર્થ શિવશરણ પોમાજી, સિદ્ધાર્થ દીપક ચેનપુરે અને આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકીની ધરપકડ કરવામાં આવી હતી. પાંચેય આરોપીને ગુરુવારે સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧૧ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપીઓ સિગ્નલ ઍપ દ્વારા એકબીજાના સંપર્કમાં હતા અને ગુના બાદ તેમણે પોતાના મોબાઇલમાંથી આ ઍપ ડિલિટ કરી દીધી હતી. ચારેય આરોપીની પૂછપરછમાં આસારામ ફાસલેનું નામ બહાર આવ્યું હતું. આથી આસારામની શોધ ચલાવીને પુણેથી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી સ્વપ્નીલ સકટના પુણેના વડગાંવના ઘરની તલાશી લેતાં એક પિસ્તોલ, ત્રણ મેગેઝિન અને ઍરગન મળી આવ્યાં હતાં. જેમાંથી પિસ્તોલ અને ત્રણ મેગેઝિન આસારામ ફાસલેએ મુખ્ય સૂત્રધાર શુભમ લોણકરના ઇશારે સ્વપ્નીલને પૂરાં પાડ્યાં હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું હતું.

આરોપીઓ લોણકરના સંપર્કમાં હતા અને તેણે કાવતરાને અંજામ સુધી પહોંચાડવા માટે નાણાં પૂરાં પાડ્યાં હોવાનું પણ સામે આવ્યું હતું. શૂટર હજી ફરાર છે અને તેની શોધ ચલાવાઇ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રોહિત શેટ્ટીના જુહુમાં આવેલા શેટ્ટી ટાવર પર શનિવારે મધરાતે સ્કૂટર પર આવેલા શૂટરે પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા. બિલ્ડિંગમાં આવેલા જિમના કાચને એક ગોળી લાગી હતી. પોલીસને ઘટનાસ્થળેથી પાંચ ખાલી કારતૂસ મળી આવી હતી, જે તપાસ માટે ફોરેન્સિક લૅબમાં મોકલી આપવામાં આવી હતી.

## સરકાર આમાંથી

હતો. આ દુર્ઘટનાના ૩૩ કલાક પછી ગુરુવારે વહેલી સવારે એક્સપ્રેસ વેના મુંબઈ જનારા કેરેજ વે પરનો ટ્રાફિક ફરી શરૂ કરવામાં આવ્યો હતો.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં ઠાકરેએ જણાવ્યું હતું કે 'આવી ઘટનાઓ બને છે ત્યારે વહીવટીતંત્ર પાસે કયાં પગલાં લેવા જોઈએ અને ઓછામાં ઓછા સમયમાં રસ્તો કેવી રીતે સાફ કરી શકાય એ સંદર્ભે કોઈ પ્લાન છે ખરો? એક્સપ્રેસવે પૂર્ણ થયાને ૨૪ વર્ષ થઈ ગયા છે... પરંતુ આ સમયગાળા દરમિયાન, સરકારે ન તો ઉભી થતી જરૂરિયાતો વિશે વિચાર્યું, કે સમગ્ર માર્ગની ગુણવત્તા જળવાઈ રહે એની પણ કોઈએ દરકાર ન કરી. આ સમગ્ર સમયગાળા દરમિયાન ટોલ વસૂલીનું કામ નિયમિતપણે ચાલુ રાખ્યું. શું સરકારની જવાબદારી ફક્ત રસ્તો બનાવવા અને ટોલ વસૂલવા પૂરતું મર્યાદિત છે?'

કેન્દ્રીય બજેટમાં, મુંબઈ-પુણે હાઇવે સ્પીડ રેલવે પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ તે થાય તે પહેલાં, બંને શહેરો વચ્ચેની રોડ મુસાફરીને સરળ અને વિશ્વસનીય બનાવવી આવશ્યક છે, એમ તેમણે ઉમેર્યું.

''આજકાલ, કોઈ કહી શકતું નથી કે રાજ્ય અને દેશના વિકાસ એન્જિન તરીકે ઓળખાતા મુંબઈ અને પુણે વચ્ચેની મુસાફરીમાં કેટલો સમય લાગશે,'' એમએનએસ વડાએ કહ્યું.

''સરકારે આ સમયગાળા (ટ્રાફિક જામ) દરમિયાન મુસાફરો પાસેથી વસૂલવામાં આવેલ ટોલ પરત કરવો જોઈએ. ચેકપોઇન્ટ પર બિનજરૂરી હોબાળો કર્યા વિના, તેણે આ ઘટના અને અન્ય સંભવિત ઘટનાઓને ધ્યાનમાં રાખીને એક એક્શન પ્લાન તૈયાર કરવો જોઈએ, જેમાં તાત્કાલિક ઉપાયોની રૂપરેખા આપવી જોઈએ અને તેને જનતા સમક્ષ રજૂ કરવી જોઈએ,'' તેમણે કહ્યું.

સરકારમાં વાલી મંત્રીઓ પર વિવાદો ચાલી રહ્યા છે. વાલીપણા પ્રત્યે આટલો મજબૂત લગાવ હોવા છતાં, એવી પરિસ્થિતિ કેમ ઊભી થાય છે જ્યાં નાગરિકો લાચાર લાગે છે? સરકારે આ અંગે ચિંતન કરવું જોઈએ, એમ તેમણે કહ્યું. મુંબઈ-પુણે એક્સપ્રેસવે ભારતનો પ્રથમ ૬-લેનનો કોંક્રિટ, એક્સેસ-નિયંત્રિત ટોલ એક્સપ્રેસવે છે. તે મુંબઈ, રાયગઢ અને નવી મુંબઈને પુણે સાથે જોડતો ૯૪.૫ કિમીનો અંતર ફેલાવે છે. (પીટીઆઈ)

## ઉદ્યોગપતિ

સુધીર મહેતાએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે બુધવારે આઠ કલાક સુધી ફસાયા બાદ પુણે પાછા ફરવા માટે તેમણે હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. એક્સપ્રેસ વે પર ભારે ટ્રાફિક જામના હેલિકોપ્ટરમાંથી લીધેલા કેટલાક ફોટોગ્રાફ પણ પોસ્ટ કર્યા હતા. લાંબા સમય સુધી રહેલા ટ્રાફિક જામ પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું હતું કે આવી ઘટનાઓ મુંબઈ-પુણે એક્સપ્રેસ વે જેવા કોરિડોર પર વધુ બહેતર તાકીદની તૈયારીની જરૂરિયાતને ઉજાગર કરે છે.

સુધીર મહેતાએ તેમની પોસ્ટમાં વધુમાં જણાવ્યું હતું કે 'એક ગેસ ટેન્કરની સમસ્યાને કારણે ૧૮ કલાકથી લાખો લોકો મુંબઈ પુણે એક્સપ્રેસ વે પર અટવાઈ ગયા. આવી પરિસ્થિતિ માટે એક્સપ્રેસ વે પર વિવિધ સ્થળોએ વાહનોને નીકળવાના માર્ગ હોવા જોઈએ.' હેલિપેડ બનાવવા માટે રૂ. ૧૦ લાખથી ઓછો ખર્ચ થાય છે અને એક એકરથી ઓછી જમીનની જરૂર પડે છે એમ જણાવી તેમણે સૂચન કર્યું હતું કે આવી તાકીદની પરિસ્થિતિ માટે એક્સપ્રેસ વે નજીકના વિવિધ સ્થળોએ આવી વ્યવસ્થા ફરજિયાત બનાવવી જોઈએ. (પીટીઆઈ)

## મુંબઈના મેયર

ભાજપ-શિંદે સેના વર્સિસ ઉદ્ધવસેના વચ્ચે જંગ જોવા મળશે.

શનિવાર, સાત ફેબ્રુઆરીના મૅયર અને ડેપ્યુટી મૅયર પદ માટે ઉમેદવારી પત્રક દાખલ કરવામાં આવ્યા બાદ ૧૧ ફેબ્રુઆરીના મૅયરના નામ જાહેર થશે. બુધવાર, ૧૧ ફેબ્રુઆરીના બપોરના ૧૨ વાગે વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હોઈ મૅયર પદ માટે અરજી પાછી ખેંચવાની મુદત સભાગૃહ શરૂ થવાના ૧૫ મિનિટ પહેલા સુધીની હશે. આ ચૂંટણી બિનવિરોધ નહીં થાય. ઉદ્ધવની સેના મૅયર પદ માટે ભાજપ સામે પોતાનો ઉમેદવાર ઊભો રાખવાની છે. જોકે ઠાકરેની શિવસેનાનો મૅયર અને ડેપ્યુટી મૅયર પદ માટે ઉમેદવાર કોણ હશે તે બાબતે સસ્પેન્સ રાખ્યું હોવાનું કહેવાય છે.

ભાજપ અને શિંદેની શિવસેનાનું સંખ્યાબળ વધુ હોવાથી તેમનો મેયર નિશ્ચિત છે, છતાં ઠાકરેની શિવસેના મૅયર અને ડેપ્યુટી મૅયર પદ માટે તેમનો ઉમેદવાર ઊભો રાખવાની છે. સાત ફેબ્રુઆરીના શિવસેના ઠાકરે ગ્રૂપના કયા ઉમેદવાર ફોર્મ ભરશે તેના પર તમામ લોકોની નજર મંડાયેલી છે. આ મુદ્દે પાલિકાના શિવસેના (યુબીટી)ના ગ્રૂપ લીડર કિશોરી પેડણેકરે માતોશ્રીમાં બેઠક બોલાવી હોવાનું જાણવા મળ્યું હતું.

સંખ્યાબળ ન હોવા છતાં મૅયર અને ડેપ્યુટી મૅયર પદ માટે યુબીટી ઉમેદવારી દાખલ કરવાની છે. આ અગાઉ ૨૦૧૭ની પાલિકાની ચૂંટણીમાં પણ વિરોધપક્ષમાં રહેલી કૉંગ્રેસે સંયુક્ત શિવસેનાના મેયરના ઉમેદવાર સામે પહેલી ટર્મમાં પોતાનો ઉમેદવાર ચૂંટણીમાં ઊભો રાખ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકાની કુલ ૨૨૭ બેઠક છે, જેમાં ચૂંટણીમાં ૮૯ નગરસેવક સાથે ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે બહાર આવ્યો છે. બીજા નંબર ઉદ્ધવની શિવસેના ૬૫ નગરસેવક સાથે છે. શિંદેની સેના ૨૯ નગરસેવક સાથે ત્રીજા નંબરે છે. કૉંગ્રેસ ૨૪, મનસે ૭, એઆઈએમએમ આઠ, અજિત પવારની રાષ્ટ્રવાદી ત્રણ, સમાજવાદી બે અને શરદ પવારની રાષ્ટ્રવાદીનો એક નગરસેવક ચૂંટાયો છે.

ભાજપ, શિંદે અને અજિત પવારના કુલ ૧૨૧ નગરસેવક થાય છે. ત્રણેય પક્ષોની મહાયુતિ પાસે બહુમતી હોવાથી તેમનો મૅયર અને ડેપ્યુટી મૅયર નક્કી છે, જેમાં મૅયર ભાજપ અને ડેપ્યુટી મૅયર પદ શિંદે સેના પાસે જવાની શક્યતા છે, જેમાં ભાજપ તરફથી ત્રણ ચાર નગરસેવિકાના નામ પર ચર્ચા વચ્ચે શિંદે સેના તરફથી ડેપ્યુટી મૅયરના પદ માટે યામિની જાધવ સહિત અન્ય બેના નામ આગળ છે.

## ટ્રાફિક જામ

માટે સરકારની ઉદાસીનતા જવાબદાર છે. એક્સપ્રેસ વે પરના સંભવિત જોખમોને ટાળવા માટે, સાર્વજનિક બાંધકામ વિભાગના અધિકારીઓએ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કર્જત-શિરુર હાઈવે સૂચવ્યો હતો. જોકે, પુણે-મુંબઈ એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામ ટાળવા માટેનો આ 'કર્જત-શિરુર હાઈવે'નો પ્રસ્તાવ સરકારના દરબારમાં ધૂળ ખાઈ રહ્યો છે. સરકારે આ અંગે અહેવાલ રજૂ કર્યો છે અને સાર્વજનિક બાંધકામ વિભાગનો આ મહત્ત્વનો અહેવાલ હવે સામે આવ્યો છે.

પુણે એક્સપ્રેસ વે પર આવા સંભવિત જોખમને ટાળવા માટે, જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓએ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કર્જત શિરુર હાઇવે સૂચવ્યો હતો. જોકે, આ દરખાસ્ત બે વર્ષથી મંત્રાલયના જાહેર બાંધકામ વિભાગમાં પડી છે. બધા ઘાટ પરના રસ્તાઓ વચ્ચેનું અંતર વીસથી પચીસ કિલોમીટર છે. જોકે, માલશેજથી લોનાવાલા સુધીના ઘાટ પરના રસ્તાઓ વચ્ચેનું અંતર ૭૦ થી ૮૦ કિલોમીટર છે. તેથી, પુણે મુંબઈ એક્સપ્રેસ વે પર ગમે તેટલા ફેરફારો કરવામાં આવે, ટ્રાફિક જામની સમસ્યા ચાલુ રહેશે. મુંબઈ, એમએમઆર રિજન, જેએનપીટીથી પુણે, સોલાપુર, અહમદનગર, હૈદરાબાદ અને મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ સુધી ભારે ટ્રાફિક માટે આ એકમાત્ર હાઇવે છે. તેથી, ભવિષ્યમાં ટ્રાફિક જામને ધ્યાનમાં રાખીને, સરકારને એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે કર્જત શિરુર હાઇવેને વિકલ્પ તરીકે ધ્યાનમાં લેવામાં આવે. એક તરફ, સરકાર સમૃદ્ધિ હાઇવે હોવા છતાં શક્તિપીઠ હાઇવે બનાવવાની યોજના બનાવી રહી છે, પરંતુ બીજી તરફ, આ પ્રકારના ટ્રાફિક જામની સમસ્યાનો ઉકેલ લાવતી જોવા મળતી નથી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામની નોંધ લઇ, એમએસઆરડીસી ને તપાસ કરીને ભલામણો સાથે વિગતવાર અહેવાલ રજૂ કરવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને અને જો આવું બને તો કેવા પ્રકારની તૈયારી રાખવા તેનો નિર્દેશ આપ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ આવી કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક ટ્રાફિક પ્લાન તૈયાર કરવાના નિર્દેશ આપ્યા હતા. સાથે જ, મિસિંગ લિંકનું કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાના નિર્દેશ પણ આપ્યા હતા.

## મુંબઈ-પુણે

જતા કેરેજવે પર વાહનવ્યવહાર શરૂ થયો હતો.

ગેસ ટેન્કરને હટાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ ઘાટ સેક્શનમાં વાહનોની અવરજવર ધીમે ધીમે સામાન્ય થઇ હતી. જોકે અમુક ભારે વાહનો આ માર્ગ પર ફસાયેલા હોવાથી થોડા સમય માટે ટ્રાફિક જૅમ ચાલુ રહ્યો હતો. ગુરુવારે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ આઅમૃતાંજન બ્રિજની નજીક માર્ગ પર કેટલાંક ભારે વાહનો બંધ પડી જવાને કારણે ઘાટ વિસ્તારમાં ટ્રાફિક ધીમો પડી ગયો હતો, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈ આવી રહેલું ગેસ ટેન્કર મંગળવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર આડોશી ટનલ નજીક ઊંધું વળી ગયું હતું, જેને કારણે ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ થઇ ગયો હતો. એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમને કારણે પચીસ કિલોમીટર સુધી વાહનોની લાઇન લાગી હતી, જ્યારે બાળકો, વૃદ્ધો સહિત હજારો મુસાફરો ખોરાક-પાણી, તબીબી સહાય અને શૌચાલયની સુવિધાઓ વિના ફસાયેલા જોવા મળ્યા હતા. ભારે ટ્રાફિક જૅમ અને લોકોના રોષને કારણે એક્સપ્રેસવે પર ટોલ કલેક્શન બંધ કરી દેવામાં આવ્યું હતું.

ટેન્કરમાંથી સતત ગેસ લીકેજ થવાથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ)ના નિષ્ણાતોની ટીમો ઉપરાંત હાઇવે પોલીસ અને એમએસઆરડીસીની ટીમને ઘટનાસ્થળે તહેનાત કરવામાં કરવામાં આવી હતી. ટ્રાફિક જૅમને કારણે દૂધ, શાકભાજી જેવી આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠાને અસર થઇ હતી. કારણ કે ઘણા માલવાહક વાહનો કલાકો સુધી માર્ગ પર અટવાઇ ગયા હતા.

## મહારાષ્ટ્રમાં સતત

રીતે ઘાયલ થયેલા વ્યક્તિઓની સંખ્યામાં વર્ષ દરમિયાન ૮ ટકાનો વધારો થયો છે, જે સતત છઠ્ઠા વર્ષે થયેલો વાર્ષિક વધારો દર્શાવે છે.

સત્તાવાર માહિતી મુજબ, રાજ્યમાં ૨૦૨૦ માં ૨૪,૯૭૧ અકસ્માતો નોંધાયા હતા, જે ૨૦૨૧ માં વધીને ૨૯,૪૭૭, ૨૦૨૨ માં ૩૩,૩૮૩, ૨૦૨૩ માં ૩૫,૨૪૩ અને ૨૦૨૪ માં ૩૬,૧૧૦ થયા હતા. ૨૦૨૦ માં કોવિડની પહેલી લહેર દરમિયાન અકસ્માતમાં ઘટાડો જોવા મળ્યા પછી, ગયા વર્ષે ૩૨,૯૨૫ અકસ્માતો થયા હતા, ત્યારબાદ દર વર્ષે આ સંખ્યામાં સતત વધારો થયો છે, એમ અહેવાલમાં જણાવાયું હતું.

મહારાષ્ટ્ર ૨૦૨૧ પછી પહેલી વાર મૃત્યુઆંકમાં થોડો ઘટાડો કરવામાં સફળ રહ્યું. ૨૦૨૫માં, મહારાષ્ટ્રમાં જીવલેણ અકસ્માતોમાં ૧૫,૫૪૯ લોકોના, જ્યારે ૨૦૨૪માં જીવલેણ અકસ્માતોમાં ૧૫,૭૧૫ લોકોનાં મોત થયા હતા. કામચલાઉ ડેટા મુજબ, ૨૦૨૦ થી માર્ગ અકસ્માતોમાં એકંદરે વધારો થયો છે, જ્યારે ૧૧,૫૬૯ લોકોએ અકસ્માતોમાં જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૧ માં ૧૩,૫૨૮, ૨૦૨૨ માં ૧૫,૨૨૪, ૨૦૨૩ માં ૧૫,૩૬૬ અને ૨૦૨૪ માં ૧૫,૭૧૫ સુધી આંકડો પહોંચ્યો હતો, તેમ અહેવાલ દર્શાવે છે.

૨૨ જાન્યુઆરીના રોજ જારી કરાયેલા એક પ્રકાશનમાં, મહારાષ્ટ્રના અધિક પરિવહન કમિશનર ભરત કલાસકરે દાવો કર્યો હતો કે રાજ્ય સરકારે ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ૫૦ ટકા ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ ધ્યેય હાંસલ કરવા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે માર્ગ સલામતી કોષોની રચના સહિત વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

પુણે સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડ્રાઇવિંગ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સોસાયટીના પ્રિન્સિપાલ સંજય સાસણેએ જણાવ્યું હતું કે રાજ્યમાં વધતા માર્ગ અકસ્માતો માટે ડ્રાઇવર તાલીમનો અભાવ એક કારણ છે, ઉપરાંત અન્ય ઘણા કારણો પણ છે.

# હિન્દુ મરણ

**દશાનીમા વૈષ્ણવ વણિક**

મોડાસા નિવાસી હાલ ખાર ગં. સ્વ. સુશીલાબેન (ઉં. વ. ૯૦) તા. ૨-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રમેશ શંકરલાલ સુરાના પત્ની. સ્વ. મણીબેન પ્રાણલાલ ગાંધીના પુત્રી. પ્રદીપ, નીના, ટીના, શ્વેતાના માતુશ્રી. અલ્પા, દિપક, હિમાંશુ, દિપકના સાસુ. સ્વ. વિનોદભાઇ, જીતુભાઇ, સુકેચી, ગીતાના ભાભી. સ્વ.જયાબેન, સ્વ. વિનોદીનીબેન, મુળરાજના બહેન. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૬ શુક્રવારના સાંજે ૫.૩૦થી૭. ઠે. લક્ષ્મીનગર હોલ, ૧૦મો રસ્તો, ખાર (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. જયાબેન વિશ્રામ ગેસોતા (ઉં. વ. ૯૨) કચ્છ ગામ લખપત કોરિયાની હાલ મુલુંડ તે સ્વ. વિશ્રામ ટોપણદાસ ગેસોતાના પત્ની. સ્વ. વીરબાઇ વલ્લભજી લખમશી દામાણીના પુત્રી તા.૪-૨-૨૬ના બુધવારના રામશરણ પામેલ છે. તે પ્રતિમા પ્રતાપ ઠક્કર, હંસા અશોક સોમૈયા, અજય, ગીતા અશોક મિશ્રા, પ્રકાશ તથા ભરતના માતુશ્રી. તે હેમલતા, ભાવના અને કાશ્મીરાના સાસુમા.સ્વ. વિનોદચંદ્ર વલ્લભજી, સ્વ. દમયંતીબેન વિસનજી, સ્વ. પાર્વતીબેન કરસનદાસ, સ્વ. વિજયાબેન દ્વારકાદાસ, ગં. સ્વ. ઇન્દુ ચત્રભુજ, ગં. સ્વ. પુષ્પા રમેશચંદ્ર, મહાલક્ષ્મી વલ્લભજી, સૌ. હેમલતા જયકિશનના બહેન. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૬ના શુક્રવાર સાંજે ૪થી ૫.૩૦. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓ એ તેજ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ જખૌ હાલ મુલુંડ સ્વ. ભચીબાઇ થરદાસ ડુંગરસિંહ વડેરાના નાના પુત્ર મુલરાજભાઇ (ઉં. વ. ૮૧) તા. ૩-૨-૨૬ના રામચરણ પામેલા છે. અ. સૌ. સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. સાકરબેન મોનજી મોતીરામ (શંભુ ભગત) રૂપારેલ કચ્છ ગામ કોઠારાવાળાના જમાઇ. શરદ, રૂપલ અવિનાશ દવે, ભૈરવીના પિતા. અ. સૌ. ચૈતાલીના સસરા. માયાબેન જમનાદાસ (મંગલદાસ) સાવિત્રી પ્રેમજીભાઇ માધવાણી, શિવદાસ (શંભુભાઇ) ભાનુબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. રવિશંકર ટી.ઓ.કે.હોમ, પરમેશ્વરી સેન્ટર, ૧લે માળે, અચીજા હોટેલની ગલીમાં, મદન મોહલા માલવીયા રોડ, મુલુંડ (વેસ્ટ).

**ભાવનગરી મોચી**

સોસીયા હાલ મુંબઇ પરમાર ધરમશીભાઇ વીઠ્ઠલભાઇના ધર્મપત્ની ગં. સ્વ. ચંપાબેન ધરમશીભાઇ પરમાર (ઉં. વ. ૯૫) તા. ૩-૨-૨૬ મંગળવારના રામચરણ પામેલ છે. કાંતીભાઇ, યોગેશભાઇ, કમુબેન,સ્વ. હંસાબેનના માતુશ્રી. જયશ્રીબેન, ક્રિષ્ણાબેન, ભીખાભાઇ સરવૈયા, લલિતકુમાર વનરાના સાસુ. હિતેશ, પીન્કી, પ્રગતિ, શૈલેશ, વિશાલ, ભાગ્યશ્રી, પ્રિયંકાના દાદી.

**ચારસો એકડા ભાવસાર**

ગોઝારિયા નિવાસી હાલ કાંદિવલી હરિપ્રસાદ પ્રભુદાસ ભાવસાર તા. ૩-૨-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે જશોદાબેનના પતિ. મીના વાસુદેવ ભાવસાર, હર્ષા હરિશ ભાવસાર, ભરત અને અમરના પિતાશ્રી. કામિનીના સસરા. મધુરા, અમનના દાદા. ઉમંગ, અર્જુન અને કોમલના નાના. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સિદ્ધપુર વિશા દિશાવળ વણિક**

ગં. સ્વ. પ્રભાવતીબેન ઘનશ્યામભાઇ સુતરવાલા (ઉં. વ. ૯૧) હાલ ઘાટકોપર તે તા. ૪-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રતીક, શીલ્પા, બીરાજના માતુશ્રી. તે નૈલેશભાઇ, સંજયભાઇ, કામીનીના સાસુ. પ્રેણાલીના દાદી. પાર્થ કુશલ માનસી રોહનના નાની. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

નેસડા નિવાસી હાલ મલાડ સ્વ. મંજુલાબેન ત્રિપુરાશંકર રાવલના સુપુત્ર સુનિલ ત્રિપુરાશંકર રાવલ (ઉં. વ. ૬૬) તે તા. ૪-૨-૨૬ બુધવારના કૈલાસવાસી થયેલ છે. તે દીપકભાઇ ત્રિપુરાશંકર રાવલ, ભારતીબેન કિરીટભાઇ જોશી તથા કિશોરીબેન નરેશભાઇ ભિલોટાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૭-૨-૨૬ના. ઠે. ધનશ્યામદાસ સરાફ માતૃ મંદિર, પોદાર રોડ, મલાડ (પૂર્વ), ગોળ-ગાર્ડનની બાજુમાં, મુંબઇ-૯૭.

**કચ્છી લોહાણા**

સ્વ. ભોજબાઇ જમનાદાસ મુરિયાના પુત્ર સ્વ. રામજીભાઇના ધર્મપત્ની ગં. સ્વ. કલાવંતીબેન (ઉં. વ. ૮૯) તે અરવિંદ, ગં. સ્વ. લતાબેન અરવિંદ શાહ, સ્વ. વિજય, સ્વ. અરૂણાના માતુશ્રી. બીનાબેનના સાસુ. સ્વ. પાર્વતીબેન ખેપાર ગણાત્રા ગામ અકરીવાળાની નાની પુત્રી. તે સ્વ. શંકરલાલ, સ્વ. મંગળદાસના બહેન. પાર્થ, શ્યામના દાદી. ભાવેશ, હિતેશના નાની તા. ૪-૨-૨૬ બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદિવલી સ્વ. ઇલાબેન મધુકરભાઇ મુનીના પુત્ર નિમિત્ત (ઉં.વ.૪૯) તા. ૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે વિભાના પતિ. પુનિતના મોટાભાઇ. નેહાના જેઠ. તે ભાડવાંકિયાવાળા હાલ કોન્ડાગાંવ હસમુખરાય નરસીદાસ મોદીના જમાઇ. સ્વ. શરદભાઇ, નીરુભાઇ, પ્રકાશભાઇ, હેમલબેન સંદીપભાઇ કાચલિયાના ભત્રીજા. સ્વ. હરીશભાઇ દ્વારકાદાસ મહેતાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ છે.

**પાવરાઈ ભાટિયા**

મુંબઈ નિવાસી, ગં.સ્વ. સરિતાબેન ભરતભાઈ ચંદ્રા (ઉં.વ.૭૮) તે સ્વ. લીલાવતી હરિદાસ ચંદ્રાના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મી (પુષ્પા) પુરષોત્તમ વેદના પુત્રી. પિયુષ(પ્રશાંત) ચંદ્રાના માતા. અ.સૌ. અમૃતા ચંદ્રાના સાસુ. ચી ભૂમિના દાદી, સ્વ. વસંતભાઈ ચંદ્રા, સ્વ. કુસુમબેન ડુંગરસિંહ શાહ, સ્વ. કુમુદબેન શાંતિકુમાર આશર, અ.સૌ. ચંદ્રાબેન લલિત મર્ચન્ટ તથા ગ.સ્વ. લક્ષ્મીબેન પ્રવીણ ઠક્કરના ભાભી તા.૨/૨/૨૦૨૬ ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામખંભાળિયા નિવાસી હાલ કાંદીવલી, સ્વ. ભગવાનદાસ જીવણદાસ મોદીના ધર્મપત્ની ગં.સ્વ. નીલમબેન (ઉં.વ.૮૧) તા. ૪-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નિલેશ રશ્મિકાંત તથા ધારિણી પ્રકાશકુમાર દત્તાણીના માતા. માલતી, મયુરી તથા પ્રકાશકુમાર દત્તાણીના સાસુ. સ્વ. કેશવલાલ દામોદરદાસ કોટેચાના પુત્રી. સ્વ.વલ્લભદાસ, પ્રદ્યુમનભાઈ, સ્વ. શાંતીબેન કાનાણી, ગં.સ્વ. સુશીલાબેન મોટાણી તથા નલીનીબેન રાડીયાના ભાભી. પ્રાર્થનાસભા તા. ૬-૨-૨૬ શુક્રવારના સાંજે ૫ થી ૬.૩૦. સ્થળ: શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, બીજો માળ એસ.વી.રોડ શંકરના મંદિરની બાજુમાં કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

રાજુલાવાળા હાલ બોરીવલી, શાંતિલાલ નથુભાઈ ભુરાભાઇ પરમાર (ઉં. વ. ૮૧) ૩/૨/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ. મીતા, મેહુલભાઈ તથા નીરજના પિતા. ગીતા તથા શ્વેતાના સસરા. સ્વ. મગનભાઈ, સ્વ. લવજીભાઈ, ધીરજભાઈ, ઈશ્વરભાઈ, જસુમતીબેન ચંદુભાઈ ડોડીયા, પુષ્પાબેન વિપિનચંદ્ર ડોડીયાના ભાઈ. સ્વ. જીણાભાઇ ભૂખણદાસ કંસારાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૬/૨/૨૬ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

# પારસી મરણ

ફરોખ શાવકશા કુપર તે ડો. એમીના ધની. તે મરહુમો દીના શાવકશા કુપરના દીકરા. તે સામ તથા મરહુમ ફ્રેનીના ભાઇ. તે રોહીન કુપરના કાકા. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૧૯૪, તલાટી બિલ્ડિંગ, ૧લે માળે, ૧૨મી ખેતવાડી રોડ, બેંક રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૨-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, કામાબાગ, અગિયારીમાં છેજી.

પીરોજ જમશેદજી પટેલ તે ઝરીનના ધની. તે મરહુમો શેરામાય જમશેદજી પટેલની દીકરી. તે સામી, કૈઝાન ને અનાહીતાના માતાજી. તે મરહુમો એરચ, જાલ, તેમુલના બહેન. તે મરહુમો ખોરશેદ ને પરસીસના દેર. તે હોમીયાર, નેવીલ ને દીલશાદના કાકા. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૧૮, બોડ બિલ્ડિંગ, ૧લે માળે, મર્ઝબાન કોલોની, ગીલ્ડર લેન, નવજીવન સોસાયટીની સામે, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા.૬-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, તારદેવ શેઠના અગિયારીમાં છેજી.

પરવીન ફિરોઝ ગગરાત તે મરહુમ ફિરોઝના ધન્યાની. તે મરહુમો ડોલી ફરામરોઝ સરકારીના દીકરી. તે મહારુખ તે શેરનાઝના માતાજી. તે નેવીલ, કૈરોઝના સાસુજી. તે મરહુમ સામના બહેન. તે શેનીસ, ઝઇશ, નીયાશાના મમઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૭૩૧, પોલસન બિલ્ડિંગ, જે. વી. રોડ, પારસી કોલોની, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૨-૨૦૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

ધનમાય એદલજી ફનીબંદા તે મરહુમો રતનબઇ એદલજી ફનીબંદાના દીકરી. તે મરહુમ મેહેરજી, ધનજીશા, મહેરા જર, ખોરશેદ, તેહમી, વીરા, આલુ, હોમાયના બહેન. તે નીલુફર ને મરહુમ વીસપીના ફઇ. તે દીનયા, માહારુખ, મર્ઝબાન, એરચ, શાહરુખ, વીરાફ, નોશીર, ફ્રેની, રોહીન્ટન, આરમઇતી, ફ્રેની, બહેરામ, રતી, પરવીન, હોશંગના માસી. (ઉં. વ. ૯૮) રે. ઠે. ૧૪/૧૧૦૫, ઇંદ્રદર્શન, ફેસ-૨, ઓશીવારા, અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૩, ફ્લેટ નં.૧૧૦૫, ૧૧મે માલે, મીલત નગર, લીંક રોડ. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૨-૨૦૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, બહેરામ બાગ, જોગેશ્વરી.

જરુ નોશીર સહીયર તે મરહુમ નોશીરના ધન્યાની. તે મરહુમો હોમાય સાવકશા કાસદના દીકરી. તે આરમીનના માતાજી. તે પરવેઝના સાસુજી. તે દારા, વીરા ને મરહુમ ફીરદોશના બહેન. તે રુશાદ ને યઝદના મમઇજી. તે રોહીન્ટન, મરહુમ ફિરોઝ, સીલ્લુ પરવેઝના ભાભી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૨૬/એ, જૂની વાડીયા ચાલ, પ્રીન્સેસ સ્ટ્રીટ, ૭, ચંદન વાડી, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૭-૨-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં.૧.માં ડુંગરવાડી પર.

# જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નવાગઢ જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અશ્વનીકુમ હીરાચંદ મારડીયાના ધર્મપત્ની. સ્વ. શાંતાબેન હીરાચંદ મારડીયાના પુત્રવધુ ગં. સ્વ. સ્મિતા (સરોજબેન) (ઉં. વ. ૭૧) તે સૌ. હીના સચીન શાહ અને ચિ. હિમાંશુના માતુશ્રી. ચિ. પરી તથા ચિ. પ્રથમના નાની. તે પિયર પક્ષે સ્વ. લીલાવંતીબેન મનસુખલાલ શેઠના દીકરી. મહેન્દ્રભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, વિજયભાઇ, હિતેશભાઇ, સૌ. શૈલાબેન બીપીનકુમાર દોશી અને સૌ. ભાવિની પ્રમોદકુમાર વોરાના બહેન તા. ૩-૨-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ટીકર રણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ધનલક્ષ્મીબેન ઇશ્વરલાલ મહેતાના સુપુત્ર ચિ. નિલેશ (ઉં. વ. ૬૦) તે દિપ્તી મહેતાના પતિ. ખ્યાતી ખુશાલી ભાવીના પિતાશ્રી. કુનાલ શેઠના સસરા. ઉપેન્દ્રભાઇ, પરેશભાઇ, કિરીટભાઇના નાનાભાઇ. તેમ જ સુધાબેન તથા સ્વ. લલિતભાઇ ઝવેરચંદ પોપટાણીના જમાઇ. તા.૩૧-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નેસડી સાવરકુંડલા નિવાસી હાલ વસઇ ચિરાગ વિજયભાઇ ઉમેદરાય ગોડા (ઉં. વ. ૩૫) મંગળવાર, તા. ૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પુત્ર. ઇશિતાબેનના પતિ. રોનકના ભાઇ. રાજુ, દિલીપ, પરેશ, રીટાબેન ભાવિકકુમાર શાહના ભત્રીજા. મહેશભાઇ હિંમતલાલ સરવૈયાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૬-૨-૨૬ના ૩થી ૫. ઠે. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણેકપુર વસઇ રોડ (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ નખત્રાણા હાલે બોરીવલી, માનવંતીબેન (ઉં.વ.૯૪) મંગળવાર, તા. ૩-૨-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વીરચંદ કરસનજી મહેતાના ધર્મપત્ની. સુરેશ, કુસુમ, ભરત, રાજેશ, શૈલેશના માતુશ્રી. નિરંજના, સ્વ. મધુકાન્ત, મીના, રીના, મીનાક્ષીના સાસુ. સ્વ. મનસુખલાલ, સ્વ. ચમનલાલ, અશ્વિનભાઇ, હીરાલાલ, સ્વ. દયાબેન પ્રેમચંદ શાહ, કંચનબેન પ્રાણલાલ વોરા, દમીબેન કનકલાલ ફોફડીયાના ભાભી. સ્વ. દેવચંદ કુંવરજી શાહ મંજલની સુપુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાન:- ૧૧૦૧, જય ચામુંડા સોસાયટી, ગ્રીન્સ હોટલની સામે, મેનકાર્ટર રોડ, બોરીવલી ઈ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોવિંદપુર નિવાસી હાલ મીરારોડ, જ્યોતીબેન કિશોરભાઈ ઝવેરચંદ ઘાટલીયાના પુત્ર વિપુલ તે દીપ્તિના પતિ. ફાલ્ગુની દેવાંગકુમાર કિનારીવાલાના ભાઈ. દેવમ તથા મિશાના પિતાશ્રી. સ્વ. મધુકાંતભાઈ તથા નવિનભાઈના ભત્રીજા. ઉપલેટા નિવાસી સ્વ. હરિલાલ ખીમચંદ દોશીના જમાઈ. શિખા તથા મેઘના મામા તા. ૦૪/૦૨/૨૬ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૦૮/૦૨/૨૬ના બપોરે ૩ થી ૫. સ્થળ: શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, શાંતિનગર, સેક્ટર નંબર ૬, મીરારોડ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના વિમળાબેન સ્વ. મણીલાલ ગાલા (ઉં. વ. ૭૪) તા. ૪-૨-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. મણીલાલ હેમરાજના પત્ની. મેઘબાઇ હેમરાજ વેલજીના પુત્રવધૂ. હંસા, જયેશ, કલ્પેશના માતુશ્રી. ત્રગડીના મણીબેન ખીમજી નથુના પુત્રી. સ્વ. સૂર્યકાંત, સ્વ. કલ્યાણજી, સ્વ. ભાઇલાલ, ચેતનાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ મણીલાલ ગાલા, સી-૧, જેસલ કૃપા, અગ્રવાલ આઇસ્ક્રીમની બાજુમાં, કેબીન ક્રોસ રોડ, ભાયંદર (ઇસ્ટ).

કોટડા (રોહા)ના મણીબેન લીલાધર તેજશી ગાલા (ઉં. વ. ૮૮) તા. ૩-૨-૨૬ ના અવસાન પામેલ છે. મેઘબાઈ તેજશી મણશીના પુત્રવધૂ. વલ્લભજી, શાંતિલાલ, હરખચંદ, હસમુખ, જવેર, વાસંતીના માતાજી. ખેતબાઈ ખીમજી ભુલાના સુપુત્રી. લક્ષ્મીબેન લીલાધર ગઢસીસાના પાનબાઈ ભાણજી, ખારુઆના ગંગાબાઈ રવજી, મુરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : હરખચંદ ગાલા, રૂમ નં ૯, જોશી ચાલ, બાન્દ્રેકર વાડી, જોગેશ્વરી (ઈ).

હાલાપુરના જેઠાલાલ લધુભાઈ મારૂ (ઉં. વ. ૮૭) તા ૪/૨/૨૬ના અવસાન પામેલ છે. રતનબેન લધુભાઇના પુત્ર. મણીબેનના પતિ. કલ્યાણજી, મગનલાલ, વરંડી રેવંતીબેન લાલજી, ગઢસીસા, પુષ્પાબેન ઠાકરશીના ભાઈ. સ્વ. કિરીટ, સ્વ ચંદ્રેશ, નિપુલ, બિરેન, બાડા લતા પ્રવીણ, ભોજાય કલ્પના હિરેન, ડુમરા મીનલ કેતન, માપર શિલ્પા કેતન, નાડોલ ડીમ્પલ કમલેશના પિતાશ્રી. નાગ્રેચા ભચીબાઈ વેરશી રાયશીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા.સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટા. ૨ થી૩:૩૦

માપરના કુંવરજી ગાલા (જાગાણી) (ઉં. વ. ૭૫) તા. ૩-૨-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ નાનજી હીરજીના સુપુત્ર. કુસુમબેનના પતિ. શૈલેષ, જીતેન્દ્રના પિતાશ્રી. ભવાનજી, અમૃતબેન, ધનજીના ભાઈ. કેસરબેન રામજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કુંવરજી ગાલા, બી-૧૯/૨૦, જુહુ હેવન્સ, હરે ક્રિષ્ણા મંદિરની બાજુમાં, જુહુ. મું-૪૯.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

રાજકોટ નિવાસી હાલ મહાડ, ગં.સ્વ. ચંદ્રિકાબેન મહેતા તે સ્વ. દિનેશભાઇ મોહનલાલ મહેતાના પત્ની શાંતિલાલ હીરજીભાઈ જસાણીના દીકરી. હિતેશ, મીતા, બિંદુ તથા અમિતના માતુશ્રી. એકતા, વૈશાલી તથા પરાગના સાસુ. રુહી, નિશિત, જહાન્વીના દાદી ૪/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**


નેસડાવાળા હાલ બોરીવલી, સ્વ. રમીલાબેન તથા હિંમતલાલ છગનલાલ વિરવળીયા (શાહ) ના પુત્ર પરેશભાઈ (ઉં. વ.૬૧) તે ૪/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સેજલબેનના પતિ. આયુષના પિતા. દિનેશભાઇ, નિલેશભાઈ, રંજનબેન ચંદ્રકાંત શાહ તથા રસીકાબેન પરેશભાઈ મહેતાના ભાઈ, સાસરાપક્ષે ડીસાવાળા હાલ બોરીવલી સ્વ. રસીલાબેન તથા સ્વ. સુરેશકુમાર ચંદુલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

# ફિલ્મોમાંથી ફેંકાયો, પણ આવકાર પામ્યો ઓટીટી પર...

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**


ઈમરાન હાશ્મી

**કારકિર્દીના પ્રારંભમાં 'કિસિંગ કિંગ'નું બિરુદ મેળવનાર ઈમરાન હાશ્મીએ નવા ઓડિયન્સ માટે પોતાનામાં ધરમૂળમાંથી ફેરફાર કર્યો છે**

'બદલાવ જ પ્રકૃતિનો નિયમ છે' એવું ગ્રીક ફિલોસોફર કહી ગયા છે. ચાર્લ્સ ડાર્વિન નામના વૈજ્ઞાનિકે જગતને જણાવ્યું છે કે 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ'. કોઈ પણ ક્ષેત્રમાં ટકી રહેવા માટે આ નિયમ લાગુ પડે છે.

૨૦૨૫નું વર્ષ હિન્દી ફિલ્મ ઉદ્યોગ માટે 'યર ઓફ રિઇન્વેન્શન' એટલે કે કાયાપલટનું વર્ષ સાબિત થયું ફિલ્મો માટે અને કલાકાર માટે સુધ્ધાં.

ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મોની યાદી પર નજર નાખતા એક બાબત ઊડીને આંખે વળગે છે કે નિશ્ચિત ફોર્મ્યુલા આધારિત ફિલ્મોની બદલે સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં સાહસિક વૃત્તિ નજરે પડી. એક્ટરો ઈમેજ છોડી જોખમ ખેડવા તૈયાર થયા. અવગુણ ધરાવતા પાત્ર સાકાર કરવા તૈયાર થયા. એક સારી વાત એ હતી કે ઓટીટી પ્લેટફોર્મ જોખમને પોંખવા તૈયાર થયું. સ્ટારડમને નહીં, પર્ફોર્મન્સને પ્રાધાન્ય મળવા લાગ્યું. ટૂંકમાં ૨૦૨૫નું વર્ષ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ઉત્ક્રાંતિનું અને કલાકારો માટે રિઇન્વેન્શન એટલે કે કાયાપલટનું વર્ષ સાબિત થયું.

ઈમરાન હાશ્મી આ વ્યાખ્યામાં અદ્લોદલ ફિટ બેસે છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભટ્ટ ભાઈઓ મહેશ ભટ્ટ - મુકેશ ભટ્ટ તેમજ મોહિત સૂરિ સાથે પારિવારિક નાતો ધરાવતા ઈમરાન હાશ્મીએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શરૂઆત 'રાઝ'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરી હતી. ત્યારબાદ વિક્રમ ભટ્ટની 'ફૂટપાથ'માં ગેન્ગસ્ટરના રોલથી ઈમરાનના અભિનય પ્રવાસનો પ્રારંભ થયો. જોકે, ફિલ્મ ફ્લોપ થઈ, પણ ઈમરાન હાશ્મીમાં ઈન્ડસ્ટ્રીને આશાસ્પદ અભિનેતા નજરે પડ્યો અને મુકેશ ભટ્ટ નિર્મિત અને અનુરાગ બસુ દિગ્દર્શિત મલ્લિકા શેરાવત સાથેની 'મર્ડર' એક્ટરની કારકિર્દીમાં ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ અને 'કિસિંગ કિંગ'ના લેબલ સાથે ઈમરાન હાશ્મીની ગાડી દોડવા લાગી. અલબત્ત, 'કિસિંગ કિંગ'ની ઈમેજનો લાભ થયો તો સિક્કાની બે બાજુ હોય એમ સાથે ગેરલાભ પણ થયો. આ ઈમેજ અચાનક નહોતી ઊભી થઈ. એક ઈન્ટરવ્યૂમાં એક્ટરે જ આ વિશે ફોડ પાડી ખુલાસો કર્યો છે કે 'મારી આ સિરિયલ કિસરની ઈમેજ અણધારી કે અચાનક નહોતી બની ગઈ. ઈરાદાપૂર્વક, માર્કેટિંગ વ્યૂહરચનાના ભાગરૂપે આ બધું કરવામાં આવ્યું હતું.'

આમેય ફિલ્મ ઈન્ડસ્ટ્રી આ પ્રકારના ગતકડાં માટે પ્રખ્યાત છે. હીરો - હીરોઈનના અફેરની વાતો ચગાવવી કે થિયેટરમાં એક સીટ હનુમાન દાદા માટે ખાલી રાખવી જેવા વિવિધ નુસખા દર્શકોને આકર્ષવા કરવામાં આવતા હોય છે.

ઈમરાન કહે છે કે 'મારી ફિલ્મો વ્યવસાયિક સ્વરૂપમાં સફળ સાબિત થઈ રહી હતી અને એ ઈમેજનો લાભ હું લઈ રહ્યો હતો. માર્કેટિંગના ભાગ સ્વરૂપે આ બધું થઈ રહ્યું હતું. મીડિયા પણ આ વાત ચગાવી રહી હતી.'

સરવાળે એક્ટરનું હિત જળવાઈ રહ્યું હતું. આવી સફળતા ઓફરોમાં ભરતી લાવતી હોય છે. ઈમરાન હાશ્મી ખૂબ જ વ્યસ્ત થયો. ઈરોટિક થ્રિલર્સમાં કામિયાબી મેળવ્યા પછી હોરર ફિલ્મોમાં પણ તેને સફળતા મળી. સાથે સાથે એકશન ફિલ્મોમાં કામ કરવાને પણ પ્રાધાન્ય આપતો રહ્યો. 'જન્નત' અને 'આવારાપન' વગેરે ફિલ્મોને કારણે એની લોકપ્રિયતામાં મોટી ભરતી આવી. ઈમરાન હાશ્મીને એક લાભ એ પણ થયો કે એની ફિલ્મોનું સંગીત પણ લોકોને ખાસ્સું પસંદ પડ્યું. 'આશિક બનાયા આપને', 'અકસર' અને 'દિલ દિયા હૈ' ફિલ્મોના ગીત - સંગીત પણ ફિલ્મોની સફળતામાં નિમિત્ત બન્યા. કિસિંગ કિંગની ઈમેજમાં બંધાઈ ગયેલા એક્ટરે થ્રિલર, એક્શન અને ડ્રામા ફિલ્મોને પણ પ્રાધાન્ય આપ્યું. પ્રયોગ કરવાની એની કોશિશ સતત દેખાઈ રહી હતી.

ઓડિયન્સની બદલાતી રુચિ અંગે ઈમરાન હાશ્મી એક સરસ મુદ્દો માંડે છે. બે દાયકા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વિતાવનાર એક્ટર કહે છે કે 'હું સતત નવા નવા પાત્રો ભજવવાની કોશિશ કરતો હતો, પણ સિરિયલ કિસરની ઈમેજ પીછો નહોતી છોડતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક બાબત મારા ધ્યાનમાં આવી છે કે દરેકનો દસકો હોય છે. દસકા પછી બદલાવ આવતો હોય છે. આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે કહેવાય છે કે દસ- બાર વર્ષે થિયેટરમાં આવતા દર્શકો બદલાય છે. નવી પેઢીની રુચિ પણ અલગ હોય છે. નવાનક્કોર દર્શકો માટે ફિલ્મમેકર તેમજ એક્ટર પોતાને રિઈન્વેન્ટ કરે એટલે કે ધરમૂળથી ફેરફાર કરે - બદલાવ લાવે એ જરૂરી છે. આમ પણ કોઈ પણ પાત્ર કે શૈલી અમુક સમય પછી દર્શકોને અબકે પડી જતી હોય છે. મારા કેસમાં મને એ સમજાઈ ગયું અને રસ્તો બદલવો જરૂરી છે એ મને સમજાઈ ગયું.'

ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા અને ફિલ્મમેકરોના રડારમાં રહેવું હશે તો જોખમ લીધા વિના નહીં ચાલે...

અભિનય કૌશલ સાબિત કરવું હશે તો ઈમેજનું પાંજરું જાતે તોડીને ખુલ્લી હવામાં દોડવું જરૂરી છે એ વાત ઈમરાનને સમજાઈ ગઈ.'હિમ્મતે મર્દા તો મદદે ખુદા' એ મંત્રનો જાપ કરી ઈમરાન હાશ્મીએ આગળ વધવાનું નક્કી કર્યું. પહેલું પગલું પોતે ભરવું જરૂરી હતું, કારણ કે જો એ તૈયારી દેખાડે તો ફિલ્મમેકર એ દિશામાં વિચાર કરે. અહીં ઓટીટી ઈમરાન હાશ્મીની મદદે આવ્યું.

ઓટીટી પ્લેટફોર્મ્સનું એક સુખ એ છે કે એનું ઓડિયન્સ કમર્શિયલ ફિલ્મોની નિશ્ચિત ફોર્મ્યુલા ધરાવતી રજૂઆત જ પસંદ કરે એવું નથી. અમિતાભ બચ્ચન, રિશી કપૂર તેમજ અક્ષય કુમાર સાથેની ફિલ્મોમાં સરિયામ નિષ્ફળતા મળ્યા બાદ ગયા વર્ષે ઈમરાન - યામી ગૌતમની 'હક' ફિલ્મ થિયેટરમાં રિલીઝ થઈ હતી. થિયેટરમાં આ ફિલ્મ પણ ઊંધા માથે પછડાઈ અને એક્ટરની નિષ્ફળ ફિલ્મોની યાદી લંબાઈ. જોકે, આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પર સારો આવકાર મળ્યો. થિયેટરમાં આ ફિલ્મ જોઈ ન શકેલા દર્શકો અને ઓટીટીની પ્રયોગશીલ વેબ સિરીઝ - ફિલ્મો માટે રુચિ ધરાવતા રસિકોને 'હક' પસંદ પડી અને સૌથી મહત્ત્વની વાત એ હતી કે ઈમરાન હાશ્મી સાવ જ અલગ અવતારમાં જોવા મળ્યો. કિસિંગ સીન નહીં, રોમેન્ટિક કે ગેંગસ્ટર કે એક્શન હીરો પણ નહીં. મુસ્લિમ સમાજની રૂઢિઓને વળગી રહેલા વકીલ અબ્બાસ ખાનના રોલમાં હાશ્મીએ પ્રભાવી અભિનયથી દર્શકોને ચોંકાવી દીધા અને રાજી પણ કરી દીધા. એક્ટરનો નવો પહેલુ જોવા મળ્યો. ઈમરાન સંયમિત અભિનય પણ કરી શકે છે એ સિદ્ધ થયું. તાજેતરમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી 'તસ્કરી' વેબ સિરીઝમાં કસ્ટમ ઓફિસર અર્જુન મીનાના રોલમાં એક્ટર જોવા મળ્યો છે. વેબ સિરીઝ અંગે પસંદ - નાપસંદ જેવા બે છેડાના અભિપ્રાય જોવા મળ્યા છે, પણ ઈમરાન હાશ્મી મોટાભાગના લોકોને પસંદ પડ્યો છે.

આમ હેતુદર્શક કથા ધરાવતી ફિલ્મોના આધુનિક ઓડિયન્સ માટે બની રહેલી ફિલ્મો - વેબ સિરીઝમાં ઈમરાન હાશ્મી ગોઠવાઈ રહ્યો છે. ફિલ્મોમાંથી ફંગોળાઈ ગયા બાદ ઓટીટીમાં મળેલા આવકારથી એની નવી ઈનિંગ્સ શરૂ થઈ છે. મનોરંજનની બદલાયેલી વ્યાખ્યામાં પોતાનામાં બદલાવ લાવી નવા વાતાવરણમાં ગોઠવાઈ જવું એ મંત્ર ઈમરાન હાશ્મીએ અપનાવી લીધો છે. ■

# ઓ. પી. નય્યર :
## અદ્ભુત તાલના અડિયલ-અલગારી જાદૂગર...

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

*'આદમી કા વક્ત ચલતા હૈ, આદમી નહીં ચલતા.'*

..............................

*'લોકો મને અહંકારી કહે છે, પણ મને સીધું ને સટ બોલવું ગમે છે.'*

..............................

*'સુંદરતા મને હંમેશાં સારા સંગીત માટે પ્રેરે છે , કારણ કે હું રોમાન્ટિક માણસ છું.'*

..............................

*'હું ગાયિકા નથી શોધતો, મને યોગ્ય અવાજ જોઈએ.'*

..............................

આવું બધું સ્પષ્ટ કહેનારા સંગીતકાર ઓ.પી. નય્યરનું જીવન એમના તાલમાં થિરકતાં ગીતો જેવું જ રોમાંચક હતું. એક પછી એક સ્ટાર સાથે વિવાદ, સતત રોમાન્સ ને ભીડથી અલગ અડિયલ અવાજવાળો સંગીતકાર એટલે નય્યર સાહેબ...

'નયા દૌર' ફિલ્મની પાર્ટીમાં દિલીપકુમારે હસતાં હસતાં ઓ.પી.ને કહ્યું, 'મારા ડાન્સે તો તમારાં ગીતોને જીવંત કરી દીધા.'

નય્યરે તરત જ સામું ચોપડાવ્યું, 'મારું મ્યુઝિક તો થર્ડ ક્લાસ એક્ટરને પણ નચાવી દે...!'

એ પાર્ટીમાં ખામોશી છવાઈ ગઈ. સામે દેશનો સૌથી મોટો અભિનેતા હતો પણ નય્યર એવા માણસ નહોતા કે સામે કોણ છે એ જોઈને વાત બદલે. બસ, પછી દિલીપસાબ અને નય્યર સાહેબનો સંબંધ કટ!



૧૬ જાન્યુઆરી લાહોરમાં જન્મેલા ઓ.પી. નય્યર, મુંબઈ આવ્યા પછી શરૂઆતના સંઘર્ષકાળમાં ગરીબ બાળકોને હાર્મોનિયમ પર સંગીત શીખવતા. પહેલી ફિલ્મ 'આસમાન' ફ્લોપ ગઈ ત્યારે મજાકમાં એ કહેતા, 'ફિલ્મનું નામ 'આસમાન' હતું, પણ એ તો ધરતી પર પછડાઇ ને મને પણ નીચે પટકી મૂક્યો!'

'આસમાન'ની નિષ્ફળતા પછી એમણે ઇમોશનલ ગીતો બનાવવાનું છોડીને ઝડપી તાલવાળું પંજાબી ટપ્પાનું સંગીત અજમાવ્યું. ૧૯૫૦-૬૦ના દાયકામાં નય્યરના સંગીતે બોલિવૂડમાં ધૂમ મચાવેલી.

ગુરુદત્તની ફિલ્મ 'આર પાર'એ નય્યરને મોટી સફળતા અપાવી. એ ફિલ્મના 'બાબૂજી ધીરે ચલના', 'કભી આર કભી પાર લાગા તીરે નજર', 'સુન સુન ઝાલિમા' જેવાં ગીતોએ લોકોને પાગલ કરી મૂક્યા.

પછી તો 'ઇશારોં ઇશારો મેં', 'તારીફ કરું ક્યા ઉસકી', 'યે દેશ હૈ વીર જવાનોં કા', 'ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી', 'યે હૈ રેશ્મી ઝુલ્ફેં', 'ફિર વોહી દિલ લાયા હૂં', 'પુકારતા ચલા હૂં મેં', 'કજરા મોહબ્બતવાલા', 'આઓ હુઝુર તુમકો', 'લેકે પહેલા પહેલા પ્યાર', 'એક પરદેસી મેરા દિલ લે ગયા', 'યે હૈ બોમ્બે મેરી જાન', 'દીવાના હુઆ બાદલ', 'મેરા નામ ચિન ચિન ચુ', જેવા અનેક અમર ગીતો આજેય પાર્ટી કે વરઘોડાઓમાં મસ્ટ વાગે છે. ઓપીના સંગીતમાં પંજાબી ફોક અને વેસ્ટર્ન બીટ્સનું મિશ્રણ હતું. 'નયા દૌર' ફિલ્મ માટે એમને 'ફિલ્મફેર' એવોર્ડ પણ મળેલો.

આ બધા વચ્ચે 'રાગ વિવાદ' નય્યરજીના જીવનનો ફેવરિટ 'રાગ' કે 'દાગ' હતો! એક પાર્ટીમાં સાહિર લુધિયાનવીએ કહ્યું, 'એસ.ડી.બર્મનને તો મેં મહાન બનાવ્યા છે.' નય્યરને સાહિરની આ વાત બહુ અહંકારભરી લાગી. વળી નય્યર તો બર્મનદાને દિલથી માન આપતા હતા. બસ ત્યારથી સાહિર જેવા સ્ટાર ગીતકાર સાથે પણ સંબંધ કટ!

ઓ.પી.નય્યરે લતા મંગેશકર સાથે 'આસમાન' ફિલ્મ પછી ક્યારેય કામ નથી કર્યું. એ ફિલ્મના ગીતનાં રિહર્સલ દરમિયાન લતાજીએ તાલ અંગે સજેશન આપ્યું ને નય્યરે એ જ ક્ષણે જ નક્કી કરી લીધું કે લતાજી સાથેય સંબંધ કટ! આમ પણ એમનું માનવું હતું કે લતાનો અવાજ બહુ પાતળો છે, જે એમના સંગીતને લાયક નથી. આ નિર્ણયથી આશા ભોંસલેની કિસ્મત પલટાઇ ગઇ. આશાના અવાજમાં છુપાયેલી શરારત, લવચીકતા અને લય સાથે જોડાવાની ક્ષમતાને નય્યરે પારખી. 'આઓ હુઝૂર તુમકો', 'પિયા પિયા', 'યે હૈ રેશ્મી ઝુલ્ફેં' જેવાં ગીતો આશાજી પાસે ગવડાવ્યા. પછી આશાજી પોતાની બહેન લતાજીના પડછાયામાંથી બહાર આવ્યા અને સ્ટાર બન્યાં. આશા અને નૈયરજી -બેઉ વચ્ચે સંબંધો પણ બહુ કરીબી હતા એમ કહેવાય છે, પણ આશાજી સાથેના નય્યરના સંબંધોનો અંત પણ ફિલ્મો જેવો ડ્રામેટિક હતો.

નય્યરજીએ એક વાર આશાજી વતી 'ફિલ્મફેર' એવોર્ડ સ્વીકાર્યો ને પછી કારમાંથી બહાર ફેંકી દીધેલો!.

વળી, નય્યર સમયપાલન માટે એકદમ કડક. એકવાર નય્યરને દેવ આનંદને સવારે નવ વાગ્યે મળવાનું હતું. દેવ આનંદ પણ સમયના પાબંદ પણ ત્યારે માત્ર ૫ મિનિટ મોડા પહોંચ્યા ને નય્યરજી સ્ટુડિયો છોડીને જતાં રહ્યા. બસ. ત્યાર પછી દેવ આનંદ સાથે પણ સંબંધ કટ! એકવાર મહંમદ રફી રેકોર્ડિંગ માટે સ્હેજ મોડા આવ્યા તો નય્યરે એમને પણ પાછા મોકલી દીધેલા. 'તુમસા નહીં દેખા' ફિલ્મમાં શમ્મી કપૂર સાથે પણ એમનો ઝઘડો થયો હતો. 'કાશ્મીર કી કલી' ફિલ્મના 'તારીફ કરું ક્યા ઉસકી' ગીતમાં શમ્મી કપૂરે થોડા ફેરફાર કરવા સૂચવ્યું. નય્યરે ચોખ્ખી ના પાડીને કહ્યું, 'તમે તો મારા કમ્પોઝિશનને બર્બાદ કરી મૂકશો!' બસ પછી શું? શમ્મીજી અને નય્યર વચ્ચે ઝગડો થયો. છેવટે રફીએ વચ્ચે પડીને સમાધાન કરાવ્યું.

એ જ રીતે 'દો ઉસ્તાદ' ફિલ્મમાં નય્યર એક પંજાબી ગીતને રફી પાસે ગવડાવવા માગતા હતા, જ્યારે ફિલ્મના હીરો રાજ કપૂર મુકેશનો આગ્રહ લઇને બેઠા. નય્યરે ચોખ્ખી ના પાડી કે એમની ધૂન પર મુકેશનો અવાજ નહીં જામે. વાત વધતાં નય્યરજીએ એડવાન્સ પાછા આપવાની ઓફર મૂકી. બસ, એ ફિલ્મ પછી ઓ.પી.નય્યરનો રાજ કપૂર સાથે પણ સંબંધ કટ!

આમ ઓ.પી.નય્યર, એક તરફ સફળતાની સીડી ચઢતા જતાં ને બીજી બાજુ પોતે જ એ સીડીને સંબંધો બગાડીને કાપતા જતા!

૯૦ના દાયકામાં સલમાનની ફિલ્મ 'નિશ્ચય'થી એમણે ફરી કમબેક કરેલું. ૧૯૯૪ની 'જિદ્દ' ફિલ્મમાં એમણે છેલ્લે મ્યુઝિક આપેલું પણ એ ફિલ્મો અને સંગીત જબરદસ્ત ફ્લોપ! ત્યાર બાદ એમનો ફિલ્મો સાથે પણ સંબંધ કટ! છેલ્લે ઝી ટી.વી.ના કોઇ ટેલેન્ટ હન્ટ શોમાં દેખાયા હતા.

ઓ.પી.નય્યર ખૂબ સ્ટાઇલિશ અને રોમેંટિક માણસ હતા. સૂટ બૂટ અને હેટ સાથે જ દેખાતા. સ્ત્રીઓ એમની વિકનેસ હતી. ગીતા દત્તને 'બ્લેક બ્યુટી' કહેતા. ગીતા દત્ત સાથેની પહેલી મુલાકાત વખતે એ એટલા અભિભૂત થઈ ગયેલા કે કંઈ બોલી જ ન શક્યા એ વાતનો એમને જીવનભર અફસોસ રહી ગયેલો. કહેવાય છે કે જીવનના અંતિમ વર્ષોમાં ઓ.પી. નય્યરના પરિવારે, એમના સ્ત્રીઓ સાથેના સંબંધોને કારણે ઘરમાંથી કાઢી મૂકેલા. પછી આખરે નય્યર એક મહારાષ્ટ્રીયન ચાહકના ઘરે મુંબઇના કોઇ દૂર પરામાં રહીને અંતિમ દિવસો ગાળતા!

એક સમયના સ્ટાર સંગીતકાર, છેલ્લે છેલ્લે હોમિયોપેથી પદ્ધતિથી લોકોની સારવાર કરવામાં સમય ગુજારાતા! ક્યારેક પોતાનાં જ ગીતો સાંભળીને ભાવાવેશમાં કહેતા, 'પ્લીઝ, રેડિયો પર મારું ગીત વાગે તો દરવાજો બંધ કરી દેજો, નહીં તો હું રડી પડીશ!'

હમણાં ૧૦ દિવસ પહેલા ૨૮ જાન્યુઆરીએ એમની પુણ્યતિથિ ગઇ. ૨૦૦૭માં એક આખાબોલા ઓ.પી. નય્યર નામના અડિયલ ને અદ્ભુત સંગીતકાર ચૂપચાપ જતા રહ્યા... ■

# પોતાના અંગ પર ખાલીપો ચઢે ત્યારે સંબંધનું મહત્ત્વ સમજાય!

**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

મુકેશ રાવલ-દેવેશ રાવલ સાથે વિજય રાવલે કરેલી 'હંગામી' વ્યવસ્થા ચાલતી રહી. બધું કામ વ્યવસ્થિત ચાલતું હતું. કલાકારોને પણ કોઈ પ્રોબ્લેમ નડતો નહોતો. મુકેશ રંગભૂમિનો જીવ હતો એટલે કલાકારોની સમસ્યાથી વિદિત હતો. નાટક બાબત એનો ફોન આવતો રહેતો પણ સાનુકૂળ સમયે. મુકેશ અને એના ભાઈ દેવેશ, બંનેને નાટક ગમેલું અને આગળ ચલાવવા તૈયાર હતા. વિજય રાવલ અમારાં વચ્ચે સેતુ રૂપ હતો. મુકેશ ભલે હંગામી, પણ કહેવાતો નિર્માતા એટલે નાટક બાબત બધું જાણવાનો એને હક હતો.

ફરક એટલો કે હવે પોઈન્ટ્સ લખી એક સાથે બપોરના યોગ્ય સમયે ફોન પર સમજી લેતો.

અઠવાડિયું તરત પસાર થઈ ગયું. તુષારભાઈનાં સાળાનો ફોન ન આવ્યો. મેં કર્યો ત્યારે સંતોષકારક જવાબ ન મળ્યો. બની શકે 'સજા' લંબાઈ ગઈ હોય! એ સમયે એમના મનમાં શું શું ચાલતું હોય એ તો એમને જ ખબર... કલાકારોને કોઈ વાંધો નહોતો પણ જિજ્ઞાસા તો થતી ત્યારે સમાચાર પૂછી લેતા. મારે કહેવું પડતું કે તમને શો મળતાં રહે છે ને ! બાકી તુષારભાઈનો પ્રોબ્લેમ પૂરો થશે તો તરત આપણી સમક્ષ પ્રગટ થઈ જશે. તુષારભાઈ સાથે જે મનમેળ થયો હતો એ વિસરાતો નહોતો.

ખાલી ચડે ત્યારે પગનું અને ખાલીપો લાગે ત્યારે સંબંધનું મહત્ત્વ સમજાય છે. પબ્લિક અને સોલ્ડ આઉટ શો દ્વારા કલાકારોને 'એવરેજ' મળી રહેતી.

એક દિવસ અચાનક નિર્માતા રામ કુમાર બહોરાના પુત્ર મહેન્દ્ર બોહારાનો ફોન આવ્યો. રામ કુમારે ઘણી હિન્દી-ગુજરાતી ફિલ્મો કરેલી. એમને હવે ગુજરાતી નાટક કરવું હતું. એમની ઈચ્છા કે નાટક મુળરાજ રાજડા લખે અને એ સ્વાભાવિક પણ છે.

ગુજરાતી ફિલ્મોનાં લેખક તરીકે મુળરાજભાઈનું નામ આદરથી લેવાતું, મારે પણ એમની સાથે ઘણાં સારા સંબંધ. ત્યારે એ બોરીવલીમાં 'મંગલ કુંજ'માં રહેતાં. અવાર નવાર મને આમંત્રણ આપતાં. ઘણાં ફિલ્મી કલાકારો હોય, શ્રીકાંત સોની, અરવિંદ કીરાડ, રાજીવ વગેરે..જે દિવસે મહેન્દ્ર બોહરાનો ફોન આવ્યો એ જ સાંજે મારે મુળરાજભાઈને ઘરે જવાનું હતું. મેં મહેન્દ્રને કહ્યું, 'હું આજે જ વાત કરીશ. જો બંને પક્ષને વિષય ગમી ગયો. તો આવતા મહિનાથી બને તો શરૂ કરી દેવાની ટ્રાય કરીશું.'

'મળે સૂર...' ચાલતું તો હતું પણ ક્યારેક બુકિંગ નબળું પણ આવતું. છતાં મુકેશ-દેવેશે ક્યારેય મોઢું નહોતું બગાડ્યું. આમ તો એ બન્ને 'કામચલાઉ' નિર્માતા જ હતાં. ક્યારે ના પાડી દે એ કહી ન શકાય. જો એ 'ના' પાડી દે તો હું કરી પણ શું શકું? આવા-આવા વિચારે મારું મગજ બહેર મારી જતું. આમેય પુસ્તક, મગજ અને છત્રી ફક્ત ત્યારે જ કામ કરે છે જયારે તે ખૂલે છે. મહેન્દ્ર બોહરાના ફોને મારા મગજને કામ કરતું કરી દીધું. મેં વિચાર્યું કદાચ એવું બને કે મુકેશ-દેવેશ 'મળે સૂર...' આગળ ચલાવવાની 'ના' પાડે તો?

તુષારભાઈનું પાછા આવવાનું ચિત્ર તો ધૂંધળું હતું તો આ મહેન્દ્રનું નાટક ત્યાં સુધીમાં રિહર્સલ-સ્ટેજમાં આવી જાય તો આ 'ટીમ'માંથી જે ચાલે, બાકી બીજા કલાકારોને લઈ શરૂ કરી શકાય.

એ રાત્રે હું મુળરાજભાઈને ત્યાં પહોંચ્યો. થોડું 'હાય-હેલ્લો' થયું. પછી સૌ 'ટેસડો' કરવામાં પડ્યા એટલે મેં મુળુભાને (લાડમાં એમને 'મુળુભા' પણ કહેતા) સાઈડમાં બોલાવ્યાં. મેં કહ્યું,'મહેન્દ્ર બોહરાનો ફોન હતો...' એ બોલ્યા. 'આવી ગયો ને? એ મને નાટક કરવા માટે કહેતો હતો. મેં કહ્યું કે હું લખી આપીશ પણ ડિરેક્ટ દાદુ કરશે એમ કહી તમારો નંબર મેં જ આપેલો. ફિલ્મોને લીધે હું ડિરેક્શનનો સમય ન કાઢી શકું. વાત થઈ ગઈ ને?'

ત્યારે મને સમજાયું કે મારી ભલામણ મુળુભાની હતી.

એ બોલ્યા 'હું ચોક્કસ લખી આપીશ. મારી પાસે એક વાર્તા છે...'શૌકીન' ફિલ્મ ટાઈપ. એક માળની ચાલમાં 'શૌકીન' જેવા બુઢિયાઓ રહે છે. ત્યાં ચાલમાં એક રૂમ ખાલી થાય છે. નવા ભાડૂત તરીકે એક ૨૦-૨૨ વર્ષની ફૂટડી યુવતી રહેવા આવે છે. એની પાછળ લટુડા-પટુડા થતાં બુઢિયાઓની નિર્દોષ કોમેડી છે.'

મને 'વન-લાઈન' ગમી. મેં કહ્યું 'ક્યારે તૈયાર થાય?' ' ૧૦-૧૨ દિવસમાં પહેલો અંક તૈયાર થઈ જશે.' એમણે કહ્યું. મહેન્દ્ર સાથે ફોન પર આ બાબત ફોન કરી લેવાનો હવાલો મેં મુળુભાને સોંપી દીધો. મેં મારા નાટકની પરિસ્થિતિ અને તુષારભાઈની 'ફેરા'વાળી વાત પણ કરી દીધી. તુષારભાઈનું 'બંધ' થવું અને મુકેશ-દેવેશનું 'જોઈન્ટ' થવું એ વાત પણ વિગતવાર કરી. મારું દુઃખ એ કળી ગયા. મને કહે, 'તમે દુઃખ પર ધ્યાન આપશો તો દુઃખી થશો, સુખ પર ધ્યાન આપશો તો સુખી રહેશો. આપણે જેનાં પર ધ્યાન આપીએ એ વસ્તુ સક્રિય થઈ જાય છે અને આપણા જીવનમાં પ્રવેશી જાય છે. આ કુદરતનો નિયમ છે. ચાલતું નાટક જ્યાં સુધી ચાલે ત્યાં સુધી... નવો નિર્માતા મળ્યો છે તો હવે એના ઉપર પણ ધ્યાન રાખો. હું લગભગ ૮-૧૦ દિવસમાં પહેલો અંક આપવાની કોશિશ કરું છું.'

લેખકની કલમમાંથી નીકળતા શબ્દો જાણે મોઢામાંથી હરફ બનીને નીકળ્યાં. મારામાં નવી ઊર્જા આવી ગઈ... ■

**ડબલ રિચાર્જ**

*ચાંદીના ભાવ આસમાને પહોંચતા જ કાજુ-કતરી ઉપર ચાંદીનું વરખ ચડાવવાનું બંધ કર્યું છે... તો હવે એનું નામ કાજુ-કતરી નહિ પણ કાજુ-ટકલી રાખવામાં આવે.*

**ફિલ્મનામા**
**નરેશ શાહ**


તિગ્માંશુ ધૂલિયા

# પોતાના પ્રિય ડોગીનું નામ 'એક્શન' શું કામ પાડ્યું?

## ત્રણ ફિલ્મ તૈયાર હોવા છતાં રિલીઝ થતી નહોતી, કારણ કે...

તિગ્માંશુ ધૂલિયા એક ઊંચાં દરજ્જાનો સર્જક છે. એ પ્રભાવશાળી અભિનેતા છે તો ઉમદા લેખક છે તો એક અલગ માહૌલમાં લઈ જતી ફિલ્મો બનાવતા ડાયરેક્ટર પણ છે. ફિલ્મોના ચાહકો તો એ પણ યાદ રાખશે કે ઈરફાન ખાનના અભિનયનું સાચું મૂલ્ય પરદા પર અંકિત કરનારા સર્જક પણ તિગ્માંશુ ધૂલિયા છે, પણ માણસ ગમે તેટલો જિનિયસ હોય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં નિયતિ તેને કસોટીની એરણ પર ચડાવ્યા વગર રહેતી નથી. તિગ્માંશુ ધૂલિયા પણ ડેસ્ટિનીના આ રોલર-કોસ્ટરમાંથી પસાર થયા છે અને આજે તેને વાત કરવી છે.

કાસ્ટિંગ ડિરેક્ટર (બેન્ડિટ ક્વિન) ડાયલોગ રાઈટર (દિલ સે) સહિતના પડાવ પસાર કરીને તિગ્માંશુ ધૂલિયાની પહેલી ફિલ્મ 'હાંસિલ' પડદા પર આવી ત્યારથી ડિરેક્ટર ધૂલિયા અને એક્ટર ઈરફાન ખાનને ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ તેમના કામની નોંધ સિરિયસલી લેવાનું શરૂ કર્યું હતું, પણ હકીકત એ છે કે 'હાંસિલ' ફિલ્મને સિલ્વર સ્ક્રીન સુધી પહોંચતા ઓલમોસ્ટ છ વરસ લાગ્યા હતા.







'હાંસિલ'ના કથાવિચારને કાગળ પર ઉતારવાનું તિગ્માંશુએ ૧૯૯૬માં શરૂ કર્યું હતું અને એ રિલીઝ ૨૦૦૩માં થઈ હતી. આમ જુઓ તો ફિલ્મો માટે કામ કરવાનું શરૂ કર્યા પછી છેક ચૌદ વરરના 'વનવાસ' બાદ એ ડિરેક્ટર 'હાંસિલ' ફિલ્મ બનાવીને તિગ્માંશુ ડિરેક્ટર બન્યા હતા. આપણને થાય કે એ પછી તો ટેલેન્ટેડ ડિરેક્ટરની દુકાન પૂરપાટ ચાલવા માંડી હશે, પણ એવું નથી. નેકસ્ટ ઈયર, ૨૦૦૪માં તેમની બીજી ફિલ્મ 'ચરસ' રિલીઝ થઈ હતી પણ પછી કંઈક એવું બન્યું કે તિગ્માંશુ ધૂલિયાની ત્રીજી ફિલ્મમાં છેક સાત વરસ પછી ૨૦૧૧માં (શાગિર્દ-નાના પાટેકર, અનુરાગ કશ્યપ) રિલીઝ થઈ હતી.

મજા ગણો કે ટ્રેજેડી ગણો. આ સાત વરસ દરમિયાન તેઓ સતત ફિલ્મ બનાવી રહ્યા હતા. શાગિર્દ ઉપરાંત સાહેબ, બીબી ઔર ગેંગસ્ટર અને કલાસિક ગણાય એવી પાનસિંહ તોમર તેમણે આ સમયખંડમાં જ કમ્પલીટ કરી દીધી હતી પણ એ થિયેટરનું મોઢું જોઈ શકવાને સમર્થ બનતી નહોતી. તમે ત્રણ ફિલ્મ (નાના પાટેકર, જીમી શેરગિલ, ઈરફાન ખાન જેવા સ્ટાર-એક્ટર સાથે) બનાવી ચૂક્યા હોવા છતાં એ રિલીઝ ન થતી હોય ત્યારે ઈન્ડસ્ટ્રીઝમાં કેવી વાતો આ ફિલ્મોના રાઈટર-ડિરેક્ટર માટે ચાલતી હોય, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. એ રાઈટર-ડિરેક્ટરની મનોસ્થિતિ પણ કેવી તીવ્રપણે ડામાડોળ અવસ્થામાં પહોંચી ગઈ હશે, એ પણ અનુમાનનો વિષય છે. આ ત્રણેય ફિલ્મ કલા અને રજૂઆતની દૃષ્ટિએ ચોટડુંક બની હતી, એ તો રિલીઝ પછી બધાએ સ્વીકાર્યું પણ એ પહેલાં તિગ્માંશુ ધૂલિયાની મનોઅવસ્થા કેવી હતી?

'આ એ સમય હતો કે હું સ્વયં અંતહીન ઈન્તઝારની અવસ્થામાંથી પસાર થઈ રહ્યો હતો. મેં ક્યારેય મારા આંસુ કોઈને દેખાડ્યા નહીં કે એવો અવસર જ આવવા ન દીધો!'

તિગ્માંશુ ધૂલિયાએ આ શબ્દો (ગીતકાર આનંદ બક્ષીના પુત્ર) રાકેશ આનંદ બક્ષીને 'ડિરેક્ટર્સ ડાયરી' પુસ્તક પાસે આપેલાં ઈન્ટરવ્યૂમાં કહ્યા પછી ઉમેર્યું હતું કે, 'મને ડોગી પસંદ છે. એ દિવસોમાં હું એક ડોગી ખરીદી લાવ્યો અને તેનું નામ રાખ્યું: એકશન... આ એ દિવસો હતા કે ડિરેક્ટર તરીકે હું 'એકશન' શબ્દ બોલી શકું એવી પરિસ્થિતિ જ નહોતી એટલે ખૂબ હતાશ રહેતો હતો પણ મારા પ્રિય ડોગનો મારે આભાર માનવો રહ્યો કે જેના કારણે (હતાશાના) એ દિવસોમાં પણ દિવસમાં સો વખત 'એકશન,' 'એકશન' બોલી શકતો હતો!'

ડિપ્રેશનની ડેલીને અડી આવ્યા જેવી આ સ્થિતિમાંથી પસાર થયા પછી જોકે કૌવત-કુશળતાનો સૂરજ ઊગ્યો પણ એ પહેલાં ઘણી બધી બૌદ્ધિક ટકરામણો તિગ્માંશુ ધૂલિયાએ કરવી પડી હશે , કારણ કે શાગિર્દ અને પાનસિંહ તોમરના નિર્માતા સ્ટુડિયોમેકર આ ફિલ્મોને થિયેટરમાં રિલીઝ કરવા રાજી જ નહોતા. 'શાગિર્દ' માટે તેમનું માનવું હતું કે નાના પાટેકરની માર્કેટમાં ઓટ આવી ગઈ છે એટલે તેને જોવા કોઈ થિયેટરમાં આવશે નહીં.

'પાનસિંહ તોમર' તો બની ગયા પછી દોઢ-બે વરસ પડી રહી હતી, કારણ કે સ્ટુડિયોને ડાઉટ હતો કે... આવી આર્ટિસ્ટીક મૂવી કદાચ, ઈન્ડિયન ઓડિયન્સને માફક નહીં આવે.

જે હોય તે. 'શાગિર્દ'એ આપણને અભિનેતા અનુરાગ કશ્યપ આપ્યો તો 'પાનસિંહ તોમર' અપ્રતિમપણે લોકોના દિલોદિમાગમાં કોતરાઈ ગઈ અને ફરી એકવાર પુરવાર થયું કે સ્ટુડિયોના ડિગ્રીધારી ક્રિએટર્સ કરતાં એક સર્જકની ગટ્સ ફિલિંગ વધુ સાચી હોય છે! ■

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

## ધીમી પણ મક્કમ ગતિએ બોલિવૂડમાં આગળ વધી રહી છે ગુજરાતી અભિનેત્રી

# જાનકી બોડીવાલા

ઢોલિવૂડની કોઈ અભિનેત્રી બોલિવૂડમાં 'એન્ટ્રી' કરે અને સતત ત્રણ વર્ષમાં એની ત્રણ ફિલ્મો હિન્દીમાં રજૂ થાય એવું પહેલી જ વાર થઈ રહ્યું છે. છેલ્લાં ઘણાં સમયથી ઢોલિવૂડ એટલે કે ગુજરાતી ફિલ્મની કોઈ અભિનેત્રી (એકાદ બે અપવાદ સાથે )બોલિવૂડમાં આવી નથી. જાનકીએ ગુજરાતી ફિલ્મોમાં ૨૦૧૫થી અભિનયની કારકિર્દીની શરૂઆત કરી છે અને તેની કારકિર્દી દરમિયાન અનેક ગુજરાતી સફળ ફિલ્મોમાં અભિનય કર્યો છે.

જાનકી બોડીવાલાની પ્રથમ હિન્દી ફિલ્મ 'શૈતાન' એ તેની ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિ-મેક હતી. તેમાં જાનકી સિવાયના બધાં જ કલાકારો બદલાઈ ગયા હતા. 'વશ'માં હિતુ કનોડિયા, હિતેનકુમાર, નીલમ પંચાલ અને જાનકી હતા. જ્યારે તેની રિમેક બનાવવામાં આવી ત્યારે અજય દેવગણ, જ્યોતિકા, આર. માધવન અને જાનકીની મુખ્ય ભૂમિકા હતી.



જાનકીની આ પ્રથમ જ હિન્દી ફિલ્મ હતી, પણ તેની ભૂમિકા ખૂબ જ બોલ્ડ અને બિન્ધાસ્ત હતી. આમ જોવા જોઈએ તો તેણે 'વશ'માં જે કર્યું હતું. તે જ તેણે 'શૈતાન'માં કરવાનું હતું. આ ફિલ્મ 'વશ'ની 'ફ્રેમ ટુ ફ્રેમ' કોપી હતી. જોકે, જાનકીનું પાત્ર 'વશ'માં પણ ખૂબ જ જટિલ હતું, પણ તેમાં તે મેદાન મારી ગઈ હતી તે જ રીતે 'શૈતાન'માં પણ તેને આગવી સફળતા મળી હતી.

બોલિવૂડની ફિલ્મોમાં કારકિર્દીની શરૂઆત કરવાની હોય ત્યારે મુખ્ય હીરોની પુત્રીની ભૂમિકાથી કોઈ શરૂઆત કરવાનું પસંદ ન કરે, પણ જાનકીએ એ પસંદ કર્યું અને તેનું કામ ખૂબ જ વખણાયું. 'વશ' ફિલ્મનાં અભિનય માટે તેને ૨૦૨૫નો 'નેશનલ ફિલ્મ ઍવૉર્ડ્સ' પણ મળ્યો હતો.

ત્યાર પછી જાનકીની બીજી ફિલ્મ હિન્દીમાં આવી 'વશ લેવલ ટુ' એ બોલિવૂડની ફિલ્મ નહોતી, પણ ગુજરાતી ફિલ્મને હિન્દીમાં 'ડબ' કરીને એ જ કલાકારો સાથે રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મમાં પણ જાનકીનું કામ વખણાયું હતું. ફિલ્મમાં તેણે મેકઅપ સાથે જે અખતરા કર્યા હતા તે બોલિવૂડની કોઈ પણ અભિનેત્રી ન કરે એમ કહી શકાય.

હવે અત્યારે જાનકીની ત્રીજી ફિલ્મ આવી છે અને એ પણ શુદ્ધ બોલિવૂડની ફિલ્મ છે. એ નથી એ કોઈ રિમેક કે નથી ડબ થયેલી ફિલ્મ. 'મર્દાની-થ્રી'માં મુખ્ય ભૂમિકામાં રાણી મુખર્જી છે, જ્યારે જાનકી બોડીવાલા આખી ફિલ્મમાં તેની સાથે ને સાથે દેખાય છે. જાનકીએ આ ફિલ્મમાં શિવાની શિવાજી રોયની ભૂમિકા ભજવનારી રાણી મુખર્જીની સહાયક મહિલા પોલીસ કોન્સ્ટેબલ ફાતિમાની ભૂમિકા કરી છે.

જાનકી ખરેખર બોલ્ડ વિચારસરણી ધરાવે છે અને સારી ફિલ્મોમાં સારી ભૂમિકા કરવાનું તેનું ધ્યેય પાર પાડે છે. ફાતિમાના તેના પાત્રમાં ખૂબ જ ટ્વિસ્ટ અને ટર્ન્સ છે. ઘડીકમાં નેગેટિવ તો ઘડીકમાં પૂર્ણપણે પોઝિટિવ ભૂમિકા જાનકીએ બખૂબીથી નિભાવી છે. બોલિવૂડમાં ચીલાચાલુ હીરોઈનની ભૂમિકા ભજવવાને બદલે જાનકી અલગ-અલગ પ્રકારની ભૂમિકા ભજવી બોલિવૂડમાં કાંઈક અલગ જ સ્થાન જમાવે એવું લાગે છે.

અમદાવાદમાં ૩૦ ઓક્ટોબર-૨૦૦૧ના જન્મેલી જાનકીએ શાળાનું શિક્ષણ અમદાવાદમાં લીધું છે અને ત્યાર પછી તેણે ગાંધીનગરમાંથી 'બેચલર ઑફ ડેન્ટલ સર્જરી' (બીડીએસ)ની ડિગ્રી મેળવી છે. ૨૦૧૯માં તેણે 'મિસ ઈન્ડિયા' સ્પર્ધામાં ભાગ લીધો હતો. 'મિસ ઈન્ડિયા'માં ગુજરાતની સ્પર્ધકમાંથી તેણે 'ટોપ થ્રી'માં સ્થાન મેળવ્યું હતું.

જોકે તે અગાઉ તેણે અભિનય કારકિર્દીમાં માન-સન્માન મેળવી લીધા હતા. તેની અભિનય કારકિર્દીની શરૂઆત ૨૦૧૫માં આવેલી કૃષ્ણદેવ યાજ્ઞિકની ફિલ્મ 'છેલ્લો દિવસ'થી થઈ હતી. ત્યાર પછી ૨૦૧૭માં તેની ત્રણ ફિલ્મો આવી 'ઓ તારી', 'તંબૂરો' અને 'દોડ પકડ'. ૨૦૧૮માં 'છૂટી જશે છક્કા' - 'તારી માટે વન્સમોર', ૨૦૧૯માં 'બઉ ના વિચાર', ૨૦૨૨નાં 'નાડી દોષ' અને 'તૂ રાજી રે' પછી ૨૦૨૩માં આવી તેને ભરપૂર લોકપ્રિયતા અપાવનારી 'વશ'. આ ફિલ્મે તેને લોકપ્રિયતા અપાવી અને સાથે જ બોલિવૂડ માટે દ્વાર પણ ખોલી આપ્યા.

૨૦૨૪માં 'શૈતાન' એ તેની પહેલી હિન્દી ફિલ્મ સાબિત થઈ. જોકે, તેણે ગુજરાતી ફિલ્મો પર પણ એટલું જ ધ્યાન આપ્યું છે. બોલિવૂડની ફિલ્મમાં કામ મળ્યા. પછી તેણે ઢોલિવૂડની ફિલ્મો બંધ નથી કરી. ૨૦૨૪માં તેની ગુજરાતી ફિલ્મ 'ત્રિશા ઓન ધ રોક્સ' રજૂ થઈ, ત્યારબાદ ૨૦૨૫માં જ 'ચણિયા ટોળી'માં તે 'આઈટમ ગીત' કરતી દેખાઈ, જે ગુજરાતી ફિલ્મમાં નવીનતા હતી.

અને... હવે આવી 'મર્દાની-થ્રી' જેનાં પગલે જાનકી બોલિવૂડમાં સ્થિર થઈ જવાની શક્યતા છે. આજે માત્ર ૨૫ વર્ષની ઉંમરે 'યશરાજ ફિલ્મ્સ' જેવું બેનર મેળવવું એ કાંઈ નાની- મોટી સિદ્ધિ નથી. રાણી મુખર્જી સાથેનાં દશ્યોમાં જાનકી બોલિવૂડની અભિનેત્રીની જેમ ગ્લેમરસ અવતારમાં નથી, પણ પોતાનું પાત્ર તે અલગ અંદાજથી ભજવી ગઈ છે. આમ, ઢોલિવૂડની આ સફળ અભિનેત્રી હવે બોલિવૂડમાં ધીમા પગલે, પણ કૂચ કરી રહી છે.

**OTTનું હોટસ્પોટ**


## ટી-૨૦ વર્લ્ડ કપની મેચની શરૂઆત સાથે પ્રભાસની 'રાજાસાબ'નું આકર્ષણ

સાત ફેબ્રુઆરીથી આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપની મેચોની શરૂઆત થઈ રહી છે. ક્રિકેટ રસિયાઓ માટે તો આ 'દિવાળી'ની શરૂઆત છે. ચોગ્ગા અને છગ્ગાની રમઝટ સોની લીવ, જિયો હોટસ્ટાર જેવા ઓટીટી પ્લેટફોર્મ પર જોવા મળશે, સાથે જ સ્ટાર સ્પોટર્સ પર પણ તેનું જીવંત પ્રસારણ માણવા મળશે.

**જિયો હોટસ્ટારઃ** આ ઓટીટી પ્લેટફોર્મ પર આજે અને આવતા શુક્રવાર ૧૩ ફેબ્રુઆરીના બે નવી ફિલ્મ રજૂ થવાની છે. આજે એટલે કે છઠ્ઠી ફેબ્રુઆરીએ પ્રભાસ, સંજય દત્ત, માલવિકા મોહનન અને નિધિ અગ્રવાલ અભિનીત ફિલ્મ 'રાજાસા'બ' જોવા મળશે. તો આવતા શુક્રવાર તા. ૧૩ ફેબ્રુઆરીએ કપિલ શર્મા અભિનીત ફિલ્મ 'કિસ કિસકો પ્યાર કરું-ટૂ' જોવા મળશે.




**નેટફિલક્સઃ** આ ઓટીટી પ્લેટફોર્મ પર આજે (છ ફેબ્રુઆરીએ 'ક્વિન ઓફ ચેસ' નામની સિરીઝ જોવા મળશે. ૧૧ ફેબ્રુઆરીએ અહીં મોના સિંહ અને વરુણ સોબતી અભિનીત ક્રાઈમ-મિસ્ટ્રી-થ્રીલર 'કોહરા'ની બીજી સીઝનનું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે, તો ૧૨ ફેબ્રુઆરીએ અંગ્રેજી સિરીઝ 'હાઉ ટુ ગેટ હેવન ફ્રોમ સાલ્વાડોર' રજૂ થશે.




**ઝી ફાઈવઃ** અહીં આજે (છ ફેબ્રુઆરીએ) થ્રીલર 'પારાશક્તિ'નું પ્રસારણ થવાનું છે. તમિળમાં આ ફિલ્મને ખૂબ જ પ્રશંસા મળી હતી. તે જોતાં તેનાં દર્શકોની સંખ્યા ખાસ્સી હશે એમ કહી શકાય. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

આ કલાકારોની કોઈ એક ફિલ્મ ચાર અક્ષરવાળી છે, જેનું નામ પ્યાર શબ્દથી શરૂ થાય છે એ ફિલ્મ કઈ?

૧) સની દેઓલ - મહિમા ચૌધરી
૨) ફરદીન ખાન - ઉર્મિલા માર્તોંડકર
૩) રાહુલ બોસ - મલ્લિકા શેરાવત
૪) સુનિલ શેટ્ટી, આફતાબ - કીર્તિ રેડ્ડી
૫) ડિનો મોરિયા- રિંકી ખન્ના
૬) સલમાન ખાન- કાજોલ
૭) મિથુન ચક્રવર્તી- મંદાકિની

## ક્વિઝ (બ)

આ ગીતો પરદા પર કયા કલાકારે ગાયું છે અને એ ફિલ્મનું નામ શું?

૧) તડપ તડપ કે ઈસ દિલ સે આહ નીકલતી રહી મુજકો સઝા દી પ્યાર કી ઐસા ક્યા ગુના...
૨) તું છુપી હૈં કહા મૈં તડપતા યહાં તેરે બીન ફીકા ફીકા હૈં દિલ કા જહાં તું છુપી હૈં કહા...
૩) મુજે તેરી મહોબત કા સહારા મિલ ગયા હોતા અગર તુફાન નહીં આતા કિનારા મિલ ગયા હોતા...
૪) યે દુનિયા યે મેહફિલ મેરે કામ કી નહીં કિસકો સુનાઉં હાલ દિલે બેકરાર કા બુજતા હુઆ ચરાગ...
૫) જાને કહા ગયે વો દિન કેહતે થે તેરી રાહ મેં નઝરો કો હમ બિછાંયેંગે ચાહે કહી બીન તુમ રહો...
૬) ક્યા હુઆ તેરા વાદા વો કસમ વો ઈરાદા ભૂલેગા દિલ જિસ દિન તુમ્હે વો દિન ઝીંદગી કા...
૭) ઓ સાથી રે તેરે બીના ભી ક્યા જીના ફૂલો મેં કલીયો મેં સપનો કી ગલિયો મેં તેરે બીના ભી.,...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

**ટૂંકું ને ટચ**
**ડી.જે.નંદન**

# ફિલ્મી પડદા પર થઈ રહ્યા છે અગત્યના ફેરફાર

સિનેમા માટે વર્ષ ૨૦૨૫ ઘણા બદલાવોનું સાલ રહ્યું છે. સાથે સાથે ઘણા નવા પ્રયોગો થયા અને દર્શકોની બદલાતી પસંદનું પણ વર્ષ રહ્યું. જે પ્રમાણે ડિજિટલ વિકસી રહ્યું છે, થિયેટરોની વાપસી થઇ છે અને નવી નવી કહાનીઓ મળીને એક એવો નવો માહોલ બનાવી દીધો છે કે, પહેલાના બોલિવૂડને એક પડકાર આપ્યો છે. આ વર્ષે ઘણાં નવાં વલણોનો ઉદય થયો, જેણે માત્ર ફિલ્મ નિર્માણ જ નહીં, પરંતુ સ્ટાર સંસ્કૃતિ અને પ્રેક્ષકોની અપેક્ષાઓમાં પણ પરિવર્તન લાવ્યું. તો ચાલો આપણે આ વર્ષના કેટલાક ટ્રેન્ડ વિષે વાત કરીએ જેણે બોલિવૂડ સિનેમાને ન માત્ર બદલ્યું છે પરંતુ આવનારી ફિલ્મ સંકૃતિને પણ બદલી નાખે તો તેમાં કોઈ શંકા નથી.

### કન્ટેન્ટ ફિલ્મોની વાપસી

લગભગ મોટા સિતારાઓની ફિલ્મ ગયા વર્ષે એટલી ચાલી નથી, પરંતુ ઓછા બજેટવાળી ફિલ્મ હતી અને કન્ટેન્ટ મજબૂત હતું એવી ફિલ્મોની વાપસી થઈ છે. ૨૦૦૦- ૨૦૨૩ની વચ્ચે બોક્સઓફિસ મોટા બજેટવાળી ફિલ્મ અને મોટા સિતારાઓવાળી ફિલ્મની આજુબાજુ ગુંજતું રહેતું હતું. જોકે ૨૦૨૫માં દર્શકોએ એવી ફિલ્મોને પ્રાધન્ય આપ્યું કે જે ફિલ્મની વાર્તાથી તેઓ કનેક્ટ થઈ શકે અને તેનું નિર્દેશન પણ લાજવાબ હોય. એના કારણે ૪૦-૭૦ કરોડ રૂપિયાના બજેટવાળી ફિલ્મો સતત સફળ રહી તેમજ નવા નિર્દેશકો અને લેખકોએ પોતાની મજબૂત પકડ જાળવી રાખી. દર્શકોએ સ્ટારડમને બાજુમાં રાખી કન્ટેન્ટવાળી ફિલ્મોને વધારે પ્રાધાન્ય આપ્યું.

### બાયોપિક્સ ને રિયલ થ્રિલરનો દોર

આ વર્ષે બાયોપિકસ અને રિયલ લાઈફ હીરોઝવાળી ફિલ્મો દર્શકોએ બિરદાવી. જેમકે, બાયોપિકસ પહેલા પણ બનતી હતી, પરંતુ ૨૦૨૫માં એક પરિપક્વ શૈલીના રૂપમાં ઊભરીને સામે આવી.

વાસ્તવમાં આ ટેવ દર્શકોમાં ઓટીટી અને ડોક્યુમેન્ટ્રીને લીધે પડી છે કે જે વાસ્તવિક ઘટનાઓ પર આધારિત હોય છે જેના લીધે દર્શકોનો થિયેટર અને ઓટીટીનો વિવાદ પૂરો.

૨૦૨૫નું વર્ષ થિયેટર અને ઓટીટી વચ્ચે નવી ભાગીદારીની શરૂઆતના વર્ષ તરીકે સામે આવ્યું છે. હવે આ બંને એકબીજાના પ્રતિસ્પર્ધી તરીકે નહિ, પરંતુ એક થઈને પોતાના અસ્તિત્વની ઓળખ શોધી રહ્યા છે. ૨૦૨૫માં એ તો સમજાઈ જ ગયું છે કે, ન તો થિયેટર બંધ થશે અને નહિ ઓટીટીની ચમક ઓછી થશે. એને બદલે બંનેની વચ્ચે એક નવું જ સંતુલન બનીને સામે આવ્યું. મોટા બજેટવાળી ફિલ્મોએ થિયેટરોમાં શાનદાર કમાણી કરી તો ફેમિલી ડ્રામા, ડાર્ક કોમેડી અને રોમાન્સ જેવી શૈલીએ ઓટીટી પર વિશેષ પ્રભાવ પાડ્યો.

### મહિલા કેન્દ્રિત ફિલ્મોનું વર્ચસ્વ

સાલ ૨૦૨૫માં જે પાંચ નવા બદલાવ જોવામાં આવ્યા તેમાં આ સૌથી સકારાત્મક રહ્યું. ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓની ઉપસ્થિતિના ઘણા રૂપ જોવામાં આવ્યા. આ વર્ષે મહિલાઓને કેન્દ્રમાં રાખી બનાવેલ ફિલ્મો ઘણા રૂપે સફળ રહી. ઘણી સ્થાપિત અભિનેત્રીઓએ સમૂહ અને બહુ-કથાવાળી ફિલ્મોમાં સાહસ કર્યું છે, જે અગાઉ જોખમી માનવામાં આવતી હતી. આ વર્ષે થ્રિલર અને એક્શનવાળી ફિલ્મોમાં પણ મહિલાઓ અવ્વલ રહી.

૨૦૨૫નું વર્ષ બાકી બધા વર્ષ કરતા અલગ જ રહ્યું છે, એનું કારણ એ છે કે, પહેલા માત્ર મહિલા કેન્દ્રિત ફિલ્મો જ બનતી કે જેમાં કોઈ સોશ્યલ મેસેજ હોય. જોકે સાલ ૨૦૨૫માં મહિલાઓ - સુપર હીરો, એક્શન ડ્રામા, સ્પોટર્સ અને હાઈ કોન્સેપ્ટ થ્રિલર જેવી બધી જ મહત્ત્વપૂર્ણ શૈલીઓમાં જોઈ છે. કહેવાનું એમ છે કે, મહિલાઓ હવે પુરુષ સમોવડી થઈ ગઈ છે. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# લતાદીદીના અન્ય ગાયિકાઓ સાથે યાદગાર ડ્યુએટ

### એકલ ગીત અને પુરુષ ગાયકો સાથે અવિસ્મરણીય ગીતો આપનારાં લતા મંગેશકરના અન્ય ગાયિકાઓ સાથે યુગલ ગીત પણ રસિકો નહીં ભૂલ્યા હોય

આજે છ ફેબ્રુઆરી. ચાર વર્ષ પહેલા ૯૩ વર્ષની ઉંમરે 'ભારતરત્ન' લતા મંગેશકરએ આપણી વચ્ચેથી સદેહે વિદાય લીધી, પણ સંગીતમાં અને વિશેષ કરીને હિન્દી ફિલ્મ સંગીતમાં એમનું અવિસ્મરણીય યોગદાન અમીટ છાપ છોડી ગયું છે. જો તમે હિન્દી ફિલ્મ સંગીતના અને ખાસ કરી ૧૯૫૦ - ૬૦ - ૭૦ દસકની હિન્દી ફિલ્મ સંગીતના શોખીન હશો તો કોઈ દિવસ એવો નહીં જાય કે લતા મંગેશકરનું એકાદ ગીત તમે ગણગણવા ન લાગો. અનિલ વિશ્વાસથી માંડી એ. આર. રેહમાન સહિત અનેક વૈવિધ્યપૂર્ણ સ્વરાંકન માટે જાણીતા સંગીતકારો માટે ગાયકી કરનારાં દીદીએ અનેક રત્નોની ભેટ આપણને આપી છે. એમના ખજાનામાંથી પસંદગી કરવી એ આસાન કામ તો નથી જ. આજે એમની પુણ્યતિથિ નિમિત્તે આપણે વિવિધ ગાયિકા સાથે રજૂ કરેલા યુગલ ગીત - ડ્યુએટ સોંગ્સનો આનંદ માણીએ.





**અમીરબાઈ કર્ણાટકી - ગોરે ગોરે ઓ બાંકે છોરેઃ**

રમેશ સેહગલ દિગ્દર્શિત અશોક કુમાર, નલિની જયવંત અને કુલદીપ કૌર જેવા મુખ્ય કલાકાર સાથેની 'સમાધિ' ૧૯૫૦ની સૌથી સફળ ફિલ્મ હતી. ગીતકાર હતા રાજેન્દ્ર કૃષ્ણ અને સંગીતકાર હતા સી. રામચંદ્ર. ગીત ખૂબ જ રમતિયાળ છે અને એ સમયે પાશ્ચાત્ય શૈલીની ધૂન તૈયાર કરવામાં રામચંદ્ર માહેર હતા. અમીરબાઈ કર્ણાટકી એ સમયમાં નામના ધરાવતા હતા અને લતાદીદીનો સિતારો ઝગારા મારી રહ્યો હતો. અમેરિકન ફિલ્મોમાં ફ્રૂટ હેટ પહેરવા માટે પ્રખ્યાત બ્રાઝીલિયન સિંગર, ડાન્સર, એક્ટ્રેસ કાર્મેન મિરાન્ડાના 'ચિકો ચીકો' ગીતની ધૂનના આધારે તૈયાર થયેલા આ ગીતને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. ૭૫ વર્ષ પહેલા આ ગીત ગાવા માટે દીદીનો કાન આમળવામાં આવ્યો હતો. 'રોઝ રોઝ મુલાકાત અચ્છી નહીં...' જેવી પંક્તિ આપણે ન ગવાય એવો ઠપકો એમને આપવામાં આવ્યો હતો.

**આશા ભોસલે - મન ક્યોં બેહકા રે બેહકા આધી રાત કોઃ**

દીદીની બે બહેન આશા ભોસલે અને ઉષા મંગેશકર ફિલ્મ પાર્શ્વગાયનમાં વ્યસ્ત રહી. ઉષાજીની સરખામણીમાં આશાજીનું યોગદાન ઘણું વધારે છે. લતા - આશાનાં કેટલાંક યુગલ ગીત જાણીતાં છે, પણ એમાં નંબર વનના સ્થાને તો 'ઉત્સવ'નું ગીતકાર વસંત દેવ અને સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ સર્જિત 'મન ક્યોં બેહકા રી બેહકા આધી રાત કો, બેલા મેહકા રી મેહકા આધી રાત કો'ને જ મળે. વસંતસેના અને અદિતીની મુલાકાત વખતના આ રોમેન્ટિક ગીતની સંગીતિક ઊંચાઈ અનેરી છે. જોકે, કેટલાક વર્ષ પહેલા આ ગીતનો ઉપયોગ કોન્ડોમની એડવર્ટાઇઝમેન્ટમાં કરવામાં આવતા ખાસ્સો વિવાદ થયો હતો.

**ગીતા દત્ત - બેચૈન દિલ ખોઈ સી નઝરઃ**

હકીકત એ છે કે લતા મંગેશકરનો સિતારો હજી ઝળહળ્યો નહોતો ત્યારે ગીતા દત્ત લોકપ્રિયતા મેળવી ચૂક્યાં હતાં. એ પણ એટલી જ સાચી વાત છે કે દીદીની હરણફાળમાં જે ગાયિકાઓ પાછળ રહી ગઈ એમાં ગીતા દત્તનું પણ નામ આવે છે. સોહરાબ મોદી નિર્મિત અને બિમલ રોય દિગ્દર્શિત 'યહૂદી' ફિલ્મનું 'બેચૈન દિલ ખોઈ સી નઝર, તન્હાઈયોં મેં શામ - ઓ - સહર તુમ યાદ આતે હો' એ સમયે ખાસ્સું લોકપ્રિય બન્યું હતું. શૈલેન્દ્ર લિખિત અને શંકર - જયકિશન દ્વારા સ્વરબદ્ધ ગીતની એક લાક્ષણિકતા એ છે કે એનું ફિલ્માંકન હેલન અને કક્કુ એ બે નૃત્યાંગના પર કરવામાં આવ્યું છે. આ એ દોરનું ગીત છે, જ્યારે લતાદીદીના નામનો ચળકાટ એકદમ વધી ગયો હતો અને ગીતા દત્તનું નામ ઝાંખું પડી રહ્યું હતું અને કક્કુની ભલામણથી ફિલ્મોમાં કામ મેળવનારી હેલનનો સિતારો ગગનમાં ઊંચે જઈ રહ્યો હતો અને એક સમયે દબદબો ધરાવતી કક્કુના વળતા પાણી થઈ રહ્યા હતા.

**કમલ બારોટ - હસતા હુઆ નુરાની ચેહરાઃ**

બાબુભાઈ દિગ્દર્શિત મ્યુઝિકલ ફેન્ટસી ફિલ્મ 'પારસમણિ' એના ગીત - સંગીત અને વિશેષ તો લક્ષ્મીકાંત - પ્યારેલાલની પ્રથમ સ્વતંત્ર ફિલ્મ તરીકે વધુ સ્મૃતિમાં જળવાઈ છે. ફિલ્મમાં કુલ છ ગીત હતા પણ એમાંથી બે ગીત આજે પણ લોકો નહીં ભૂલ્યા હોય. એક હતું લતા - રફીનું યુગલગીત 'વો જબ યાદ આયે, બહોત યાદ આયે' અને બીજું હતું દીદીનું કમલ બારોટ સાથેનું યુગલ ગીત 'હસતા હુઆ નુરાની ચેહરા'. કમલ બારોટ મુખ્યત્વે લતા - આશા સાથે ડ્યુએટ ગીતો ગાવા માટે વધુ જાણીતાં હતાં. કમલ બારોટનો સ્વર તરત ઓળખાઈ આવે એટલો અલગ પડી આવે છે અને હા, દીદીના સ્વરની મીઠાશ પણ પ્રફુલ્લિત કરનારી છે.

### બહુ ઓછા જાણીતા, પણ દીદીનાં પ્રિય ગીત ...

લતા મંગેશકરે અનેક ચિત્રપટમાં સંખ્યાબંધ ગીત ગાયા છે. કેટલાંકને અફાટ લોકપ્રિયતા મળી અને એમાંથી અનેક આજે પણ રસિકવર્ગ ભુલ્યો નથી. જોકે, સાથે એવાં પણ કેટલાંક ગીત છે જે ખુદ લતાજીને બેહદ પસંદ હતા, પણ એ ગીતોને લોકપ્રિયતા મળી નહીં અને આજે તો સદંતર વિસરાઈ ગયા છે. વર્ષો પહેલા આપેલા એક ઈન્ટરવ્યૂમાં દીદીએ આવાં ગીતોનો ઉલ્લેખ કર્યો હતો. એની ઝલક જોઈએ....

**સંગ મેરે સાથ આજા, આજા સજનાઃ**

મદન મોહન અને ભાઈ હૃદયનાથ મંગેશકરના સ્વરાંકન ગાવા આસાન નથી હોતા એવી કબૂલાત દીદીએ જાહેરમાં કરી છે. ભાઈ હૃદયનાથ માટે લતાજીએ કેટલાંક મધુર ગીત ગાયાં છે, પણ કાં તો એ ફિલ્મ ફ્લોપ થવાથી કે અન્ય કોઈ કારણસર એ ગાજ્યા નહીં. 'મેરે સાથ ચલ'નું આ ગીત એનું ઉદાહરણ છે. ફિલ્મમાં કુલ ચાર ગીત છે જેમાં આ સોલો ગીત સાંભળશો તો સ્મૃતિમાં સચવાઈ રહેશે.

**તુમને પિયા દિયા મુજકો સબકુછઃ**

સિત્તેરના દાયકાના પ્રારંભમાં વિનોદ મેહરા - મૌસમી ચેટરજીનો ગજ વાગતો હતો. જોડીની 'ઉસ પાર' નામની ફિલ્મમાં એસ. ડી. બર્મનના સ્વરાંકનમાં લતાજીનું આ સોલો સોન્ગ પરંપરાગત પ્રેમની અભિવ્યક્તિને સુપેરે પ્રગટ કરે છે. ગીતકાર યોગેશના શબ્દો અને બર્મનદાના સૂર સાથે દીદીનું માધુર્ય ભળતા એક અનોખો ત્રિવેણી સંગમ રચાય છે. ફિલ્મ રિલીઝ થયા પછી મૌસમીએ કહ્યું હતું કે 'દીદીનો અવાજ અસલ હું ગાતી હોઉં એવો લાગે છે.' લતાજીની એ ખૂબી હતી.

**દિલ કા દિયા જલા કે ગયા :**

મજરૂહ સુલતાનપુરીનાં શ્રેષ્ઠ ગીતો સંગીતકાર એસ. ડી. બર્મન સાથે છે. જોકે, અન્ય સંગીતકાર સાથે પણ તેમણે મજેદાર ગીત આપ્યા છે. ૧૯૬૫માં આવેલી 'આકાશદીપ' ફિલ્મનું ચિત્રગુપ્તએ સ્વરબદ્ધ કરેલું આ ગીત એનું આગવું ઉદાહરણ છે. લતાજીએ ચિત્રગુપ્ત માટે કહ્યું હતું કે 'ચિત્રગુપ્ત એક પ્રતિભાશાળી સંગીતકાર હતા. મેં એમના કમ્પોઝિશન્સમાં કેટલાંક રોમેન્ટિક ગીતો ગાયાં છે, પણ કમનસીબે એ ફિલ્મો ફ્લોપ થવાથી ગીતો પણ વિસરાઈ ગયા. 'દિલ કા દિયા જલા કે ગયા, યે કૌન મેરી તન્હાઈ મેં' ગાતી વખતે મને ખૂબ આનંદ થયો હતો.'

**તુમ ગગન કે ચંદ્રમા હોઃ**

લેખક, નિર્માતા અને દિગ્દર્શક શાંતિલાલ સોનીએ ૧૯૬૪માં 'સતી સાવિત્રી' નામની ફિલ્મ બનાવી હતી. એ દોરની અમુક પૌરાણિક ફિલ્મોએ યાદગાર ગીત આપ્યાં છે. લતા - મન્ના ડેનું યુગલ ગીત 'તુમ ગગન કે ચંદ્રમા હો, મૈં ધરા કી ધૂલ હૂં' એ પ્રકારનું ગીત છે. દીદી મન્ના ડે સાથે કોઈ કાર્યક્રમમાં ગાવાના હોય ત્યારે આ ગીત રજૂ કરવાનો આગ્રહ રાખતા હતા. ગીતના શબ્દો અને એનું સ્વરાંકન તેમને ખૂબ પસંદ હતા.

**હવે સખી નહીં બોલુંઃ**

લતા મંગેશકરના ગુજરાતી ગીતોની વાત નીકળે ત્યારે 'મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે'થી શરૂઆત થાય અને 'રૂપલે મઢી છે સારી રાત', 'રસ્તે રઝળતી વાર્તા, 'હંસલા હાલો રે' તેમજ 'એક રજકણ સૂરજ થવાને શમણે'નો અવશ્ય ઉલ્લેખ થાય. જોકે, આ બધાં ગીતો પહેલા લતાદીદીએ પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકનમાં ગાયેલું 'હવે સખી નહીં બોલું, નહીં બોલું. નહીં બોલું રે' બહુ જ સુંદર ગીત છે. ૭૦ વર્ષ પહેલા રેકોર્ડ થયેલું આ ગીત આજે સાંભળીને પણ મુગ્ધ થઈ જવાય છે. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ભાઈજાન'નો સપાટો




થોડા મહિના પહેલાં અનુરાગ કશ્યપના નાના ભાઈ અભિનવ કશ્યપે એક પોડકાસ્ટમાં ભાઈજાન વિરુદ્ધ બળાપો કાઢ્યો હતો. પછી તો 'વ્યૂઝ', 'લાઈક્સ' અને 'ડૉલર્સ' કમાવવાના ચક્કરમાં અનેક પોડકાસ્ટરોએ અભિનવને સામે ચાલીને મહેમાન બનાવ્યાં.

અભિનવને પણ કદાચ આ જ જોઈતું હતું. એમને તો સલમાન સામે પોતાની વાત કહેવા માટે મોટી સંખ્યામાં પ્લેટફોર્મ્સ જોઈતાં જ હતાં. આથી એમણે, વન બાય વન આ પોડકાસ્ટરોને ત્યાં મહેમાન બનવાનું સ્વીકાર્યું. એક રીતે જુઓ તો જે ખટરાગ અભિનવ અને સલમાન વચ્ચે થયો એ એક વખતનો જ હતો. આથી, લગભગ દરેક પોડકાસ્ટમાં એક જ પ્રકારની વાતો થઇ, પણ આ વાતો સલમાન વિશે હતી એટલે સ્વાભાવિક છે કે આ પોડકાસ્ટ્સને ભરી ભરીને વ્યૂઝ આવ્યા. વાત, સલમાન એકલાની હોત તો ચાલી જાત, પરંતુ, અભિનવે તો એના પરિવારને પણ ટાર્ગેટ કર્યો એટલે પછી ભાઈજાને નક્કી કર્યું કે ઈનફ ઈઝ ઇનફ. એમણે અભિનવ ઉપરાંત કોમલ મેહરૂ, ખુશ્બુ હઝારા અને અન્ય પોડકાસ્ટરો અને સોશ્યલ મીડિયા હેન્ડલર્સ પર ૯ કરોડનો માનહાનિનો દાવો ઠોકી દીધો છે. કોર્ટે પણ સલમાનને અંતરિમ આદેશમાં રાહત આપી છે. કોર્ટનાં આદેશ અનુસાર આગામી આદેશ સુધી સલમાન ખાન કે તેના પરિવાર બાબતે કોઇપણ પ્રકારની માનહાનિ કરતી કમેન્ટ કે કન્ટેન્ટ કોઈએ રજૂ કરવા નહીં. મુંબઈની સિવિલ કોર્ટે પોતાનાં અંતરિમ આદેશમાં નોંધ્યું છે કે, અભિવ્યક્તિની આઝાદીનો અર્થ એવો નથી કે તમે કોઈના પર વ્યક્તિગત અથવા તો તેનાં પરિવાર પર અપશબ્દો ધરાવતી કે પછી ધમકી આપતી કમેન્ટ કરી શકો.

### ફ્રોડમાં ચાર અભિનેતા અટવાયા...

કલાકારો અને સેલિબ્રિટીઓને 'મોટા મની' કમાવવા મળે એટલે કોઈ પણ પ્રોડક્ટની જાહેરાત સ્વીકારી લેતાં હોય છે. પરંતુ જો એ 'પ્રોડક્ટ' નકલી અથવા તો કોઈને ચીટ કરતી નીકળી તો પછી સહન ગ્રાહકે કરવાનું હોય છે. સેલિબ્રિટીઝ તો ગંગા ન્હાઈને પવિત્ર થઇ ગયાં હોય એમ એમાંથી બહાર નીકળી જતાં હોય છે, પરંતુ જો ગ્રાહક જાગૃત હોય તો એ સહનશક્તિની એક હદ બાદ સેલિબ્રિટીને પણ છોડતો નથી.

આવો જ એક કિસ્સો ઝારખંડનાં જમશેદપુરમાં સામે આવ્યો છે. ગયાં વર્ષે જમશેદપુર પોલીસે 'મેક્સીઝોન ટચ પ્રાઈવેટ લિમિટેડ'ના બે ડિરેક્ટર્સ ચંદર ભૂષણ સિંહ અને તેમનાં પત્ની પ્રિયંકા સિંહને એક પોલીસ ફરિયાદ હેઠળ પકડી લીધાં હતાં. આ બંને ML M સ્કિમ ચલાવતાં હતાં. ફરિયાદ કરનાર વ્યક્તિનાં કહેવા અનુસાર તેનાં રૂપિયા ૩૦ લાખનાં 'રોકાણ' સામે તેને દર મહીને ૧૫%નો ફાયદો કરી આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો, પરંતુ એ ન થયું. તો આમાં ફિલ્મી કલાકારો ક્યાંથી આવ્યાં? એ લોકો આમાં એટલે આવ્યાં કારણકે તેમણે આ કંપનીનો પ્રચાર કર્યો હતો. આ કલાકારોમાં ગોવિંદા, ચંકી પાંડે, શક્તિ કપૂર અને મનોજ તિવારી સામેલ છે. ફરિયાદીનું કહેવું છે કે આ ચારેય મોટાં નામે જ્યારે આ કંપનીનો પ્રચાર કર્યો ત્યારે તેને રોકાણને લઈને વિશ્વાસ બેઠો. હવે જ્યારે કંપની પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે ત્યારે મને ગેરમાર્ગે દોરવામાં આ ચારેયનો પણ હાથ છે. જોઈએ હવે આ 'ચોકડી'નું શું થાય છે. બાકી, પોતાનો પૈસો પોતાની પાસે રહે એ વધુ સારું બરાબરને?

### 'ગેટ વે ઓફ ઈન્ડિયા' રામમય થશે



આ વર્ષની એક એવી ફિલ્મ જેની ખૂબ, ખૂબ અને ખૂબ રાહ જોવાઈ રહી છે એ છે 'રામાયણ'. એનાં ફર્સ્ટ લૂક અને સંગીતે ફિલ્મી રસિયાઓમાં ખૂબ ઉત્કંઠા જગાવી છે. હવે આ ઉત્કંઠાને વધુ જગાવવા માટે ફિલ્મનાં મેકર્સ તૈયારી કરી રહ્યાં છે. આવનારી ૨૭ માર્ચે મુંબઈના ગેટ વે ઓફ ઇન્ડિયા પર એક મેગા શોનું આયોજન થયું છે.

નીતેશ તિવારી જે આ ફિલ્મના ડાયરેક્ટર છે તે અને નિર્માતા નમિત મલ્હોત્રા એક હાઈ-પ્રોફાઈલ ઇવેન્ટની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી છે, જે અનુસાર એ તારીખે જ્યારે રામનવમી પણ છે તે દિવસે મુંબઈની આ આઇકોનિક જગ્યા પર ફિલ્મનાં તમામ મુખ્ય પાત્રોનાં લૂકસ રીવીલ કરવામાં આવશે. આપણે જાણીએ છીએ કે આ ફિલ્મમાં રામ તરીકે રણબીર કપૂર, સીતા તરીકે સાંઈ પલ્લવી, લક્ષ્મણ તરીકે રવિ દૂબે, હનુમાનજી તરીકે સની દેઓલ અને રાવણ તરીકે યશ છે. એવું લાગી રહ્યું છે કે આ તમામ કલાકારો તેમનાં ફિલ્મનાં લૂકસ સાથે આ ઇવેન્ટમાં જોવા મળશે. બોલિવૂડમાં કદાચ આ પ્રકારનો પ્રયોગ નવો છે. જે હોય તે, પણ બોલિવૂડને અત્યારે હીટ ઉપર હીટ ફિલ્મોની તો તાતી જરૂર છે એટલે આ પ્રયાસ જો એમાં મદદ કરતો હોય તો એમાં ખોટું શું છે, હે?! ■

### કટ એન્ડ ઓકે..

*પ્રિયદર્શન તેમની 'ભૂત પોલીસ'નો બીજો ભાગ એના પહેલાં ભાગના મુખ્ય કલાકાર સૈફ અલી ખાન અને અર્જુન કપૂર વગર બનાવશે.*




## શો-શરાબા


દિવ્યકાંત પંડ્યા

# બિગ બજેટ બોલિવૂડઃ ઝગમગ સ્કેલ - ડગમગ રિઝલ્ટ

### હિન્દી સિનેમામાં વધતો સ્કેલ અને ઘટતી લાગણી વચ્ચેનો વિરોધાભાસ

આજની હિન્દી ફિલ્મ્સ ઘણી વખત એવી લાગે છે કે સ્ક્રીન પર બધું છે. મોટાં સેટ્સ છે, વિદેશી લોકેશન્સ છે, મોટા સ્ટાર્સ છે, ભવ્ય બેકગ્રાઉન્ડ સ્કોર છે અને કરોડો રૂપિયાનો વિઝ્યુઅલ શો છે, છતાં દર્શક થિયેટરથી બહાર નીકળે ત્યારે ફિલ્મ યાદ નથી રહેતી, પાત્રો યાદ નથી રહેતા, લાગણી જોડાતી નથી. આ જ આજની બોલિવૂડની સૌથી મોટી સમસ્યા છે કે ફિલ્મ્સ દેખાવમાં બહુ મોટી છે, પરંતુ અંદરથી ખાલી પોલી લાગે છે.










છેલ્લાં બે-ત્રણ વર્ષમાં આ વાત વધુ સ્પષ્ટ થઈ છે. ઘણા મોટા બજેટની ફિલ્મ્સ રિલીઝ પહેલા જ ઇવેન્ટ બની જાય છે. ટ્રેલર લોન્ચ, ગીતો, ઇન્ટરવ્યૂ, સોશ્યલ મીડિયા પર ટ્રેન્ડ્સ બધું જ થાય છે, પરંતુ ફિલ્મ રિલીઝ થયા પછી તેના વખાણ થતા નથી. ઊલટું, બીજા જ દિવસથી નેગેટિવ ચર્ચા શરૂ થઈ જાય છે.

'વૉર ૨' જેવી ફિલ્મ એનું સૌથી તાજું ઉદાહરણ છે.

હૃતિક રોશન અને જુનિયર એનટીઆર જેવા સ્ટાર્સ એકસાથે, મોટો સ્કેલ અને એક્શન. છતાં ફિલ્મ માટે જે ક્રેઝ

બનાવવામાં આવ્યો હતો, તે થિયેટર સુધી પહોંચ્યો નહીં. લોકો કહેતા રહ્યા કે ફિલ્મ દેખાવમાં (દેખાવમાં પણ વીએફએક્સની કમીની ચર્ચા થઈ છે) મોટી છે, પરંતુ અંદરથી કંઈક ઓછું છે.

આ એકલી ફિલ્મની વાત નથી. 'બડે મિયાં છોટે મિયાં' જેવી ફિલ્મ પણ એનું ઉદાહરણ છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ જેવા સ્ટાર્સ, ભારે એક્શન, બિગ લોકેશન્સ અને મોટા બજેટ હોવા છતાં ફિલ્મ પ્રેક્ષકો સાથે જોડાઈ શકી નહીં. કારણ સાદું હતું, કહાની નવી નહોતી, સંવાદો ખોખલા હતા અને ભાવનાત્મક રીતે ફિલ્મ કશું આપતી નહોતી. આવી જ રીતે 'સિકંદર', 'બાગી ૪' જેવી ફિલ્મ્સ પણ ચર્ચામાં રહી, પરંતુ દર્શકોને બાંધી રાખી શકી નહીં. હવે પ્રેક્ષક માત્ર સ્ટાર જોઈને ટિકિટ લેતો નથી, તે કહાની જોઈ રહ્યો છે.

બીજું મોટું કારણ છે બોલિવૂડની સ્ક્રિપ્ટની પ્રાથમિકતા. આજે પણ ઘણા પ્રોડ્યુસર માટે સૌથી પહેલાં સ્ટાર મહત્ત્વ ધરાવે છે, પછી બજેટ, પછી માર્કેટિંગ અને છેલ્લે સ્ક્રિપ્ટ. લેખન પર પૂરતું કામ થતું નથી. ઘણા પ્રોજેક્ટ્સમાં કહાની એવું લાગે છે કે ફિલ્મ શરૂ કરવા માટે બસ એક આઇડિયા પૂરતો માનવામાં આવ્યો છે. પાત્રોનું ઊંડાણ, તેમની માનસિકતા, તેમનો સંઘર્ષ આ બધું સપાટી પર જ રહે છે. પરિણામે ફિલ્મ પૂરી થાય ત્યારે દર્શકને લાગણીપૂર્વક કંઈ મળતું નથી.

'આદિપુરુષ' જેવી ફિલ્મે તો આ સમસ્યાને ખુલ્લેઆમ સામે મૂકી દીધી. રામાયણ જેવી મહાન કહાની, મોટી સ્ટારકાસ્ટ, ભારે વિએફએક્સ (સાચે?) અને વિશાળ બજેટ હોવા છતાં ફિલ્મ ભાવનાત્મક રીતે પ્રેક્ષકને સ્પર્શી શકી નહીં. લોકો ફરિયાદ કરતા રહ્યા કે પાત્રો જીવંત લાગતા નથી, સંવાદોમાં ભાર નથી અને આખી ફિલ્મ કોઈ વીડિયો ગેમ જેવી લાગે છે.

એ જ રીતે 'સર્કસ' કે 'સમ્રાટ પૃથ્વીરાજ' જેવી ફિલ્મ્સમાં પણ આ સમસ્યા દેખાઈ. આ ફિલ્મ્સમાં પ્રોડક્શન વેલ્યૂ સારી હતી, સ્ટાર્સ જાણીતા હતા, પરંતુ લેખન સપાટી પર અટકી ગયું. આની સામે, જ્યારે '૧૨વિં ફેલ' જેવી ફિલ્મ સફળ થાય છે, ત્યારે એ સાબિત થાય છે કે પ્રેક્ષક આજે પણ લાગણીસભર કહાની સ્વીકારવા તૈયાર છે. આ ફિલ્મ્સ ટેક્નિકલી ખૂબ મોટી ન હતી, પરંતુ તેમાં સચ્ચાઈ હતી, ઈમાનદારી હતી અને પાત્રોનો સંઘર્ષ સમજાય એવો હતો.

આ બધાં ઉદાહરણ એક જ વાત તરફ ઈશારો કરે છે કે હિન્દી સિનેમાને આજે સૌથી વધુ જરૂર છે મજબૂત લેખન અને ઈમાનદાર ભાવનાત્મક જોડાણની. જ્યાં સુધી બોલિવૂડ ફરીથી કહાનીને કેન્દ્રમાં નહીં મૂકે, ત્યાં સુધી ફિલ્મ્સ પોસ્ટરમાં, ટ્રેલરમાં અને બજેટમાં મોટી દેખાતી રહેશે, પરંતુ પ્રેક્ષકના દિલમાં જગ્યા નહીં બનાવી શકે.

આ સમસ્યા નવી નથી. 'બોમ્બે વેલ્વેટ', 'ઝીરો', 'ઠગ્સ ઓફ હિંદોસ્તાન' જેવી ફિલ્મ્સે વર્ષો પહેલાં જ ચેતવણી આપી દીધી હતી કે મોટું બજેટ અને મોટા નામો હંમેશાં કામ નથી કરતા. ત્યારે પણ ફિલ્મ્સ દેખાવમાં શાનદાર હતી, પરંતુ કહાનીમાં અને પાત્રોમાં ખોટ હતી. છતાં બોલિવૂડ એમાંથી ખાસ શીખ્યું હોય એવું લાગતું નથી.

બીજી એક મોટી સમસ્યા છે સેફ રમવાની માનસિકતા. બોલિવૂડ આજે પણ રિમેક, સિક્વલ અને જૂની ફોર્મ્યુલા પર વધારે વિશ્વાસ રાખે છે. નવી કહાની પર જોખમ લેવાનું ટાળે છે. પરિણામે એક જ પ્રકારની ફિલ્મ્સ ફરી ફરી આવે છે. પ્રેમકથા હોય, એક્શન હોય કે બાયોપિક, બધું એકસરખું લાગે છે. જ્યારે કહાનીમાં નવીનતા નથી, ત્યારે ભલે કેટલો પણ મોટો સ્કેલ હોય, ફિલ્મ ખાલી જ લાગે.

આની સામે, નાના બજેટની ફિલ્મ્સ અથવા ઓટીટી પર આવેલી કેટલીક ફિલ્મ્સ વધારે અસરકારક સાબિત થાય છે. કારણ કે ત્યાં કહાની અને પાત્રોને મહત્ત્વ મળે છે. ત્યાં દર્શક સાથે ઈમાનદારી રાખવામાં આવે છે. એ ફિલ્મ્સ કદાચ કરોડો નહીં કમાય, પરંતુ મનોરંજન દેવની કૃપાથી વર્ષો સુધી યાદ રહેશે. આ જ તફાવત છે દેખાવમાં મોટી ફિલ્મ અને સાચા અર્થમાં મોટી ફિલ્મ વચ્ચે. ■

**લાસ્ટ શોટ**

*આજનો દર્શક કોરિયન ડ્રામા જુએ છે, યુરોપિયન સિરીઝ જુએ છે, દક્ષિણ ભારતીય ફિલ્મ્સ જુએ છે. ત્યાં તેમને નવી કહાની અને અલગ પ્રકારની રજૂઆત જોવા મળે છે.*

# બેંગ્લૂરુનું બીજું ટાઇટલ, દિલ્હી ચોથી વાર પણ અનલકી



વડોદરાઃ અહીં વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ફાઇનલમાં સ્મૃતિ મંધાનાની કૅપ્ટન્સીમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)એ બીજી વાર ટાઇટલ જીતીને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ના વિક્રમની બરાબરી કરી હતી. બીજી તરફ, દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની ટીમ સતત ચોથી વખત ફાઇનલમાં પહોંચીને પ્રથમ ટાઇટલથી વંચિત રહી હતી. રોમાંચક ફાઇનલમાં બેંગ્લૂરુ સામે લડાયક ટીમ દિલ્હીનો છ વિકેટે પરાજય થયો હતો. બેંગ્લૂરુની ટીમ ૧૯.૪ ઓવરમાં ૪/૨૦૪ રનના સ્કોર સાથે વિજયી થઈ હતી. જીતમાં કૅપ્ટન સ્મૃતિ (૮૭ રન, ૪૧ બૉલ, ત્રણ સિક્સર, બાર ફોર) તથા જ્યોર્જિયા વૉલ (૭૯ રન, ૫૪ બૉલ, ૧૪ ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ૧૬૫ની ભાગીદારી થઈ હતી. ■

# ભારત સામેની મૅચ ન રમવાનો અમારો નિર્ણય એકદમ યોગ્ય જઃ પાકિસ્તાનના વડા પ્રધાન

કરાચીઃ આગામી ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની ટી-૨૦ વર્લ્ડ કપ મૅચમાં પાકિસ્તાન રમશે કે નહીં એ વિશે ખુદ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે મૌન તોડ્યું છે અને પાકિસ્તાનના નિર્ણયને એકદમ યોગ્ય ગણાવ્યો છે.

શેહબાઝ શરીફે બુધવારે તેના પ્રધાનોને સંબોધતા કહ્યું હતું કે 'ભારત સામેની વર્લ્ડ કપ મૅચ બાબતમાં આપણે બહુ સમજી વિચારીને અભિગમ અપનાવ્યો છે અને હું દ્રઢપણે માનું છું કે આપણે બાંગ્લાદેશની પડખે રહેવું જ જોઈએ.'

શેહબાઝ શરીફે પ્રધાનોને કહ્યું, 'ટી ૨૦ વિશ્વ કપમાં આપણે ભારત સામે મૅચ નહીં રમીએ એવું સ્પષ્ટ વલણ આપણે અપનાવી લીધું છે, કારણકે ખેલકૂદના મેદાન પર રાજકારણ હોવું જ ન જોઈએ. આપણો નિર્ણય એકદમ યોગ્ય છે.' ■

# હું ભારત પાછો આવીને કૅપ્ટન તરીકે અમેરિકા વતી વર્લ્ડ કપ રમીશ એવી કલ્પના પણ નહોતી કરીઃ મોનાંક પટેલ

## મુંબઈમાં દસ ટીમના કૅપ્ટનોએ વિશ્વ કપ પહેલાંની પત્રકાર પરિષદમાં હાજરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અહીં ગુરુવારે ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં (પાકિસ્તાન સિવાયના) દેશોના કૅપ્ટનોની પત્રકાર પરિષદમાં ઉપસ્થિત નેપાળ, સ્કૉટલૅન્ડ અને ઇટલીના કૅપ્ટને પોતાને ટી-૨૦ જગતની આ સૌથી મોટી ટૂર્નામેન્ટમાં રમવા મળેલી તકનો પૂરો લાભ લઈને ક્રિકેટના ફલક પર પોતાના દેશને નવી ઓળખ આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ખાસ કરીને અમેરિકાની ટીમ ૨૦૨૪ની જેમ આ વખતે પણ અસરદાર પર્ફોર્મ કરવા તત્પર છે. અમેરિકાના કૅપ્ટન મોનાંક પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ' હું અમેરિકામાં સ્થાયી થયા બાદ ભારત પાછો આવીને કૅપ્ટન તરીકે અમેરિકા વતી વર્લ્ડ કપ રમીશ એવી મેં કદી કલ્પના પણ નહોતી કરી. અમારી આખી ટીમ વર્લ્ડ કપ રમવા માટે રોમાંચિત છે.'



આઇસીસીના સહયોગી દેશોમાં નેપાળનું નામ અજાણ્યું નથી, પરંતુ સ્કૉટલૅન્ડની ટીમને બાંગ્લાદેશની હકાલપટ્ટીને પગલે રમવાનો મોકો મળ્યો છે અને ઇટલીની હાજરી યુરોપમાં ક્રિકેટનો વધુ ફેલાવો કરાવશે.

### નેપાળનો સુકાની રોહિત છે રોહિત શર્માનો ફૅન

રોહિત પૉડેલ નેપાળની ટીમનો સુકાની છે. તેણે પત્રકારોને કહ્યું, ' અમે (૨૦૨૪માં) દસ વર્ષે આ મેગા ટૂર્નામેન્ટ માટે ક્વૉલિફાય થયા હતા. એ જોતાં આ વર્લ્ડ કપ અમારા માટે ખૂબ મહત્ત્વનો છે. અમારી હવે પછીની પેઢી અમને આ વર્લ્ડ કપમાં જરૂર નિહાળશે અને એના પરથી પ્રેરણા લેશે. અમે તેમના માટે અસરદાર પર્ફોર્મ કરવા મક્કમ છીએ. હું રોહિત શર્માનો ચાહક છું અને મુંબઈમાં રોહિતભાઈના જ હોમટાઉનમાં રમવા માટે ઉત્સુક છું. રોહિતભાઈ જેવું રમવું તો મારા માટે ખૂબ કઠિન છે, પરંતુ આશા રાખું છું કે ચાહકોને હું ખુશ કરી શકીશ.'

### ઇટલીના કૅપ્ટને શું કહ્યું?

ઇટલીની ટીમના ક્રિકેટ-કૅપ્ટન વેઇન મૅડસને પત્રકારોને કહ્યું, ' ઇટલીમાં ફૂટબૉલ મુખ્ય રમત છે, પણ અહીં ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવાની અમને જે તક મળી છે એ અમારા દેશ માટે પણ ખૂબ મહત્ત્વનું કહેવાય. અમે ઇટલીને ક્રિકેટના નકશા પર મૂકવા માગીએ છીએ.'

### સ્કૉટલૅન્ડના સુકાનીએ કહ્યું કે...

આઇસીસીએ ભારતમાં રમવાની ના પાડનાર બાંગ્લાદેશની ટીમને વર્લ્ડ કપની બહાર કરી અને એના સ્થાને સ્કૉટલૅન્ડને ગ્રૂપ-સીમાં મૂક્યું છે. એ ગ્રૂપમાં ઇંગ્લૅન્ડ, ઇટલી, નેપાળ અને વેસ્ટ ઇન્ડિઝ પણ છે. સ્કૉટિશ ટીમના સુકાની રિચી બેરિંગ્ટને જર્નલિસ્ટોને કહ્યું, ' અન્ય દેશોની તુલનામાં અમારી તૈયારી થોડી જુદી રહી છે. જોકે અમે આ ટોચના સ્તરે અમારો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપીશું. અમને બહુ મોટી તક મળી છે.'

પરિષદમાં અફઘાનિસ્તાનનો સુકાની રાશીદ ખાન, કૅનેડાનો કૅપ્ટન દિલપ્રીત બાજવા, સાઉથ આફ્રિકાનો સુકાની એઇડન માર્કરમ, નામિબિયાનો કૅપ્ટન ગેરાર્ડ ઇરેસમસ, વેસ્ટ ઇન્ડિઝનો કૅપ્ટન શાઇ હોપ અને ઇંગ્લૅન્ડનો કૅપ્ટન હૅરી બ્રૂક પણ હાજર હતા અને તેમણે પોતાની ટીમની તૈયારીઓ વિશેની જાણકારી આપી હતી. ■

# ગૌતમ ગંભીર અને કોટક શ્રી સિદ્ધિવિનાયકના મંદિરમાં



શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે અને આ વખતના વિશ્વ કપમાં પણ ભારત ચૅમ્પિયન બને એવી પ્રાર્થના કરવા ભારતીય ટીમનો હેડ-કોચ ગૌતમ ગંભીર ગુરુવારે શિવાજી પાર્ક, પ્રભાદેવીમાં શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં આવ્યો હતો. તેની સાથે ટીમ ઇન્ડિયાનો બૅટિંગ-કોચ અને સૌરાષ્ટ્રનો ભૂતપૂર્વ ખેલાડી સિતાંશુ હરગોવિંદભાઈ કોટક પણ હતો. (અમય ખરાડે)

# બેન સ્ટૉક્સને ઈજા થઈઃ ચહેરા પર લોહી જામી ગયું, આંખ બચી ગઈ



લંડનઃ ઇંગ્લૅન્ડના ટેસ્ટ કૅપ્ટન અને પેસ બોલિંગ ઑલરાઉન્ડર બેન સ્ટોક્સે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શૅર કરી છે જેમાં તેના ચહેરાની હાલત બગડી ગયેલી દેખાય છે. નસીબજોગે તેની આંખ બચી ગઈ છે.

બેન સ્ટૉક્સ કમાલના પર્ફોર્મન્સ માટે જાણીતો છે. બોલિંગ હોય કે બૅટિંગ, ઇંગ્લૅન્ડની ટીમને મુસીબતમાંથી બહાર લાવવા માટે તે જાણીતો છે. તે ઇંગ્લૅન્ડને ઘણી મૅચો જિતાડી ચૂક્યો છે.

બેન સ્ટૉક્સને ચહેરા પર એટલી બધી ગંભીર ઈજા થઈ છે કે તેને ઓળખવો મુશ્કેલ છે. ખુદ તેણે પોતાની આ ઈજાની જાણકારી ઇન્સ્ટાગ્રામ પર આપી છે. તે મજાક કરવા માટે જાણીતો છે. તેણે જણાવ્યું છે કે તમારે ક્રિકેટ બૉલની હાલત પણ જોવી જોઈએ.

સ્ટૉક્સની આ સ્ટોરી પરથી એવું લાગી રહ્યું છે કે તેને બૉલ જોરદાર વાગ્યો છે. તેની આંખની નીચે મોટો કાળો ડાઘ છે. લાગે છે કે તેના ગાલ પર લોહી જામી ગયું છે. ગાલ પર લાલ રંગના નિશાન પણ છે. તેને નાકની નીચે પણ ઈજા થઈ છે. જો બૉલ એક ઇંચ પણ ઉપર (આંખ પર) વાગ્યો હોત તો તેની ક્રિકેટ-કારકિર્દી ભયમાં મુકાઈ ગઈ હોત. ■

# ૧૫મીની મૅચ માટે અમે કોલંબો જવાના જ છીએઃ સૂર્યકુમાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટી-૨૦ વર્લ્ડ કપ માટેના ભારતીય કૅપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું છે કે ૧૫મી ફેબ્રુઆરીની મૅચ માટે ભારતીય ટીમ કોલંબો જશે જ. બીજી તરફ, પાકિસ્તાને ભારત સામેની આ મૅચ રમવાનો ઇનકાર કર્યો છે.



પાકિસ્તાન ૧૫મીની મૅચ નથી રમવાનું, પરંતુ ભારતીય ટીમે કોલંબોમાં એ મૅચ માટે પ્રૅક્ટિસ કરવી પડશે તેમ જ ભારતીય ટીમના પ્રતિનિધિએ પત્રકાર પરિષદને પણ સંબોધન કરવું પડશે. ભારતીય ટીમ એ મૅચ રમવા માટે સંપૂર્ણપણે તૈયાર હશે અને મેદાન પર હાજર હશે અને ત્યારે પાકિસ્તાની ટીમની ગેરહાજરી હશે તો એણે એ મૅચ જીતી કહેવાશે એટલે ટીમ ઇન્ડિયાને બે પૉઇન્ટ આપી દેવામાં આવશે.

સૂર્યકુમારે અહીં ગુરુવારે વાનખેડે સ્ટેડિયમમાં બીસીસીઆઇના હેડ ક્વૉર્ટરમાં વર્લ્ડ કપના કૅપ્ટનોની પ્રેસ કૉન્ફરન્સમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ' અમે ૧૫મીની મૅચ માટે કોલંબો જવાના જ છીએ. એ મૅચ ન રમવાનો નિર્ણય એમણે (પાકિસ્તાને) લીધો છે. એમનો નિર્ણય મારા કન્ટ્રોલમાં ન હોય. અમે તાજેતરમાં જ એશિયા કપમાં એમની સામે ત્રણ મૅચ રમ્યા હતા. અમારો અભિગમ એકદમ સ્પષ્ટ છે. એમની સામે (પાકિસ્તાન સામે) ન રમવાનું અમે નથી કહ્યું. એમને ભારત સામે નથી રમવું. ટાઇમટેબલ આઇસીસીનું છે અને આ મૅચ તટસ્થ સ્થળે રાખવાનું જ નક્કી કરાયું છે. અમે શનિવારે વાનખેડેમાં અમેરિકા સામે રમવાના છીએ. ત્યાર બાદ ૧૨મીએ દિલ્હીમાં નામિબિયા સામે રમીશું અને ત્યાર પછી અમે ૧૫મીની પાકિસ્તાન સામેની મૅચ માટે કોલંબો જવાના જ છીએ.' ■

# આજે ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલ

હરારેઃ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત સૌથી વધુ પાંચ ટાઇટલ જીતવાનો વિશ્વવિક્રમ ધરાવે જ છે અને હવે આજે (બપોરે એક વાગ્યાથી) અહીં ફરી એક વખત ભારતીય ટીમ ફાઇનલમાં રમવાની છે એટલે એમાં જીતવાથી ભારતનો વર્લ્ડ રેકૉર્ડ વધુ મજબૂત બની શકે. વરસાદની આગાહી છે. જોકે ફાઇનલ મુકાબલો ઇંગ્લૅન્ડ સામે છે અને એ ટીમ સેમિમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને પરાસ્ત કરીને આવી હોવાથી આયુષ મ્હાત્રેની ટીમે સાવચેત રહેવું પડશે. ભારતે સેમિમાં અફઘાનિસ્તાનની ટીમને હરાવી હોવાથી ભારતના ખેલાડીઓ જુસ્સેદાર છે. ઇંગ્લૅન્ડનું સુકાન થૉમસ રેવના હાથમાં છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भिडंत | અંદર |
| भीतर | ભ્રમર |
| भेदिया | ટક્કર |
| भूकुटि | સ્તબ્ધ |
| भौचक | જાસૂસ |

## જાણવા જેવું

'સત્યા'માં એક પણ ગીત નહોતું રાખવાનું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મ્યુઝિક કંપનીઓની બોલબાલા હતી અને ગીત વિનાની ફિલ્મનું માર્કેટિંગ કરવામાં બહુ મુશ્કેલી પડે એમ હતું. ગીત સામેલ કરવા પડ્યા. ફિલ્મ તો સુપરહિટ સાબિત થઈ જ, 'ગોલી માર ભેજે મેં' અને 'સપને મેં મિલતી હૈ' એ બે ગીત પણ અફાટ લોકપ્રિય થયા હતા.

## ગુજરાત મોરી મોરી રે

મહાન ગાયક - અભિનેતા કુંદનલાલ સાયગલ સાથે હિન્દી ફિલ્મમાં નાયિકાની ભૂમિકા કરનારી ગુજરાતી અભિનેત્રીનું નામ જણાવો.

અ) ભૈરવી શાહ
બ) નિરુપા રોય
ક) લીલા દેસાઈ
ડ) લક્ષ્મી મહેતા

## નોંધી રાખો

'કભી કભી મેરે દિલમેં ખયાલ આતા હૈ' શાયરી ફિલ્મ માટે નથી લખાઈ. સાહિરના એક પુસ્તકમાંથી લેવામાં આવી હતી.

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ■ | ૩ | | ■ | ૪ |
| | ■ | | ■ | ૫ | | | ■ | ૬ | |
| ૭ | ૮ | ■ | ■ | | ■ | ૯ | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | | ૧૨ | | ■ | ■ | | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | |
| | ■ | ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| | ■ | | ■ | ■ | ૧૯ | | | | ■ |
| ■ | ૨૦ | | ૨૧ | ■ | | ■ | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ■ | |
| | ■ | ૨૭ | | ■ | ■ | ૨૮ | | | |

### આડી ચાવી

૧ હસ્તમેળાપ (૪)
૩ શરાબ, દારુ (૨)
૫ હાટ (૩)
૬ સૈકો (૨)
૭ લાગ, અનુકૂળ સમય (૨)
૯ સતતપણું (૩)
૧૧ ઇશ્વર નિર્ગુણ અને ---- છે (૪)
૧૪ પાનું (ચોપડીનું) (૨)
૧૫ ઘરનો ઊમરો (૩)
૧૭ રક્ષણ (૩)
૧૮ તપસ્યા (૨)
૧૯ નવું (૪)
૨૦ ઉત્તર (૩)
૨૨ ગરબૂડ ગોટો, અવ્યવસ્થિતતા (૨)
૨૪ ---- તેવો રંગ (૨)
૨૫ ચાલાક, ચતુર (૩)
૨૭ પતિ (૨)
૨૮ ફાંકડું, ફૂટડું (૪)


### ઊભી ચાવી

૧ વિદ્યમાન, જીવતું (૩)
૨ જળ, પાણી (૨)
૩ ---- વાચા, કર્મણા (૩)
૪ મદારી (૨)
૫ અઘરું, કરવું મુશ્કેલ (૩)
૬ સાચું, વાસ્તવિક (૨)
૮ હલકામાં હલકું, છેક ઊતરતું (૩)
૧૦ ગરમી, ઘખારો (૩)
૧૨ ઇચ્છા, અભિલાષા (૩)
૧૩ રુદન, આક્રંદ (૩)
૧૪ પૂછનાર માણસ (૩)
૧૬ પ્રસંગ, ઘટના (૩)
૧૭ દરકાર, કાળજી (૩)
૧૮ તડ, ચીરો (૩)
૧૯ સંગીન, પોલું નહીં તેવું (૩)
૨૦ વિશ્વ, દુનિયા (૨)
૨૧ બચાવેલી રકમ (૩)
૨૩ ઉધરસ ખાતું, ખખળી ગયેલું (૩)
૨૪ મંડળ, તંત્ર (૨)
૨૬ કિંમત (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ૨ શિં | ૩ ગ | ણ | ■ | ■ | ૪ મ | ૫ દિ | ૬ રા | ૭ ક્ષી |
| ૮ ડ | ગ | ર | ■ | ૯ અ | ૯અ જ | ■ | ૧૦ ન | જ | ર |
| ■ | ડા | ■ | ૧૧ ખો | ડિ | યા | ૧૨ ર | ■ | વી | ■ |
| ૧૩ અ | ■ | ૧૪ અ | લ | ખ | ■ | ૧૫ મ | તિ | ■ | ૧૬ પ |
| ૧૭ લં | ૧૮ ગ | ડી | ■ | મ | ■ | ક્ષી | ■ | ૧૯ તા | ર |
| ૨૦ કા | જ | ■ | ૨૧ અ | ■ | ૨૨ અ | ■ | ૨૩ ત | બે | લો |
| ર | ■ | ૨૪ મો | લ | ■ | ૨૫ સં | ૨૬ પ | દા | ■ | ક |
| ■ | ૨૭ મુ | ■ | ૨૮ કા | ૨૯ ર | ગ | ત | ■ | ૩૦ પા | ■ |
| ૩૧ ઋ | ષ | ૩૨ ભ | ■ | ૩૩ ખ્યા | ત | ■ | ૩૪ સા | વ | ૩૫ જ |
| ૩૬ ચા | ક | ર | ડી | ■ | ■ | ૩૭ મ | ધુ | ક | ર |

## ઓળખાણ પડી?



એફટીઆઈઆઈમાં ગોલ્ડ મેડલ મેળવનારી અભિનેત્રીની ઓળખાણ પડી? અંગ્રેજી ફિલ્મ 'બ્લો હોટ બ્લો કોલ્ડ' પર આધારિત હિન્દી ફિલ્મમાં કામ કર્યું હતું.

અ) જયા પ્રદા
બ) પૂનમ ઢિલ્લો
ક) ઝરીના વહાબ
ડ) રાધા સલુજા

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

નવકેતન તેમજ અન્ય નિર્માણની ફિલ્મોમાં અભિનય કરનારા એવરગ્રીન દેવ આનંદની દિગ્દર્શક તરીકેની પ્રથમ ફિલ્મ કઈ હતી એ જણાવો.

અ) ચાર્જશીટ બ) હરે રામા હરે કૃષ્ણા ક) પ્રેમ પૂજારી ડ) લશ્કર

## માઈન્ડ ગેમ

આક્રમક પાત્રના પ્રભાવી ચિત્રણ માટે જાણીતા નાના પાટેકરે માધુરી દીક્ષિત સાથે સર્વ પ્રથમ વાર અભિનય કર્યો હતો એ ફિલ્મનું નામ જણાવો.

અ) અબોધ બ) અંકુશ ક) પ્રહાર ડ) વજૂદ

## સુડોકુ-૯૨૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૨ | | | | |
| ૬ | | ૯ | ૮ | | | ૧ | | |
| | | | | | ૯ | | ૭ | |
| ૨ | ૫ | | | | | ૯ | | |
| ૧ | | ૬ | | | | ૨ | | ૩ |
| | | ૮ | | | | | ૫ | ૧ |
| | ૩ | | ૯ | | | | | |
| | | ૭ | | | ૧ | ૬ | | ૯ |
| | | | | ૩ | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૯ | ૩ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૯ | ૭ | ૧ | ૨ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૫ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ | ૧ | ૮ | ૬ |
| ૮ | ૪ | ૧ | ૫ | ૬ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૬ | ૧ | ૮ | ૩ | ૯ | ૭ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૯ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| भुनगा | પતંગિયું |
| भुगतना | સહન કરવું |
| भुनना | શેકાવું |
| भुनाना | વટાવવું |
| भूषण | શણગાર |

**ગુજરાત મોરી મોરી રેઃ** જયંત દેસાઈ

**ઓળખાણ પડી?** સારા અર્જુન

**માઈન્ડ ગેમ :** બરસાત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** બોમ્બે ટુ ગોવા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) જયવંત પદમશી ચિખલ (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નૈશધ દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજીતા ખોના (૧૨)હર્ષા મહેતા (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) ભરત કજરીયા (૧૯) મહેન્દ્ર લોઢવિયા (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) શીરીન ઔરંગાબાદવાળા (૨૨) પ્રવીણ વોરા (૨૩) અરવિંદ કામદાર (૨૪) વીણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મહેશ સંઘવી (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) અલકા વાણી (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) ડાયના સંતોક (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) કિરીટ છેડા (૩૩) છેતના છેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯) ભાવના કર્વે (૪૦) દિપીકા દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) ડૉ. પ્રકાશ કટકીયા (૪૩) ધીરેન્દ્ર ઉદેશી (૪૪) મહેશ દોશી (૪૫) અબ્દુલ્લા એફ મુનામ (૪૬) કમલ મટાલીયા (૪૭) પ્રતીમા પમાની (૪૯) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૫૦) અંજુ ટોલીયા

ક્વિઝ (અ) ૧) પ્યાર કોઈ ખેલ નહીં ૨) પ્યાર તુને ક્યા કિયા ૩) પ્યાર કે સાઈડ ઇફેક્ટર્સ ૪) પ્યાર ઇશ્ક ઔર મહોબત ૫) પ્યાર મેં કભી કભી ૬) પ્યાર કિયા તો ડરના ક્યા ૭) પ્યાર કે નામ કુરબાન

ક્વિઝ (બ) ૧) સલમાન ખાન- હમ દિલ દેં ચુકે સનમ ૨) મહિપાલ - નવરંગ ૩) રાજેન્દ્ર કુમાર - આપ આયે બહાર આયી ૪) રાજ કુમાર- હીર રાંઝા ૫) રાજ કપૂર - મેરા નામ જોકર ૬) તારીક - હમ કિસી સે કમ નહીં ૭) અમિતાભ બચ્ચન - મુકદ્દર કા સિકંદર

## ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર

# મુખ્ય સૂત્રધાર શુભમ લોણકરના ઈશારે શસ્ત્રો પૂરાં પાડનારો આરોપી ઝડપાયો

### પાંચેય આરોપીને ૧૧ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જુહુ વિસ્તારમાં આવેલા નિવાસસ્થાને ગોળીબારના કેસમાં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ગુરુવારે વધુ એક આરોપીની ધરપકડ કરી હતી. પુણેના વારજે માળવાડી વિસ્તારમાં રહેનારા આરોપીની ઓળખ આસારામ શ્રીરંગ ફાસલે ઉર્ફે બાબુ (૪૨) તરીકે થઇ હોઇ તેણે મુખ્ય સૂત્રધાર શુભમ રામેશ્વર લોણકરના ઇશારે શસ્ત્રો પૂરાં પાડ્યાં હતાં, જે આ કેસમાં પકડાયેલા એક આરોપીના પુણેના ઘરેથી જપ્ત કરાયાં હતાં.

ક્રાઇમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ આસારામ ફાસલેની ધરપકડ કરતાં આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે પાંચ થઇ

(જુઓ પાનું ૪) ▶▶



**ગુનેગારઃ** ક્રાઈમ બ્રાન્ચે પુણેથી પાંચમા આરોપીની ધરપકડ કરી, ગોળીબાર કરનાર હજુ પણ ફરાર છે, આજે બધા આરોપીઓને કિલ્લા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ૧૧ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડી. (અમય ખરાડે)

## મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયરપદ માટે ઠાકરે ગ્રૂપ પણ ઉમેદવાર ઊભા રાખશે

મુંબઈઃ મુંબઈના મેયર કોણ બનશે તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે. ચૂંટણીમાં ભાજપ સૌથી વધુ નગરસેવકો સાથે મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો હોઈ મુંબઈમાં તેમના પક્ષનો મેયર બેસશે તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે પણ આગામી બુધવાર મૅયર પદની થઈ રહેલી ચૂંટણી માટે ઠાકરેની શિવસેના પણ ઉમેદવારીપત્રક દાખલ કરવાની હોવાનું જણાઈ આવ્યું છે. તેથી મૅયર અને ડેપ્યુટી મૅયર બિનવિરોધ ચૂંટાવવાને બદલે હવે

(જુઓ પાનું ૪) ▶▶

### ગોરેગાંવ-મુલુન્ડ લિંક રોડ પ્રોજેક્ટઃ

## જંગલ વિકસાવવા ૨૪ એકર જમીન ફાળવોઃ સુપ્રીમ કૉર્ટ

નવી દિલ્હીઃ ગોરેગાંવ-મુલુન્ડ લિંક રોડ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ૧૦૮૯ ઝાડ કાપવાના બદલામાં જંગલ વિકસાવવા મુંબઈ અથવા તેની આસપાસના વિસ્તારમાં વિકલ્પ તરીકે ૨૪ એકર જમીન શોધી કાઢવાનું સુપ્રીમ કોર્ટે ગુરુવારે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને જણાવ્યું હતું.

૧૭ નવેમ્બર ૨૦૨૫ના સુપ્રીમ કોર્ટે ગોરેગાંવ-મુલુન્ડ લિંક રોડ પ્રોજેક્ટના બીજા તબક્કામાં તાકીદને ધોરણે ઝાડ તોડવાની પરવાનગી આપવાનું બીએમસીની ટ્રી ઑથોરિટીને જણાવ્યું હતું.

જોકે કોર્ટે બદલામાં બીએમસીને આઠ અઠવાડિયામાં મુંબઈ અથવા તેની આસપાસના વિસ્તારમાં વિકલ્પ તરીકે ૨૪ એકર જમીનમાં વનીકરણ પૂરું કરવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને

(જુઓ પાનું ૪) ▶▶

# સુનેત્રા પવારનું નાયબ મુખ્ય પ્રધાનપદ જોખમમાં?

મુંબઈઃ અજિત પવારના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો, ત્યારે વિલીનીકરણની ચર્ચા કોણે અને શા માટે શરૂ કરી? એવો સવાલ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ કર્યો હતો. તટકરેએ એ પ્રશ્ન પણ પૂછ્યો હતો કે, વિલીનીકરણ અંગે અંતિમ સંસ્કાર પહેલા જ ઇન્ટરવ્યૂ આપવા પાછળનો ચોક્કસ હેતુ શું હતો?

તટકરેએ વધુમાં કહ્યું હતું કે, સુનેત્રા પવારે સીધા નાયબ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા, પરંતુ તેમ કરવાને બદલે, તેમણે બંધારણીય કારણોસર રાજ્યપ્રધાન અથવા કેબિનેટ પ્રધાન તરીકે શપથ લેવા જોઈતા હતા. કારણ કે નાયબ મુખ્ય પ્રધાન પદ બંધારણીય પદ નથી. તેથી, સામાજિક કાર્યકર અંજલિ દમણિયાએ દાવો કર્યો હતો કે સુનેત્રા પવારનું નાયબ મુખ્યપ્રધાન પદ જોખમમાં છે. આ બધી ચર્ચાઓ પર સુનીલ તટકરેએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, તકનીકી બાબતોની ચકાસણી કરવાની રાજકીય સમજ અમારામાં છે. છેલ્લાં ઘણાં વર્ષોના રાજકારણને કારણે અમને એટલું તો જ્ઞાન છે જ. કોણ શપથ લઈ શકે છે, જો કોઈ વ્યક્તિ સદસ્ય ન હોય તો પણ તે કેટલા સમય સુધી પદ પર રહી શકે છે; આ બાબતે ૧૯૯૧નું અજિત પવારનું ઉદાહરણ છે અને શરદ પવારનું પણ ઉદાહરણ છે, એમ સુનીલ તટકરેએ સ્પષ્ટ કર્યું હતું.

૨૦૧૯ માં જ અજિતની ઇચ્છા ભાજપ સાથે સ્થિર અને વિકાસશીલ સરકાર બનાવવાની હતી, એમ સુનીલ તટકરેએ જણાવ્યું હતું. આજે બધા લોકો વિલીનીકરણ અંગે ચર્ચા કરતા જોવા મળે છે. આ પ્રશ્ન પર બોલતા સુનીલ તટકરેએ કહ્યું કે હું આ વિષય પર વાત કરવા માગતો નથી, જે રીતે અલગ વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પ્રફુલ્લ પટેલ અને હું બંને ટીકાનું લક્ષ્ય બન્યા. તેથી, હું વાત કરવા માગતો નથી. ■



**સુરક્ષા સાથે સમાધાનઃ** મુંબઈમાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ શહેરના માળખાગત વિકાસને વેગ આપી રહ્યા છે, ત્યારે કામદારોની સલામતી પ્રત્યે ગંભીર અવગણના પ્રકાશમાં આવી રહી છે. ભાયખલામાં પુલના બાંધકામ સ્થળે, કામદારો પૂરતા સલામતી ઉપકરણો, રક્ષણાત્મક જાળી અથવા જરૂરી સાવચેતીઓ વિના પોતાનો જીવ જોખમમાં મૂકતા જોવા મળે છે. હેલ્મેટ, સલામતી પટ્ટા અને અન્ય મૂળભૂત રક્ષણાત્મક પગલાંનો અભાવ અકસ્માતનું મોટું જોખમ ઊભું કરે છે, જે ફરી એકવાર અધિકારીઓ અને સંબંધિત કોન્ટ્રાક્ટરોની બેદરકારીને ઉજાગર કરે છે. આ પરિસ્થિતિ શહેરના વિકાસ માટે અથાક મહેનત કરતા કામદારોના જીવનને પ્રાથમિકતા આપવાની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરે છે. (અમય ખરાડે)

## રાજકીય વિભાજન બાદ હવે પાલિકાના મુખ્યાલયની શિવસેનાની ઓફિસના ભાગલા

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી બાદ રાજકીય પક્ષોના જૂથનું રજિસ્ટ્રેશન બાદ હવે પાલિકાના મુખ્યાલયમાં પાર્ટી ઓફિસોની ફાળવણીને અંતિમ સ્વરૂપ આપવાનું કામ તેના અંતિમ તબક્કામાં છે. સંયુક્ત શિવસેનાના વિભાજન બાદ પાલિકાએ શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથ) અને શિવસેના (એકનાથ શિંદે જૂથ) બંનેને એક જ ઓફિસના બે ભાગ કરીને સમાવી લેવાનો નિર્ણય લીધો છે. ૨૦૧૭ની પાલિકાની ચૂંટણી પછી મૂળ સંયુક્ત શિવસેનાને ફાળવવામાં આવેલી આ ઓફિસને હવે બે શિવસેનાને વહેંચી આપવામાં આવશે. રાજકીય વિભાજન હવે ઓફિસનું વિભાજન થશે.

માર્ચ, ૨૦૨૨માં ચૂંટાયેલા નગરસેવકોનો કાર્યકાળ પૂરો થયા બાદ પાલિકાના મુખ્યાલયમાં રાજકીય પક્ષોની ગ્રાઉન્ડ ફ્લોર ઓફિસ સીલ કરી દેવામાં આવી હતી. નવી ચૂંટાયેલી કૉર્પોરેશન આવતા અઠવાડિયામાં પાલિકાનો કારભાર સંભાળવાની તૈયારીમાં છે ત્યારે પાલિકા રાજકીય પક્ષના જૂથ નેતા, વિરોધપક્ષ નેતા અને વૈધાનિક અને સ્પેશિયલ સમિતિના અધ્યક્ષોની ઓફિસોને અંતિમ સ્વરૂપ આપી રહી છે. શિવસેનાના વિભાજન અને ભાજપ સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવતા શહેરના રાજકીય સમીકરણમાં ફેરફાર થયો છે. સંયુક્ત શિવસેનાએ ૨૦૧૭માં ૮૪ બેઠકો જીતી હતી અને તેના સંખ્યાબળને આધારે ગ્રાઉન્ડ ફ્લોરમાં મોટી ઓફિસ મળી હતી. હવે જોકે આ વખતે શિવસેના (યુબીટી) અને શિંદેસેના બંનેને સમાવવા માટે એક જ ઓફિસના બે ભાગ કરવામાં આવવાના છે. ઓફિસ અને તેની આસપાસના વિસ્તારનું નવીનીકરણ અને સુશોભનનું કામ હાલ ચાલી રહ્યું છે તે માટે પાલિકા કમિશનરે ભંડોળ પણ મંજૂર કરી દીધું છે.■

## મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ૩૩ કલાક બાદ વાહનવ્યવહાર સામાન્ય

### પલટી ગયેલા ગેસ ટેન્કરને હેવી-ડ્યૂટી ક્રેનની મદદથી સ્થળ પરથી હટાવાયું

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખંડાલા ઘાટ સેક્શનમાં આડોશી ટનલ નજીક જ્વલનશીલ પ્રોપીલીન ગેસ વહન કરતું ટેન્કર ઊંધું વળી જવાથી સર્જાયેલો ટ્રાફિક જૅમ ૩૩ કલાક બાદ ગુરુવારે વહેલી સવારે સામાન્ય થયો હતો. અકસ્માતગ્રસ્ત ટેન્કરમાંથી ગેસ સુરક્ષિત બીજા ટેન્કરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને બાદમાં હેવી-ડ્યૂટી ક્રેનની મદદથી ટેન્કરને માર્ગ પરથી હટાવવામાં આવ્યું હતું, એમ અધિકારીએ કહ્યું હતું.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે આડોશી ટનલ નજીક ઊંધા વળેલા ગેસ ટેન્કરને માર્ગ પરથી હટાવવામાં આવ્યા બાદ બુધવારે મોડી રાતે ૧.૪૬ વાગ્યે મુંબઈ

(જુઓ પાનું ૪) ▶▶

### દેવેન્દ્ર ફડણવીસને અહેવાલ સુપરત કરાશે

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર થયેલા અકસ્માત સંદર્ભનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરીને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સુપરત કરવામાં આવશે, એમ પુણેના જિલ્લાધિકારી જિતેન્દ્ર ડુડીએ ગુરુવારે જણાવ્યું હતું. અહેવાલમાં અકસ્માત બાબતે તથા અકસ્માત રોકવા માટે કેટલીક એસઓપી તૈયાર કરવામાં આવી રહી છે, તેની પણ માહિતી આપવામાં આવશે. એક્સપ્રેસવે પર થનારા આવા અકસ્માત બાદ અમે આઠ કલાકની અંદર પ્રતિસાદ આપ્યો છે. આઠ કલાકથી વધુ સમય ક્યારેય લાગ્યો નહોતો. કમનસીબે ટનલ નજીક ઊંધા વળેલા ટેન્કરમાં જે ગેસ હતો તે જ્વલનશીલ હોવાથી અમને સમય લાગ્યો હતો. આવી ઘટના ફરી ન બને એ માટે અમે તકેદારી રાખી રહ્યા છીએ, એમ પણ તેમણે કહ્યું હતું. ■

### ટ્રાફિક જામનું કારણ સામે આવ્યું

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પરની વાહનવ્યવહાર આખરે ૩૨ કલાક પછી રાબેતા મુજબ શરૂ થયો. મુંબઈ અને પુણે જેવાં બે મોટાં શહેરો વચ્ચે વાહનોની ગતિ વધારવા માટે નેવુંના દાયકામાં મુંબઈ-પુણે એક્સપ્રેસ વે બનાવવામાં આવ્યો હતો. જોકે, એક અકસ્માતને કારણે આ એક્સપ્રેસ વેની ગતિ પર બ્રેક લાગી ગઈ હતી. આખરે ૩૨ કલાક બાદ મધરાતે બે વાગે પુણે-મુંબઈ હાઈવે પરની અવરજવર સામાન્ય થઈ હતી. હવે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર થયેલા આ ટ્રાફિક જામ પાછળનું ચોંકાવનારું કારણ સામે આવ્યું છે.

એવું સામે આવી રહ્યું છે કે પુણે-મુંબઈ એક્સપ્રેસ વે પરની ટ્રાફિક જામની સમસ્યા

(જુઓ પાનું ૪) ▶▶




**ભૂલ પડી ભારેઃ** દાદર પશ્ચિમમાં રસ્તાના નવીનીકરણના કામ દરમિયાન ખોટી ગણતરીને કારણે, ટેક્સી ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવ્યો અને ટેક્સી ખાડામાં પડી ગઈ, જેના પરિણામે અકસ્માત થયો. સદનસીબે, કોઈને ઈજા થઈ નથી.

## અંધેરીમાં દુકાનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી પૂર્વમાં આઘાડી નગર કોલોનીમાં જિજામાતા માર્ગ પર આવેલી એક દુકાન સહિત બહાર પાર્ક કરેલી કારમાં ગુરુવારે સવારના આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ અંધેરી પૂર્વમાં આઘાડી નગર કોલોનીમાં અંબિકા ટાવરની સામે એક દુકાન આવેલી છે. ગુરુવારે સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી. જોકે આ દરમ્યાન દુકાનમાં લાગેલી આગ બહાર પાર્ક કરેલી કારમાં પણ ફેલાઈ ગઈ હતી.

લગભગ પોણા કલાકમાં આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

## ઉદ્યોગપતિ આઠ કલાક ફસાયા બાદ હેલિકોપ્ટરમાં પુણે પાછા ફર્યા

પુણેઃ પુણે સ્થિત ઉદ્યોગપતિ સુધીર મહેતા મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ગેસ ટેન્કર પલટી જવાને કારણે થયેલા ભારે ટ્રાફિક જામને કારણે આઠ કલાક સુધી ફસાયેલા રહ્યા બાદ હેલિકોપ્ટર દ્વારા પુણે પાછા ફર્યા હતા. મંગળવારે સાંજે ટેન્કર અકસ્માત બાદ લોકો ૩૦ કલાકથી વધુ સમય સુધી એક્સપ્રેસ વે પર અટવાયા હતા.. વાહનમાંથી અત્યંત જ્વલનશીલ ગેસ ગળતર થવાથી સલામતીના કારણોસર વાહનોની આવન જાવન અટકાવી દેવામાં આવી હતી. પિનેકલ ઇન્ડસ્ટ્રીઝ અને ઈકેએ મોબિલિટીના ચેરમેન

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં સતત છઠ્ઠા વર્ષે માર્ગ અકસ્માતોમાં વધારો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સતત છઠ્ઠા વર્ષે માર્ગ અકસ્માતો અને તેમાં થતી ગંભીર ઈજાઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. જોકે સારી વાત એ છે કે મૃત્યુઆંકમાં નજીવો ઘટાડો થયો છે, એમ અધિકારીઓએ પરિવહન વિભાગના ૨૦૨૫ના કામચલાઉ અકસ્માત ડેટાના આંકડા ટાંકીને જણાવ્યું હતું.

અહેવાલ મુજબ, રાજ્યમાં ૨૦૨૫ માં કડક અમલીકરણ છતાં ૩૬,૪૫૦ માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જ્યારે ગંભીર

(જુઓ પાનું ૪) ▶▶

## સરકાર આમાંથી બોધપાઠ લેશે ખરીઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ ગુરુવારે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર થયેલા ૩૩ કલાકના ટ્રાફિક જામ બદલ રાજ્ય સરકાર પર તીવ્ર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે સરકારે આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે, પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે શું આવી તપાસમાંથી નીકળેલા નિષ્કર્ષ પરથી સરકાર કોઈ બોધપાઠ લેશે ખરી?

એક્સપ્રેસ વે પર આપત્તિજનક પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારીનો અભાવ અને ગુણવત્તાની જાળવણી અંગે નારાજગી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે માર્ગ પર ટોલ વસૂલીનું કામ તાત્કાલિક અને કાર્યક્ષમ રીતે કરવામાં આવે છે. ટ્રાફિક જામના આ સમયગાળા દરમિયાન વસૂલવામાં આવેલો ટોલ વાહનચાલકોને પરત કરવામાં આવે અને આવા કિસ્સાઓ ટાળવા માટે એક એક્શન પ્લાનની માગણી પણ રાજ ઠાકરેએ કરી હતી.

મંગળવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ ઘાટ વિસ્તારમાં આડોશી ટનલ પાસે અત્યંત જ્વલનશીલ ગેસ લઈ જતું એક ટેન્કર પલટી જતાં એક્સપ્રેસ વે પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. ભારે ટ્રાફિક જામ દરમિયાન લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં ગરમી અને ઉકળાટઃ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા અઠવાડિયાથી મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં વધારો થવાથી ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. લઘુતમ તાપમાનનો પારો ઉપર-નીચે થઈ રહ્યો છે ત્યારે હજી ફેબ્રુઆરી શરૂ થયો છે અને તાપમાનનો પારો ઊંચો નોંધાયો છે. બુધવાર બાદ ગુરુવારે સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની ઉપર નોંધાયું હતું. હવામાન ખાતાએ મુંબઈ સહિત કોંકણમાં પારો હજી ઉપર જવાની શક્યતા વ્યક્ત કરી છે. તેથી આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ હજી વધવાની શક્યતા છે.

મુંબઈમાં બુધવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી જેટલું નોંધાયું હતું, જે સામાન્ય તાપમાન કરતા ૩.૪ ડિગ્રી વધુ હતું. તેથી બુધવારના દિવસ ચાલુ મોસમનું અત્યાર સુધીનું સૌથી ઊંચુ તાપમાન નોંધાયા બાદ ગુરુવારે તેમાં હજી વધારો નોંધાયો હતો. ગુરુવારે સાંતાક્રુઝમા મહત્તમ તાપમાન ૩૫.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૮ અને લઘુતમ તાપમાન ૨૨.૯ ડિગ્રી નોંધાયું હતું. દિવસના ૩૫.૧ ડિગ્રી તાપમાન સાથે ચાલુ મોસમનો ફેબ્રુઆરીનો અત્યાર સુધીનો સૌથી વધુ ગરમ દિવસ રહ્યો હતો. ■

## હાઇ કોર્ટે ગેન્ગસ્ટર અબુ સાલેમને પેરોલ આપવાનો ઇનકાર કર્યો

મુંબઈઃ જેલમાં બંધ ગેન્ગસ્ટર અબુ સાલેમે પોલીસ એસ્કોર્ટ ચાર્જ ચૂકવવામાં અસમર્થતા દાખવ્યા બાદ બોમ્બે હાઇ કોર્ટે ગુરુવારે સાલેમની પેરોલ માટેની અરજી ફગાવી દીધી હતી. ૧૯૯૩ના મુંબઈના બોમ્બબ્લાસ્ટ કેસમાં પચીસ વર્ષની સજા ભોગવી રહેલા સાલેમે તેના ભાઇ અબુ હકીમ અન્સારીના મૃત્યુને પગલે ઉત્તર પ્રદેશના પોતાના વતન જવા ઇમર્જન્સી પેરોલ માટે અરજી કરી હતી. રાજ્ય જેલ સત્તાવાળાઓ દ્વારા નિર્ધારિત હાઇ સિક્યુરિટી એસ્કોર્ટ ચાર્જ ચૂકવવામાં પોતાનો અસીલ અસમર્થ હોવાનું સાલેમના વકીલે જણાવ્યા બાદ જસ્ટિસ અજય ગડકરી અને શ્યામ ચાંડકની ડિવિઝન બેન્ચે સાલેમની અરજી ફગાવી દીધી હતી.

અગાઉની સુનાવણીમાં સાલેમના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે પોલીસ એસ્કોર્ટ ચાર્જ માટે સાલેમ એક લાખ રૂપિયાથી વધુ ચૂકવી શકશે નહીં. હાઇ કોર્ટે બાદમાં મૌખિક ટીપ્પણી કરી હતી કે સાલેમ 'સોદાબાજી' નહીં કરી શકે અને જો તે જવા માગતો હોય તો ચાર્જ ચૂકવવો પડશે. સામેલના ભાઇ અબુ હકીમ અન્સારીનું નવેમ્બરમાં અવસાન થયું હોવાથી તેણે ડિસેમ્બર, ૨૦૨૫માં પેરોલ માટે અરજી કરી હતી. (પીટીઆઇ)■

## પાલિકાની પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો સામે લાલ આંખ

### નાણાકીય વર્ષમાં લક્ષ્યાંકનો ૭૩ ટકા ટેક્સ વસૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રોપર્ટી ટેક્સની આવક વધારવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ નવા કરપાત્ર એકમનો કરવેરાના માળખા હેઠળ લાવવા માટે પ્રોપર્ટી ટેક્સ એરિયા, તેનો ઉપયોગ અને માલિકીના રેકોર્ડ અપડેટ કરી રહી છે. અધિકારીઓને વોર્ડ સ્તરે મુખ્ય ડિફોલ્ટરોને ઓળખવા અને તેમના પર ધ્યાન રાખવા અને લાંબા સમયથી બાકી રહેલા લેણાં સામે ખાસ ઝુંબેશ શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેમાં નોટિસ, દંડ, વ્યાજ અને જરૂર પડે ત્યાં મિલકતની જપ્તિ અને હરાજીનો સમાવેશ થાય છે. ગુરુવારે પાલિકા મુખ્યાલય ખાતે સમીક્ષા બેઠકમાં આ નિર્દેશ બહાર પાડવામાં આવ્યા હતા.

પ્રોપર્ટી ટેક્સ એ પાલિકાની આવકનો મુખ્ય સ્રો છે પણ ૨૦૧૦થી ટેક્સની બાકી રહેલી રકમ ૨૨,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જેમાં છેલ્લા ૧૫ વર્ષની દંડની રકમનો પણ સમાવેશ થાય છે. મુંબઈમાં ૫૦૦ ચોરસ ફૂટ સુધીના રહેણાંક એકમોને ટેક્સમાં રાહત અને ૨૦૧૫-૧૬થી ટેક્સ રિવિઝનના અભાવને કારણે તાજેતરના વર્ષોમાં કર વસૂલાતમાં ઘટાડો થયો છે. નવી કર ગણતરી પદ્ધતિઓ સામે કાયદાકીય પડકારોએ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં વસૂલીમાં ઘટાડો થયો છે.

પહેલી એપ્રિલ, ૨૦૨૫થી ચાર ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન પાલિકએ ૫,૪૨૬,.૮૧ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કર્યો છે. ■

# વૈશ્વિક નરમાઈ અને નફારૂપી વેચવાલીના દબાણે સેન્સેક્સના ત્રણ સત્રના સુધારાને બ્રેક, ૫૦૪ પૉઈન્ટ તૂટ્યો, નિફ્ટીમાં ૧૩૩ પૉઈન્ટની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા સાથેની ટ્રેડ ડીલના પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ત્રણ સત્ર દરમિયાન જોવા મળેલા સુધારા પશ્ચાત્ આજે ખાસ કરીને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને પગલે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સુધારાને બ્રેક લાગી હતી અને બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૫૦૩.૭૬ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૩૩.૨૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. વધુમાં રોકાણકારોની નજર આવતીકાલે સમાપન થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનૅટરી પૉલિસી કમિટીની બેઠક પર હોવાને કારણે બજારમાં અમુક અંશે સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હતું.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૩,૮૧૭.૬૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩,૭૫૭.૫૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩,૧૫૧.૬૨ અને ઉપરમાં ૮૩,૭૮૪.૧૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૬૦ ટકા અથવા તો ૫૦૩.૭૬ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૩,૩૧૩.૯૩ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૭૭૬ના બંધ સામે ઘટીને ૨૫,૭૫૫.૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૫૭૯.૫૦ અને ઉપરમાં ૨૫,૭૫૭.૬૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૫૨ ટકા અથવા તો ૧૩૩.૨૦ પૉઈન્ટ ઘટીને ૨૫,૬૪૨.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે ૪૩૪૨ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૭૩૭ શૅરના ભાવ વધીને, ૨૪૪૭ શૅરના ભાવ ઘટીને અને ૧૫૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૭૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી અને ૯૪ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે છ શૅરમાં ઉપલી અને આઠ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી.

એકંદરે સ્થાનિક બજારમાં અમેરિકા સાથેની ટ્રેડ ડીલના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સતત ત્રણ સત્ર સુધી સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે વિશ્વ બજારમાં અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવને કારણે નરમાઈનું વલણ રહેતાં સ્થાનિકમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેવાની સાથે કોન્સોલિડેશન જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છેકે ગઈકાલે અમેરિકી બજારમાં નાસ્ડેક્માં ૧૫૧ પૉઈન્ટનો અને એસ ઍન્ડ પી ૫૦૦માં ૦.૫૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ડાઉ જોન્સમાં ૦.૫૩ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે બજાર વર્તુળોની નજર




આવતીકાલે સમાપન થનારી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનૅટરી પૉલિસી કમિટીની બેઠકની ફળશ્રુતિ પર સ્થિર થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભારતીય ઈક્વિટી માર્કેટ આજે સ્થાનિક સ્તરના તેજીતરફી પરિબળોનો અભાવ અને રિઝર્વ બૅન્કની બેઠકને કારણે સાવચેતીના અભિગમ વચ્ચે બજાર તેજી સાથે તાલ જાળવી ન શકી હોવાનું ઓનલાઈન વૅલ્થ ટૅક કંપની એન્રીચ મનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પોન્મુડીએ જણાવતા ઉમેર્યું હતું કે બજાર વર્તુળો વૈશ્વિક બજારમાં થઈ રહેલા ફેરફારો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના પ્રવાહના વલણ અને અમેરિકા-ભારત વચ્ચે થયેલી ટ્રેડ ડીલની સ્પષ્ટતાઓ પર નજર રાખી રહ્યા છે, જેથી ભવિષ્યના સચોટ નિર્ણય લઈ શકાય.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ચાર શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં ટ્રેન્ટમાં ૨.૯૫ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૨૩ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૫૦ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૦.૧૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ઈટર્નલમાં ૨.૫૦ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૬૫ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૪૨ ટકાનો, આઈટીસીમાં ૧.૧૫ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૦૫ ટકાનો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૦.૯૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મેટલ ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૮૮ ટકાનો, બીએઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૬ ટકાનો અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે માત્ર પીએસયુ બૅન્ક ઈન્ડેક્સ તથા ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં જ સુધારાતરી વલણ જોવા મળ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પીમાં અંદાજે ચાર ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ જાપાનના નિક્કી ૨૨૫માં અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં પણ નરમાઈનું વલણ હતું અને માત્ર હૉંગકૉંગના હૅંગસૅંગમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ આજે યુરોપનાં બજારોમાં પણ મધ્ય સત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હતું.

વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩૨ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા વધીને ૯૭.૯૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના સુધારા સાથે ૯૦.૩૪ના મથાળે બંધ રહ્યો હોવાના અહેવાલ હતા.

# એપ્રિલથી ડિસેમ્બરમાં પાવર ક્ષેત્ર માટે કોલસાની આયાત ૫૪ ટકા ઘટી

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર સુધીનાં નવ મહિનાના સમયગાળામાં દેશનાં પાવર ક્ષેત્રમાં સ્થાનિક કોલસા સાથે મિશ્રિત થતાં કોલસાની આયાત ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૫૪ ટકા ઘટી હોવાથી ઊંચા ઈનપૂટ્સ ખર્ચનો સામનો કરી રહેલા સ્થાનિક કોલસા આધારિત પાવરના એકમોને નોંધપાત્ર માત્રામાં રાહત થઈ હોવાનું તાજેતરમાં સરકારે જણાવ્યું હતું. તાજેતરમાં લોકસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કોલસા અને ખાણ ખાતાના પ્રધાન જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પાવર ક્ષેત્રમાં મિશ્રણ માટેનાં કોલસાની આયાત આગલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નાં ૩.૫૧૦ કરોડ ટન સામે ઘટીને ૧.૪૦૨ કરોડ ટનની સપાટીએ રહી હતી. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બર સુધીની કોલસાની આયાત આગલા વર્ષના સમાનગાળાના ૧.૨ કરોડ ટન સામે ૫૪ ટકા ઘટીને ૫૫ લાખ ટનની સપાટીએ રહી હતી. આમ આયાત ઘટવાને કારણે સ્થાનિકમાં કોલસા આધારિત પાવર ક્ષેત્રના એકમોના ઈનપૂટ ખર્ચમાં ઘટાડો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની કોલસાની આયાત વર્ષ ૨૦૨૩-૨૪નાં ૨૬.૪૫૩ કરોડ ટન સામે ઘટીને ૨૪.૩૬૨ કરોડ ટનના સ્તરે રહેતા દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં અંદાજે રૂ. ૬૦,૬૮૧.૬૭ કરોડનો ઘટાડો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે કૉલ ઈન્ડિયા લિ. જે દેશનાં કોલસાના કુલ ઉત્પાદનમાં ૮૦ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે તેણે સ્થાનિકમાં કોલસાના ઉત્પાદનમાં વધારો કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. જેમાં ખાસ કરીને તેની ભૂગર્ભ ખાણોમાં નવી અને અદ્યતન માસ પ્રોડક્શન ટેક્નોલૉજી અપનાવી છે અને જ્યાં શક્ય હોય ત્યાં ખાણીયાઓ, લૉંગવૉલ અને હાઈવૉલનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, તેની ઓપન કાસ્ટ ખાણોમાં ઉચ્ચ ક્ષમતાવાળા ખોદકામ કરનારા અને ડમ્પરમાં અત્યાધુનિક ટેક્નોલૉજી છે. તેમ જ ઓપન કાસ્ટ ખાણોમાં ભારે અર્થ મૂવિંગ મશીનરીનું સ્ટાન્ડર્ડાઈઝેશન કરવામાં આવ્યું છે. ઓપન કાસ્ટ ખાણોમાં પર્યાવરણ સાનુકૂળલક્ષી ખનન માટે કાર્યક્ષમ ખાણિયાઓ તૈનાત કરવામાં આવે છે. તેમ જ તેની સાત મેગા ખાણોમાં પ્રધાન્યતા સાથે ડિજિટલ ટ્રાન્ફોર્મેશન લાગુ કરવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલથી ટેક્સ્ટાઈલ ક્ષેત્રમાં માગ પ્રોત્સાહિત થશે: સીએઆઈ

મુંબઈ: ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ જતાં હવે ભારતીય ટેક્સ્ટાઈલ પર ૧૮ ટકા ટૅરિફ અમલી થયાના અહેવાલને સમગ્ર રૂ ઉદ્યોગ અને વેપારી આલમે આવકાર્યો હોવાનું કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ એક યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે દ્વીપક્ષીય વેપારના સંદર્ભમાં આ એક સકારાત્મક અને દુરંદેશીભર્યું કદમ છે જેનો બન્ને દેશોને લાભ થશે અને પારસ્પારિક સંબંધો પણ મજબૂત થશે, એમ કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ એક યાદીમાં જણાવ્યું છે. એસોસિયેશનના પ્રમુખ વિનય કોટકે યાદીમાં જણાવ્યું હતું કે ભારતીય ટેક્સ્ટાઈલ માટે અમેરિકા એક મોટો અને મહત્ત્વનો ભાગીદાર દેશ છે અને લાંબાગાળાની વેપાર યોજના, સ્પર્ધાત્મકતા અને ભારત અને અમેરિકા વચ્ચે સઘન સહકાર માટે સ્થિર વેપાર નીતિની આવશ્યકતા છે. અમેરિકાએ ભારતથી આયાત થતી ચીજો પરની ટૅરિફ જે ૫૦ ટકા હતી તે ઘટાડીને ૧૮ ટકા કરતાં ભારતીય ઉત્પાદનો પરનું ભાવલક્ષી દબાણ હળવું થશે.

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

ગુજરાતની ખાંડ મિલો પર શેરડીનું પિલાણ વહેલાસર બંધ થાય તેવી શક્યતા હાલમાં બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ સ્થાનિક ઔદ્યોગિક સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશને વર્તમાન મોસમમાં ગુજરાતમાં ખાંડનું ઉત્પાદન આગલી મોસમના નવ લાખ ટન સામે ૧૩ ટકા ઘટીને ૭.૮ લાખ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો હતો.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૫થી ૩૮૪૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૫થી ૩૯૪૫માં થયાના અહેવાલ હતા.

# ક્રૂડ તેલના ભાવ ઘટતાં રૂપિયો ૧૩ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે આજે ક્રૂડ તેલ સહિતની અન્ય કૉમૉડિટીના ભાવમાં જોવા મળેલા ઘટાડા ઉપરાંત અમેરિકા સાથેની ટ્રેડ ડીલને ટેકે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા મજબૂત થઈને ૯૦.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આવતીકાલે સમાપન થનારી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનેટરી પૉલિસી કમિટીની બેઠકની ફળશ્રુતિને ધ્યાનમાં લેતા અમુક ટ્રેડરોએ સાવચેતીનું વલણ પણ અપનાવ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. અમેરિકા સાથેની ટ્રેડ ડીલના પ્રોત્સાહક અહેવાલ બાદ હવે ટ્રેડરોની નજર અંતિમ કરારની વિગતવાર માહિતી પર મંડાઈ હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૪૭ના બંધ સામે સાધારણ નરમાઈના વલણ સાથે ૯૦.૫૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૫૩ અને ઉપરમાં ૯૦.૦૬ સુધી મજબૂત થયા બાદ અંતે




ગઈકાલના બંધ સામે ૧૩ પૈસાના સુધારા સાથે ૯૦.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ટ્રેડ ડીલના નિર્દેશોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ક્રૂડ તેલમાં ભાવવધારો અને અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦થી ૯૦.૫૦ આસપાસની રેન્જમાં રહે તેમ જણાય છે. આવતીકાલે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનેટરી પૉલિસીની બેઠક સમાપન થશે અને ગત ફેબ્રુઆરી અને મે મહિનાની બેઠકમાં રિપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હોવાથી આ બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવામાં એવી ધારણા નિષ્ણાતો મૂકી રહ્યા છે. તેમ છતાં અમુક વર્ગનું માનવું છે કે ધિરાણ ખર્ચ ઘટાડવા માટે રિઝર્વ બૅન્ક હજુ વ્યાજદરમાં કાપ મૂકશે. આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૩ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૨૯.૭૯ કરોડની ચોખ્ખી લેવાલી રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૦૩.૭૬ પૉઈન્ટનો અને ૧૩૩.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા વધીને ૯૭.૯૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# પાંખાં કામકાજો વચ્ચે સોયા રિફાઈન્ડ અને સરસવમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં સતત બીજા સત્રમાં સુધારો આગળ ધપતાં વધુ ૧૧૭ સેન્ટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવના ભાવ પણ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.



દરમિયાન આજે સરકારે આયાત માટેના આંતરરાષ્ટ્રીય વિનિમય દર જે ૯૧.૨૦ હતા તે વધારીને ૯૧.૩૫ નિર્ધારિત કર્યા હોવાથી અસરકારક જકાતમાં વધારો થયો છે, જેમાં ટનદીઠ ક્રૂડ પામતેલની જકાત રૂ. ૨૬.૩૮ વધીને રૂ. ૧૬,૦૬૭.૫૫, ઓલિનની જકાત રૂ. ૫૮.૦૨ વધીને રૂ. ૩૫,૩૩૫.૫૫ અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની જકાત રૂ. ૨૯.૩૫ વધીને રૂ. ૧૭,૮૭૬.૨૮ની સપાટીએ રહી હતી.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૩૩૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦ તથા રિલાયન્સ કન્ઝ્યુમર પ્રા. લિના સોયા રિફાઈન્ડના માર્ચ અને એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦ અને એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.


વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૭૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૮,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૪૯૦માં અને રૂ. ૧૪૦૦થી ૧૫૨૦માં થયા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગ જળવાઈ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યા હતા.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ટીન, નિકલ, કોપરમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરનાં સ્ટોકમાં થઈ રહેલા વધારાની સામે અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગ મર્યાદિત રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ટનદીઠ ૧૩,૦૦૦ ડૉલરની અંદર ઉતરીને ૧૨,૯૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. તેમ જ કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, નિકલ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૮૭ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચાર વધી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૮૭ ઘટીને રૂ. ૪૬૧૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૪૮ ઘટીને રૂ. ૧૨૫૨, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૬ ઘટીને રૂ. ૧૧૯૯, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૨૧૦, કોપર આર્મિચર અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બાવીસ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૦ અને રૂ. ૧૫૮૮ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૧૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૩૧૨, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૩૨૩ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૭૩૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪૦ અને રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા.



આગામી દિવસોમાં રજૂ થનારા ગુજરાતના બજેટમાં પગાર વધારાની જાહેરાત કરવામાં આવે તે માગ સહિત અન્ય ૧૭ માગણીઓ સાથે રાજકોટમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનોએ કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું. ૧૨મીએ નવા મજૂર કાયદાના વિરોધમાં જાહેર કરાયેલી દેશવ્યાપી હડતાળમાં આંગણવાડી બહેનોએ પણ જોડાવાની જાહેરાત કરી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# મહાશિવરાત્રીના મેળામાં સાધુ-સંતોના સામૈયામાં પ્રથમવાર ‘ડમરુ યાત્રા’ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના સિદ્ધ ક્ષેત્ર સમાન ભવનાથમાં મહાશિવરાત્રીના મેળાનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ જળવાઈ રહે તે રીતે અને આ મહામેળાની શાનમાં વધારો કરવા પ્રથમ વાર ભવ્ય ડમરુ યાત્રા યોજાશે, આ ડમરુ યાત્રામાં મેળામાં પધારેલા સાધુ સંતોનું સ્વાગત કરવામાં આવશે. જેમાં જૂનાગઢના સર્વ સમાજના લોકો જોડાશે, સાથે જ સર્વ સમાજની દીકરીઓ માથે કળશ લઇ સાધુ-સંતોનું વિશેષ સ્વાગત કરશે.

આ ડમરુ યાત્રા સંદર્ભે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી, આ બેઠકમાં મેયર, ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાશિવરાત્રીના પ્રથમ દિવસે તા.૧૧મી ફેબ્રુઆરીએ સાંજના ૭ કલાકે ભવનાથ પ્રવેશ દ્વારથી શ્રી ભવનાથ મંદિર સુધીની ડમરુ યાત્રા યોજાશે, ત્યારબાદ ભવનાથ મંદિર ખાતે મહાઆરતી અને ત્યાર પછી ધર્મસભા યોજાશે.


(જૂનાગઢ-હરેશ સોની)

આ બેઠકમાં કે.વી. બાટીએ ડમરુ યાત્રાની રૂપરેખા આપી હતી.

ધારાસભ્ય સંજય કોરડીયાએ જણાવ્યું હતું કે, જે રીતે અન્ય ધાર્મિક આધ્યાત્મિક મેળાઓમાં સાધુ સંતોની નગર પ્રવેશની જે યાત્રા યોજાય છે તેવી જ રીતે જૂનાગઢમાં સાધુ સંતોના સ્વાગત માટે ભવ્ય ડમરુ યાત્રા યોજાશે, ત્યારે જૂનાગઢના આંગણે આ મહામેળામાં સર્વ સમાજના લોકો સાધુ સંતોના સન્માન માટે જોડાશે. તેમણે સર્વ સમાજના આગેવાનોને મહાશિવરાત્રી મેળામાં યોજાનાર ડમરુ યાત્રામાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો, સાથે જ વ્યવસ્થાઓમાં જરૂરી સહયોગ કરવા પણ અપીલ કરી હતી.■

# કંડલા સેઝમાં યુઝડ કલોથના વ્યવસાયમાં ગુડગાંવના વેપારી સાથે ૨૩.૭૨ કરોડની છેતરપિંડીથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હરિયાણાના ગુડગાંવના જાણીતા વ્યવસાયી સાથે કચ્છના કંડલા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાંના યુઝડ ક્લોથના વ્યવસાય સાથે સંકળાવેલી બે કંપનીના માલિકોએ રૂ. ૨૩.૯૨ કરોડની ઠગાઈ કરી હોવાની ગાંધીધામના બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ દાખલ થતાં ભારે ચકચાર પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુડગાંવમાં રહેનાર ૪૮ વર્ષિય જશનપ્રીતસિંહ બ્રારે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૯માં વિશ્વભરના ફેલાયેલી કોરોના મહામારી વખતે અમેરિકા-યુરોપથી યુઝડ ક્લોથ આયાત કરી, તેના સોર્ટિંગ અને રીસાયકિંલગનો બેંગકોકમાં વ્યવસાય કરનાર તેનો મિત્ર ગુરવિન્દરસિંહ નાણાંભીડમાં ફસાયો હોઈ તેણે રૂ. ૩૨.૫૦ લાખ રૂપિયા માંગ્યા હતા અને નાણાંના બદલામાં તેની પ્રિસ્ટિન ગ્લોબલ કંપનીના ૫૫ ટકા શેર આપવાનો વાયદો આપ્યો હતો. અલબત્ત મિત્રને પૈસા આપ્યા નહોતા પરંતુ તેના યુઝડ ક્લોથની આયાત અને તેના રીસાયકિંલગના વ્યવસાયમાં રસ પડતાં ગુરવિન્દર સાથે ગુડગાવમાં ‘ભેટ કોર્પ ઈન્ડિયા પ્રા.લિ’ નામની કંપની સ્થાપી હતી અને આંતરરાષ્ટ્રીય વ્યવસાય માટે સરળતા રહે તે માટે બેટ ઈન્ટર કોન્ટિનેન્ટલ કોર્પોરેશન નામની બ્રાન્ચ શરૂ કરી જેમાં બંને ડાયરેક્ટર અને શેર હોલ્ડર હતા.

ત્યારબાદ કચ્છના કંડલા સેઝ ખાતે ઈમ્પોર્ટેડ યુઝડ ક્લોથનો નફાકારક વ્યવસાય ચાલતો હોઈ તેઓએ અહીં યુઝડ ક્લોથ ઈમ્પોર્ટ કરતા ત્રણ એકમો જિન્દાલ ફાઈબર્સ, યુએસ ક્લોથીંગ અને ટેક્સપોલી ઈમ્પેક્સ સાથે ટાઇઅપ કરીને વેપારનો પ્રારંભ કર્યો હતો. કંપની કન્ટેઈનરો મારફતે કાસેઝના ત્રણે યુનિટને યુઝડ ક્લોથનો માલ પહોંચાડતી હતી, જોકે કોઈ કારણોસર જિન્દાલ ફાઇબર્સનું લાયસન્સ રદ થઈ જતાં બાકી બચેલી બે કંપનીઓ સાથે તેમનો વ્યવસાય ચાલું રહ્યો હતો.

ગત નવેમ્બર ૨૦૨૫માં ફરિયાદીએ કંપનીના હિસાબો ચેક કરતાં યુએસ ક્લોલિંગ અને ટેક્સપલી ઈમ્પેક્સ જોડેના વેપારમાં મોટી આર્થિક ગરબડો હોવાનું ધ્યાને ચઢ્યું હતું. હનીફ મોહમ્મદ તલ્લુની કંપની યુએસ ક્લોધિંગ કંપનીએ ૬૭ કન્ટેઈનર મોકલાવ્યા જેમાં ચોપડાં પર માલની કિંમત માત્ર ૩ કરોડ ૫૨ લાખ દર્શાવી હતી, જયારે જિન્દાલ ફાઈબર્સને તેમની કંપનીએ મોકલેલાં ૩૬ કન્ટેઈનર્સના માલનું મૂલ્ય ૩.૧૭ કરોડ દર્શાવાયું હતું. શંકા જતા ગહન તપાસ કરતાં બહાર આવ્યું હતું કે, તેમની કંપનીને વિદેશમાં સામાન ખરીદવા માટે ફરિયાદીની કંપનીના એકાઉન્ટમાંથી બે વખત ટુકડે ટુકડે કુલ ૫૬.૯૨ લાખ રૂપિયા આપ્યા હતા પરંતુ નાણાં અને માલ પરત આવ્યો નહિ. ટેક્સપલી ઈમ્પેક્સ કંપનીમાં ફરિયાદીની કંપનીએ ૯૬ લાખનું રોકાણ કર્યું પણ તેની સામે કંપનીને કેવળ ૩૬ લાખ પરત મળ્યા અને ૬૦ લાખ પરત ન મળ્યા. ટેક્સપોલી કંપનીએ એટૂઝેડ કંપનીના ખોટાં સહી સિક્કાવાળા બિલ મારફતે ૧૯.૪૪ લાખ રૂપિયા જમા કરાવીને ત્રિપુટીએ ઠગાઈના હેતુથી માલનું અંડરવેલ્યુએશન દર્શાવી રૂપિયા મેળવી લીધા હતા અને પરત માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ત્રણ આરોપી પૈકીનો એક મોહમ્મદ રફિક લાલ મોહમ્મદ બારા અગાઉ ઓગસ્ટ ૨૦૧૬માં ગાંધીધામમાં ખંડણીના હેતુથી બંદૂકના નાળચે ઠાર મરાયેલા સચિન ઊર્ફે મૃત્યુંજય ધવનના હત્યા કેસમાં આરોપી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છના ચર્ચાસ્પદ ‘તેલગી નેપ્થા કાંડ’ના બે આરોપીઓને સીબીઆઈ કોર્ટે બે વર્ષની કેદની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી જિલ્લા કચ્છના મુંદરા અદાણી બંદર તથા કંડલા પોર્ટ પરથી ઔદ્યોગિક વપરાશ માટે આયાત કરાયેલાં અત્યંત જ્વલનશીલ નેપ્થા નામના રસાયણને ગેરકાયદેસર રીતે બારોબાર સગેવગે કરવાના જે-તે સમયે ભારે ચકચારી બનેલા કેસમાં મુંબઈની સ્પેશિયલ નામદાર અદાલતે મનોજ રમેશ મહેતા અને નરેશ મેઘરાજ નાગરાણી નામના આરોપીઓને તકસીરવાન ઠેરવીને બે વર્ષની કેદની સજા ફટકારી છે, જ્યારે અન્ય આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂક્યા છે.

સીબીઆઈની આર્થિક ગુના શાખા દ્વારા નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ 'હાઈ-સી સેલ એગ્રીમેન્ટ' હેઠળ મુંદરા અને કંડલા બંદર પર નેપ્થાની આયાત કરી હતી.

ક્રૂડ ઓઈલમાંથી મળતાં પેટ્રોકેમિકલ પ્રોડક્ટ નેપ્થાનો ઉપયોગ માત્ર ઉદ્યોગોમાં કાચા માલ તરીકે થઈ શકે છે વાહનોમાં ઈંધણ તરીકે તેનો ઉપયોગ કાયદાકીય રીતે પ્રતિબંધિત હોવા છતાં, આરોપીઓની ટોળકીએ આશરે ૫૦૦ મેટ્રિક ટન નેપ્થા ઉદ્યોગોમાં વાપરવાને બદલે કાળાબજારમાં પેટ્રોલ પંપો અને કેમિકલ યુનિટોમાં ઈંધણમાં ભેળસેળ માટે વેચી દીધું હતું. આ દેશવ્યાપી ષડયંત્ર બહાર આવ્યા બાદ હાથ ધરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપીઓએ કર્ણાટક, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ અને ઓડિશાની કંપનીઓના નામે ખોટા ‘એન્ડ-યુઝ સર્ટિફિકેટ’ બનાવ્યા હતા અને નેપ્થાને પ્રોસેસ કરીને સોલ્વન્ટ બનાવી દીધું છે તેવું કાગળ પર દર્શાવવા માટે બનાવટી ટ્રાન્સપોર્ટ બિલ્સ અને નકલી પરચેઝ ઓર્ડરનો ઉપયોગ કર્યો હતો.

આ કેસમાં કુખ્યાત અબ્દુલ કરીમ તેલગી (પ્રોપ્રાઈટર, મેસર્સ મેટ્રો એક્સપોર્ટ્સ) સહિત કુલ ૧૪ આરોપી તરીકે દર્શાવાયા હતા. જેમાં થાના પોલીઓર્ગેનિક્સ પ્રા.લિ.ના ડિરેક્ટરો, ટ્રાન્સપોર્ટર્સ અને દલાલોની મિલીભગત હતી.

નેપ્થા સસ્તું હોવાથી અમુક પેટ્રોલ પંપના માલિકો તેને પેટ્રોલમાં ભેળવી દેતા હતા. આ મિશ્રણ વાહનોના એન્જિનને કાયમી નુકસાન પહોંચાડે છે અને તે અત્યંત જ્વલનશીલ હોવાથી આગ લાગવાનું જોખમ અનેકગણું વધારી દે છે તેવું નામદાર અદાલતે અવલોકનમાં નોંધ્યું હતું. ■

# અમરેલીના ઝાંઝરીયા અને જૂના બાદનપુર ગામની ‘આદર્શ ગ્રામ યોજના’માં પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજનાના ઘટક પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઝાંઝરીયા અને કુંકાવાવ-વડિયા તાલુકાના જુના બાદનપુરની પસંદગી થઈ છે. આ બંને ગામો ‘આદર્શ ગ્રામ’ બની શકે તેવા હેતુથી ગેપ ફિલીંગ હેઠળ વિવિધ કામગીરી અને ગ્રામ વિકાસ યોજના અંગે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા અનુસરણ સમિતિના સભ્ય સચિવ અને અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામકે યોજના અંતર્ગત ગ્રામ વિકાસનો પ્લાન જિલ્લા કલેક્ટર સમક્ષ પ્રસ્તુત કર્યો હતો. પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાના નવા ગામ તરીકે જિલ્લાના આ બંને ગામમાં માળખાકિય સુવિધાઓ, સામાજિક આર્થિક સુધારા માટેના પગલા લેવામાં આવશે,જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ પાયારૂપ બનશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે બંને ગામના ગ્રામ વિકાસ માટે ભૂગર્ભ ગટર, મધ્યાહન ભોજન યોજના માટે શાળામાં શેડ, સ્મશાન, સોલાર રૂફ ટોપ, સ્ટ્રીટલાઇટ સહિતના કામોને પ્રાધાન્ય આપવાની સૂચના આપી હતી. આ ઉપરાંત ગામમાં પ્રત્યેક વ્યક્તિના જનધન ખાતા હોય તે સુનિશ્ચિત કરવા માટે લીડ બેંક મેનેજરને સૂચના આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# કચ્છમાં અપમૃત્યુના જુદા-જુદા બનાવોમાં છ જણનાં અકાળ મૃત્યુથી ગમગીની

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં અપમૃત્યુના બનાવો બનવાનો વણથંભ્યો સિલસિલો જારી રહેતો હોય તેમ એક કિશોરી સહિત છ લોકોના મોત નિપજ્યા હતા.

ભચાઉ તાલુકાના શિકરા ગામમાં અને અંજારના વરસામેડી ખાતે ઝેરી પદાર્થ પી લઈને ૧૭ વર્ષીય સોનલ તમાશી ઠાકોર નામની કિશોરીએ તેમ જ મહેન્દ્ર નામના ૪૫ વર્ષીય આધેડે આત્મહત્યા કરી લીધી હતી, ભચાઉ તાલુકાનાં લલિયાણામાં ૨૨ વર્ષીય હરિ નાગજી રબારીએ ગળેફાંસો ખાઈને આયખું ટૂંકાવ્યું હતું, તો બીજી તરફ ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ ઉપર અજાણ્યાં વાહનની ટક્કરથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત શ્યામલાલ ભોલારામ હંસકર (ઉં.વ.૫૮)એ દમ તોડી દીધો હતો, આ ઉપરાંત ભુજ તાલુકાના લેર પાસે અજાણ્યાં વાહને માધાપરના ૫૮ વર્ષીય ભરતભાઇ ખીમજીભાઇ ચાવડાને અડફેટે લેતાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું, બંદરીય મુંદરા ખાતેની નદીમાંથી ૩૧ વર્ષના મૂળ બિહારના સોનુકુમાર રામાશંકર રામનો મૃતદેહ મળી આવતાં ચકચાર પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, શિકરા ગામના વાડી વિસ્તારમાં રહેતી સોનલે બુધવારની સાંજના અરસામાં અગમ્ય કારણોસર પોતાનાં ઘરે જંતુ મારવાની દવા ગટગટાવી લેતાં તેણીને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. અહીં ચાલુ સારવાર દરમ્યાન સોનલે છેલ્લા શ્વાસ લીધા હતા. પોલીસે તપાસ શરૂ કરી હતી. બીજો આપઘાતનો કિસ્સો વરસામેડી ગામમાં બહાર આવ્યો હતો જેમાં અત્રેની વેલસ્પન કંપનીની વસાહતમાં બહાર આવ્યો હતો, જેમાં અહીં રહેનાર મહેન્દ્ર નામના આધેડે ગત બીજી ફેબ્રુઆરીના બપોરના અરસામાં ઝેરી પદાર્થ પી લેતાં ભુજની જી.કે જનરલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. પોલીસે અકસ્માત નોંધના આધારે વધુ તપાસ આરંભી હતી.

વધુ એક અપમૃત્યુનો બનાવ ભચાઉ તાલુકાનાં લલિયાણામાં બન્યો હતો જેમાં રબારી વાસમાં રહેતા અને છાડવાડ સોલર કંપનીમાં કામ કરતા હરિ નામના યુવાને આંબલિયારા માર્ગ પર આવેલાં એક ખેતરમાં જઈને કોઈ અકળ કારણે લીમડાની ડાળીમાં લુંગી વડે ગળેફાંસો ખાઈને મોતનો માર્ગ અપનાવી લીધો હતો. યુવાને શા માટે અંતિમ પગલું ભર્યું તે જાણવા પોલીસે અકસ્માત નોંધના આધારે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર ગત તા.૩૧-૧ના રાત્રે બન્યો હતો જેમાં ગળપાદર ખાતેના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા શ્યામલાલ હંસકર નામના આધેડ મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી અજાણ્યાં વાહને તેમને હડફેટમાં લેતાં તેમને ગંભીર પ્રકારની ઈજા પહોંચતાં ઘટનાસ્થળે મોત થયું હતું. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ પ્રકારનો વધુ એક હિટ એન્ડ રનનો બનાવ ભુજના લેર ગામ પાસે બન્યો હતો જેમાં માધાપરની ગ્રીનસીટીમાં રહેતા ભરતભાઈ ચાવડા ગત રાત્રે ૯:૩૦ વાગ્યાના અરસામાં ચકાર-કોટડા માર્ગ પર મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા ત્યારે કોઇ અજ્ઞાત વાહને તેમને અડફેટે લેતાં તેમનું ગંભીર ઇજાઓને પગલે મોત થયું હતું. પોલીસે ફરાર થઇ ગયેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.દરમ્યાન, બંદરીય મુંદરા ખાતે એક વહેતી નદીમાં સોનુકુમાર રામાશંકર રામ (રહે. ધ્રબ, મૂળ બિહાર)ના મૃતદેહને ભુજની ફાયર ટુકડીએ બહાર કાઢ્યો હતો.

મૃતક નદીમાં માછીમારી કરવા જતાં કોઇ કારણોસર ડૂબી જતાં તેનું મૃત્યુ થયું હોવાનું તેની પત્નીએ મુંદરા પોલીસ મથક સમક્ષ જણાવ્યું હતું. ■

# ચકચારી બગદાણા પ્રકરણમાં ભાવનગર જેલમાં જયરાજ ને વીવીઆઈપી સુવિધા મળતી હોવાની રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બહુચર્ચિત બગદાણા પ્રકરણમાં ભાવનગર પોલીસ બાદ હવે જેલ પોલીસ પણ શંકા ના ઘેરાવવામાં આવી હતી. નવનીત બાલધીયાએ જિલ્લા જેલમાં બંધ જયરાજ આહીરને વૈભવી સુવિધા મળતી હોવાનો આક્ષેપ કરી ડીજીપીને રજૂઆત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

બગદાણાના ચકચારી હુમલા કેસમાં ભાવનગર જિલ્લા જેલમાં બંધ જયરાજ માયાભાઈ ભમ્મર ને જેલ પ્રશાસન દ્વારા નિયમો વિરુદ્ધ વીવીઆઈપી સુવિધા આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે નવનીત બાલધિયાએ તપાસની માગ કરી હતી. આ સાથે નવનીત બાલધિયાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા જણાવ્યું કે, કાયદો બધા માટે સમાન હોવો જોઈએ, જેલ એ સજા ભોગવવાનું સ્થળ છે.

મળતી માહિતી મુજબ, મુખ્ય આરોપી જયરાજ માયાભાઈ ભમ્મર સહિતના અન્ય શખસોને જેલમાં સામાન્ય કેદીઓ કરતા અલગ અને વૈભવી સુવિધાઓ આપવામાં આવી રહી છે.

જેલના નિયમ મુજબ જે ખોરાક બહારથી ન મળી શકે તે આ આરોપીઓ માટે ખાસ વ્યવસ્થા દ્વારા પહોંચાડવામાં આવે છે. સૌથી ચોંકાવનારો આક્ષેપ એ છે કે, સાંજે ૬ વાગ્યા પછી પણ આરોપીઓ માટે ભોજનની વ્યવસ્થા થાય છે .

આ અંગે નવનીત ભાઈ બાલધીયાએ ડીજીપી ને રજૂઆત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. ■

# મુંદરાના ધ્રબ ગામમાં ભંગારના વાડામાં લાગેલી ભીષણ આગ, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ધ્રબ ગામના હિંદ ટર્મિનલ નજીક આવેલા એક ભંગારના વાડામાં ગત મોડી રાત્રે ભયાનક આગ ભભૂકી ઊઠતાં વિસ્તારમાં ભય ફેલાયો હતો.

વિકરાળ આગ પર ત્વરિત કાબૂ મેળવવા માટે અદાણી પોર્ટ એન્ડ સેઝના ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સતત ત્રણ કલાકની ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી બેકાબૂ બનતી જતી અગનજ્વાળાઓ પર માંડ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાડામાં રહેલો લાખો રૂપિયાનો ભંગાર બળીને રાખ થઈ ગયો હતો. આ આગનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હતું અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨૪મી જાન્યુઆરીના રોજ મુંદરાના ટુંડા અને ભાડિયા વચ્ચે આવેલા એક ભંગારના વાડામાં આગ લાગવાની ઘટના બની હતી. ઔદ્યોગિક હબ સમાન મુંદરા પંથકમાં ગણતરીના દિવસોમાં આગની આ બીજી ઘટના બનતા સંકુલની સુરક્ષા- વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થઇ રહ્યા છે. ■

# ભુજના વવાર ગામમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈઃ ૬૨ હજારનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છમાં મહાભૂકંપ બાદ થઇ રહેલા વિકાસના પગલે પરપ્રાંતીય શ્રમિકોની સંખ્યામાં થઇ રહેલા ઈજાફા વચ્ચે આરોગ્ય માટે હાનિકારક દેશી દારૂનું દૂષણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે. તાજેતરમાં મુંદરાના નવીનાળ-શિરાચા વચ્ચે સ્થિત એક વાડીમાં ચાલતા અડ્ડા પરથી ૩૨૦ લીટર દેશી દારૂ ઝડપાયો એ ઘટનાની હજુ શાહી સુકાઈ નથી તેવામાં ભુજ તાલુકાના વવાર ગામ ખાતેની એક વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર સ્થાનિક પોલીસે દરોડા પાડીને ૬૨ હજારનો મુદ્દામાલ અંકે કર્યો હતો. આ કાર્યવાહી અંગે પ્રાગપર પોલીસ મથકના પીઆઈ સંદીપસિંહ ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પાલુ રામ ગઢવી (રહે. વવાર)ની વાડીના સેઢા પાસે દેશીદારૂની ભઠ્ઠી ચલાવી રહ્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના પગલે દરોડા પાડતાં ત્યાંથી દેશી દારૂ બનાવવાનો આથો આશરે ૨૦૦૦ લિટર રૂ.૫૦,૦૦૦ તથા ૬૦ લિટર દેશી દારૂ કિં. રૂ. ૧૨,૦૦૦ સાથે કુલ રૂ.૬૨,૦૦૦નો મુદ્દામાલ ઝડપી લેવાયો હતો. દરોડા સમયે હાજર ન મળી આવેલા પાલુ રામ ગઢવીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા હોવાનું પી.આઈ. ચુડાસમાએ ઉમેર્યું હતું. ■

# જંગલેશ્વરના અસરગ્રસ્તોને વૈકલ્પિક જગ્યા આપવી અશક્યઃ રાજકોટ કલેક્ટર

અમદાવાદઃ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર થયેલા દબાણના મુદ્દે જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશ દ્વારા વહીવટી તંત્રનું વલણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે, હાઈ કોર્ટે આપેલા નિર્દેશોનું પાલન કરવામાં આવશે, પરંતુ દબાણ કર્તાઓને વૈકલ્પિક જગ્યા આપવાની કોઈ શક્યતા નથી.

કલેક્ટરે આ અંગે સ્પષ્ટતા કરી હતી કે, સરકારી જમીન પર દબાણ કરનાર દરેક વ્યક્તિને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવી શક્ય નથી અને કાયદામાં પણ આવી કોઈ જોગવાઈ નથી. તેમણે કહ્યું હતું કે હાઈ કોર્ટ દ્વારા વહીવટી તંત્રને કોઈ સીધી સૂચના આપવામાં આવી નથી. હાઈ કોર્ટે અસરગ્રસ્તોને રાહત આપતા ‘ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલ’માં અપીલ કરવા માટે સમયમર્યાદા આપી છે. ■

# ભચાઉના જડસા નજીક ૫૧ ઇંચની દેશી બંદૂક સાથે શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નાપાક દેશને અડીને આવેલા રણપ્રદેશ કચ્છના સીમાવર્તી ગામોમાં નાપાક પ્રવૃતિઓ ઉપરાંત વન્યપ્રાણીઓની શિકારી પ્રવૃત્તિ સતત વધી રહી છે અને અવારનવાર કચ્છના સંવેદનશીલ વિસ્તારોમાંથી મારક હથિયારો પકડાતાં રહે છે એ વચ્ચે ભચાઉ તાલુકાના જડસા નજીક લોડેડ દેશી બંદૂક સાથે પોલીસે એક શખ્સની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, કંથકોટથી જડસા તરફ જતા માર્ગ પર પસાર થઇ રહેલા શખ્સ પાસે ગેરકાયેદેસર રીતે બંદૂક હોવા અંગેની પૂર્વ બાતમીના આધારે પોલીસે રૂ.૫૦૦૦ની ૫૧ ઇંચની દેશી બંદુક સાથે ભરત નારણ કોળીને અટકમાં લઈને આગળની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનને અડીને આવેલા કચ્છમાં અને ખાસ કરીને અબડાસા, લખપત, રાપર જેવા સરહદી વિસ્તારોમાં મારક હથિયારો આવે ક્યાંથી છે એ જાણવા સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરવી જોઈએ તેવો સુર જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. ■

# સુરેન્દ્રનગરમાં પ્રેમી જોડાએ જીવન ટૂંકાવ્યું

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના બામણવા ગામમાં પ્રેમીયુગલે સજોડે આપઘાત કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળે જઈ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાર્યવાહી કરી હતી. મળતી વિગતો અનુસાર મૃતકોની ઓળખ કૃણાલ રમેશભાઈ ઠાકોર (ઉં.વ.૨૧) અને જાનકી સતીષભાઈ ઠાકોર (ઉં.વ.૧૯) તરીકે થઈ હતી.

બન્ને જણ એક જ સમાજના હતા અને કૌટુંબિક સગા થતા હોવાથી તેમના વચ્ચે લગ્ન શક્ય ન હતા. આ પ્રેમસંબંધને સમાજ સ્વીકારશે નહીં અને ભવિષ્યમાં સાથે રહી શકાશે નહીં તેમ વિચારી તેમણે આ માર્ગ અપનાવ્યો હોવાનું પ્રાથમિક તપાસ બાદ બહાર આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.■